આજનો સુવિચાર

ઉદાસ થવું એ ખોટી વાત નથી, પણ એક જ વાત પર વારંવાર ઉદાસ થવું એ સારી વાત નથી!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૯ અંક : ૫૭ જૂનાગઢ તા.૧૪-૦૨-૨૦૨૫ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 49 Volume : 57, Junagadh : Date : 14 February, 2025, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

### આજે મહાકુંભમાં ફરી ટ્રાફિકજામ

પ્રયાગરાજ તા.૧૪

આજે શુક્રવારે મહાકુંભમાં ફરી ભક્તોની ભીડ વધી રહી છે. સવારે ૧૦ વાગ્યા સુધીમાં ૪૦ લાખ લોકોએ સ્નાન કર્યું છે. ૩ દિવસ પછી, પ્રયાગરાજના રસ્તાઓ પર ફરી જામ સર્જાયો છે. સુલેમસરાય વિસ્તારમાં ૧ કિમી સુધી વાહનોની લાઈન લાગી ગઈ છે. સવારે નૈની બ્રિજ પર ૧.૫ કિમી લાંબો ટ્રાફિક જામ હતો. સંગમ વિસ્તારમાં વધતી ભીડને કારણે લોકોને ઘણા બેરિયર પર રોકવામાં આવ્યા છે. પોલીસ સતત જાહેરાત કરી રહી છે કે ભક્તોએ સંગમ વિસ્તાર ખાલી થાય ત્યાં સુધી રાહ જોવી જોઈએ.

### ૨૦૫૦ સુધીમાં ગંગા સુકાઈ જવાની ભીતી યુએન રીપોર્ટ

લખનઉ તા.૧૪

પ્રયાગરાજમાં ગંગા-યમુનાના સંગમ પર મહાકુંભ મેળો ચાલી રહ્યો છે. અત્યાર સુધીમાં ૪૬ કરોડથી વધુ શ્રદ્ધાળુઓએ સ્નાન કર્યું છે, પરંતુ આ દરમિયાન એક સવાલ એ પણ ઉભો થઈ રહ્યો છે કે શું ૨૦૫૦ સુધીમાં ગંગા સુકાઈ જશે? આ સવાલ એટલા માટે પૂછવામાં આવી રહ્યા છે કારણ કે સંયુક્ત રાષ્ટ્રનો તાજેતરનો અહેવાલ આ તરફ ઈશારો કરી રહ્યો છે. યુનોના અહેવાલમાં જણાવાયું છે કે, હિમાલય સહિત વિશ્વભરમાં ૧૦ ચોરસ કિલોમીટર વિસ્તારમાં ફેલાયેલા ગ્લેશિયર આગામી ૨૫ વર્ષમાં સુકાઈ જશે. તે જ સમયે ૧૦૦ ચોરસ કિલોમીટર વિસ્તારમાં ફેલાયેલા ગ્લેશિયર્સ આગામી ૭૫ વર્ષોમાં સુકાઈ જશે. જેથી ગંગા નદી પણ સુકાઈ જવાનું અહેવાલમાં જણાવાયું છે.

### રાજકોટમાં એક જ રાતમાં અપમૃત્યુંની ૧૭ ઘટનાઓ

રાજકોટ તા. ૧૪:

શહેરમાં શુક્રવાર કાળો કલ્પાંત કરાવતો સાબિત થયો હતો. રાજકોટમાં એક જ રાતમાં ૧૭ લોકોના અલગ અલગ કારણોસર મૃત્યુ થતાં પીડીયુ સિવિલ હોસ્પિટલના પોસ્ટમોર્ટમ રૂમ ખાતે મૃતદેહના ઢગલા થયા હતાં. રાતભર તબિબ અને તેમની ટીમને પોસ્ટમોર્ટમ કરવા પડયા હતાં. મૃતકોના પરિવારજનોમાં કાળો કલ્પાંત સર્જાયો હતો. અલગ અલગ ઘટનામાં કોઈએ આપઘાત કર્યો હતો તો કોઈનું વાહન અકસ્માતમાં મૃત્યુ થયું હતું. કેટલાકના હૃદય બેસી જવાથી જીવ ગયા હતાં, તો કોઈને બિમારી ભરખી ગઈ હતી. એક મહિલાનું પ્રસુતિની પીડા ઉપડયા બાદ મૃત્યુ થયું હતું. હાર્ટએટેકની ૬ જેટલી ઘટનામાં એક મહિલાનો પણ સમાવેશ થયો હતો. આ તમામ મૃતકોના પરિવારજનો પોસ્ટમોર્ટમ રૂમ ખાતે શોકમાં ગરક થઈ ગયા હતાં.

દ્વિપક્ષીય મંત્રણા બાદ મોદી ભારત આવવા રવાના

# ટ્રમ્પે મોદીને ‘ટફ’ વાટાઘાટકાર ગણાવ્યા



વોશીંગ્ટન, તા.૧૪: વડાપ્રધાન મોદી પોતાનો અમેરિકા પ્રવાસ પૂર્ણ કરીને દિલ્હી જવા રવાના થઈ ગયા છે. પીએમ મોદી ગુરુવારે રાત્રે ૩ વાગ્યે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને મળવા માટે વ્હાઈટ હાઉસ પહોંચ્યા હતા. બંને નેતાઓ લગભગ અઢી કલાક સુધી સાથે રહ્યા. આ સમયગાળા દરમિયાન, બંને વચ્ચે દ્વિપક્ષીય વાટાઘાટો થઈ. ટ્રમ્પ-મોદીએ બે વાર મીડિયા સાથે વાત કરી.ગુરુવારે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વડા પ્રધાન મોદીની પ્રશંસા કરી. તેમણે કહ્યું કે વડા પ્રધાન મોદી તેમના કરતા ઘણા કઠોર વાટાઘાટકાર છે. તેમની સાથે કોઈ સ્પર્ધા નથી. જ્યારે વાટાઘાટો અને કરારોની વાત આવે છે, ત્યારે ટ્રમ્પે મોદીને પોતાના કરતા ઘણા વધુ કઠોર અને સારા ગણાવ્યા. પીએમ મોદી સાથે સંયુક્ત પત્રકાર પરિષદ દરમિયાન, જ્યારે ટ્રમ્પને પૂછવામાં આવ્યું કે આજે તેમનામાંથી કોણ વધુ સારી રીતે સોદો કરી શકે છે, ત્યારે ટ્રમ્પે કહ્યું, ‘પીએમ નરેન્દ્ર મોદી મારા કરતા ઘણા કઠોર વાટાઘાટકાર છે અને તેઓ મારા કરતા ઘણા સારા વાટાઘાટકાર છે.’ કોઈ જ સ્પર્ધા નથી.

ટ્રમ્પે ટેરિફ મુદ્દે મોદીની પ્રશંસા કરી અને તેમને એક કઠોર વાટાઘાટકાર ગણાવ્યા. તેમણે કહ્યું કે પીએમ મોદી તેમના સારા મિત્ર છે અને તેઓ સારું કામ કરી રહયા છે. તે મારા કરતાં વધુ સારા વાટાઘાટકાર છે.વ્હાઈટ હાઉસ ખાતે દ્વિપક્ષીય વાટાઘાટો પછી વડા પ્રધાન મોદી અને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધન કર્યું હતું. જ્યાં તેમણે બંને દેશો વચ્ચે થયેલા મહત્વપૂર્ણ કરારો વિશે માહિતી આપી હતી અને પત્રકારોના ઘણા પ્રશ્નોના જવાબ આપ્યા હતા. પીએમએ કહયું કે ૨૦૩૦ સુધીમાં આપણે ભારત-અમેરિકા વેપાર બમણો કરીશું.

## ટ્રમ્પની ટેરિફ્વોરથી શેરબજારમાં ગભરાટ સેન્સેકસમાં ૬૦૦ પોઈન્ટનું ગાબડુ


ટ્રમ્પે ભારતને સૌથી વધુ ટેરિફ લગાવનાર દેશ ગણાવ્યો

મુંબઈ તા.૧૪

ટ્રમ્પે ભારતને સૌથી વધુ ટેરિફ લગાવનાર દેશ ગણાવવાની સાથે જેવા સાથે તેવાની નીતિ અપનાવતા ભારત સહિત વિશ્વના દેશો પર ટેરિફ લાદવાની કરેલી જાહેરાતથી વિશ્વભરમાં સન્નાટો મચી ગયો છે. કારણકે, ટ્રમ્પના આ નિર્ણયથી દેશોના અમેરીકા સાથેના વેપાર અને આર્થિક સ્થિતિ ડામાડોળ થઈ શકે છે. તેની અસર ભારતીય શેરબજારમાં પણ દેખાઈ રહી છે. ગત રાત્રે ટ્રમ્પે ટેરિફ લાદવાની જાહેરાત કરી હતી. જેના પગલે આજે મુંબઈ શેરબજારમાં ગભરાટનું વાતાવરણ ફેલાઈ ગયું છે અને સેન્સેકસમાં ૬૦૦ પોઈન્ટનું ગાબડું પડયું છે.

વડાપ્રધાન મોદીની હાજરીમાં ટ્રમ્પે જાહેરાત કરી

## મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ તહવ્વુર રાણાનું ભારતને પ્રત્યાર્પણ કરાશે



વોસિંગ્ટન, તા.૧૪: અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ૨૬/૧૧ મુંબઈ આતંકવાદી હુમલાના દોષી તહવ્વુર રાણાના ભારત પ્રત્યાર્પણને મંજૂરી આપી દીધી છે. તેમણે કહ્યું કે તેમને ન્યાયનો સામનો કરવો પડશે. ગત મહિને, યુએસ સુપ્રીમ કોર્ટે તહવ્વુર રાણાના ભારત પ્રત્યાર્પણને મંજૂરી આપી હતી. કોર્ટે આ કેસમાં તેમની સજા સામેની તેમની સમીક્ષા અરજી ફગાવી દીધી હતી.

પાકિસ્તાની મૂળના કેનેડિયન ઉદ્યોગપતિ તહવ્વુર રાણા પર ભારતમાં ૨૦૦૮ના મુંબઈ આતંકવાદી હુમલામાં મુખ્ય ભૂમિકા ભજવવાનો આરોપ હતો અને તેને દોષિત ઠેરવવામાં આવ્યો છે.

મુંબઈ પોલીસે ૨૬/૧૧ના આતંકવાદી હુમલાના સંદર્ભમાં તહવ્વુર રાણાનું નામ તેની ચાર્જશીટમાં સામેલ કર્યું હતું. તેના પર પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી ઈન્ટર-સર્વિસિસ ઈન્ટેલિજન્સ (ISI) અને આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબાના સક્રિય સભ્ય તરીકે કામ કરવાનો આરોપ છે. ચાર્જશીટમાં, રાણા પર ૨૬/૧૧ આતંકવાદી હુમલાના માસ્ટરમાઈન્ડ ડેવિડ કોલમેન હેડલીને મદદ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. તહવ્વુર રાણાએ જ મુંબઈમાં જ્યાં હુમલા થવાના હતા તે સ્થળોની રેકી કરી હતી અને એક બ્લુપ્રિન્ટ તૈયાર કરીને પાકિસ્તાની આતંકવાદીઓને સોંપી દીધી હતી.

## ભારત ફકત એવા જ ગેરકાયદે ઈમિગ્રન્ટસને પાછા લેશે જેઓ પ્રમાણિત ભારતીય છે : મોદી

વોશિંગ્ટન, તા.૧૪: વડાપ્રધાન મોદી તેમની યુએસ મુલાકાત માટે રાજધાની વોશિંગ્ટન ડીસીમાં છે. વ્હાઈટ હાઉસ ખાતે તેમણે અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે મુલાકાત કરી હતી અને ઘણા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. આતંકવાદ સામે કડક કાર્યવાહી કરવા વેપાર સંબંધોને મજબૂત બનાવવા અને ગેરકાયદે ઈમિગ્રન્ટ્સ પર સ્પષ્ટ નીતિ અપનાવવા અંગે ભારતે પોતાના સ્પષ્ટ અભિપ્રાય વ્યક્ત કર્યો હતો.

અમેરિકાથી ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સની ભારત વાપસીના સવાલ પર પીએમ મોદીએ જણાવ્યું હતું કે જે લોકો ગેરકાયદેસર રીતે કોઈ પણ દેશમાં પ્રવેશ કરે છે તેમને ત્યાં રહેવાનો કાયદેસર રીતે કોઈ અધિકાર નથી. જ્યાં સુધી ભારત અને અમેરિકાનો સવાલ છે તો ભારત ફક્ત એવા જ ગેરકાયદે ઈમિગ્રન્ટ્સને પાછા લેશે જેઓ પ્રમાણિત ભારતીય છે. આ ઉપરાંત માનવ તસ્કરી સામે પણ કડક પગલાં લેવા પડશે એમ તેમણે જણાવ્યું હતું. દરમ્યાનમાં અમેરીકાથી વધુ એક વિમાન ગેરકાનૂની ભારતીય નાગરીકોને લઈને ભારત પરત મોકલવાની તૈયારીઓ થઈ ગઈ છે.

## નિરસ વાતાવરણ વચ્ચે રવિવારે સ્થાનિક સ્વરાજયની ચૂંટણી : સ્ટાર પ્રચારકો ડોકાયા જ નહીં

રાજકોટ તા.૧૪: ગુજરાતમાં ‘મીની ધારાસભા’ તરીકે ઓળખાતી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચુંટણીના એક મહત્વના રાઉન્ડમાં જૂનાગઢ મહાપાલિકા ઉપરાંત ૬૮ નગરપાલિકા, ૩ તાલુકા પંચાયત અને મહાપાલિકાની જીલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોની ખાલી પડેલી બેઠકો પર યોજાયેલી પેટાચૂંટણીઓમાં આજે જાહેર પ્રચારના પડઘા શાંત થયા બાદ રવિવારના મતદાન બાદ તા.૧૮ના પરિણામોમાં ભાગ્યે જ કોઈ આશ્ચર્યજનક લોકચૂકાદો આવે તેવી ધારણા છે. વાસ્તવમાં સમગ્ર ચૂંટણી જે દેશની લોકશાહી માટે પાયાનું કામ કરતી સ્થાનિક ચુંટણીઓ છે તેમાં ભાગ્યે જ ‘લોકશાહી’ જેવી કોઈ સ્થિતિ જોવા મળી તો લોકોમાં પણ આ ચુંટણીમાં ભાગ્યે જ કોઈ ઉત્સાહ જોવા મળ્યો અને પરિણામો પણ અપેક્ષિત હશે તેવા સંકેત છે. રાજયમાં પ્રથમ વખત સ્થાનિક સ્વરાજયની સંસ્થામાં ૨૭ ટકા ઓબીસી અનામતના અમલ સાથે આ ચુંટણીઓ યોજાઈ છે પણ ઓબીસી કાર્ડની કોઈ કસોટી જેવી સ્થિતિ બની નથી.

મુખ્ય જંગ ભાજપ અને કોંગ્રેસ વચ્ચે હતો અને પ્રજાને સીધા સ્પર્શતા તેના ઘરની આસપાસના પ્રશ્નો સાથેની આ ચૂંટણીમાં પ્રજાના પ્રશ્નોના બદલે ભાજપના લેટરકાંડથી લઈને મેન્ડેટ કાંડ અને પક્ષાંતર-ઉમેદવારી પાછી ખેચવા જેવા મુદાઓ જ છેક છેલ્લે સુધી હાવી થતા જોવા મળ્યા હતા. સૌથી મહત્વનું આ ચુંટણીમાં ગુજરાત ભાજપનું ટોચનું નેતૃત્વને જીતનો વિશ્વાસ પ્રથમ દિવસથી જ હોય તેવા સંકેત આપી રહ્યા છે.

## ચાઈનીઝ ગેંગ સાથે મળીને સાયબર ફ્રોડ કરતી ટોળકીના ૧૧ સભ્યોને અમદાવાદ પોલીસે ઝડપી લીધા



અમદાવાદ તા.૧૪

અમદાવાદ સાયબર ક્રાઈમ દ્વારા સાઈબર ફ્રોડ કરતી એક ગેંગના ૧૧ સભ્યોને પકડી પાડવામાં આવ્યા છે. આ ગેંગના સભ્યો રાજસ્થાનથી અમદાવાદ આવતા હતા. અમદાવાદમાં આવી તેમના આધાર કાર્ડમાં એડ્રેસ ચેન્જ કરાવી અલગ અલગ બેન્કમાં એકાઉન્ટ ખોલાવતા હતા. આવી રીતે ૨૬ બેંકમાં ખાતા ખોલાવ્યા હોવાનું સામે આવ્યું છે. આ એકાઉન્ટ સાઈબર ફ્રોડમાં ઉપયોગ કરવા માટે ચાઈનીઝ ગેંગને આપવામાં આવતા હોવાનો પણ ખુલાસો થયો છે. આ ગેંગ પાસેથી પોલીસને મોટા પ્રમાણમાં એટીએમ કાર્ડ, ચેક બુક સહિતની વસ્તુઓ મળી આવી છે. આ ઉપરાંત સ્વદેશી બનાવટની બંદૂક અને કારતૂસ પણ મળી આવ્યા છે.

આરોપીઓ અમદાવાદના સરનામા પર અમદાવાદ અને મહારાષ્ટ્રના અલગ અલગ બેંકમાં બેન્ક એકાઉન્ટ ખોલાવતા હતા. જે બેન્ક એકાઉન્ટ સાઈબર ફ્રોડમા વાપરવામાં આવતા હતા. તેમજ આ બેન્ક એકાઉન્ટને ચાઈનીઝ ગેંગને ભાડે આપવામાં આવતા હતા. સાયબર ક્રાઈમની ટીમને માહિતી મળતા ચાંદખેડા વિસ્તારમાં આવેલી પાર્શ્વ રેસિડેન્સીમાં દરોડો પાડયો હતો. આ મકાનમાં પોલીસે મુખ્ય આરોપી સુરેશ બિશનોઈ સહિત અન્ય આરોપીઓ મળી આવ્યા હતા. ઉપરોક્ત મકાનમાં તપાસ કરતા ત્યાંથી ૧૨ મોબાઈલ, ૧૦ ડુપ્લીકેટ આધાર કાર્ડ અને ૧૦ ઓરીજીનલ આધારકાર્ડ, ૧૨ પાનકાર્ડ, ૨૧ ચેકબુક, ૧૦ પાસબુક, ૧૫ સીમકાર્ડ તેમજ ૪૩ એટીએમ, ૧ ભાડાકરાર પણ મળી આવ્યા હતા. આરોપી રાકેશ બિશનોઈ પાસેથી એક પિસ્તોલ અને સાત જીવતા કારતૂસ પણ મળી આવ્યા હતા.

## માનવતા મહેકે છે : ગુજરાતીઓએ ૨૦ મહિનાના મુસ્લીમ બાળકની સારવાર માટે કરોડો રૂપિયા એકત્ર કર્યા

અમદાવાદ તા.૧૪

ગુજરાતીઓએ ફરી વાર માનવતાના દર્શન કરાવ્યા છે. ૪ વર્ષ પહેલાં ગોધરાના ધૈર્યરાજસિંહ રાઠોડને બચાવવા આખું ગુજરાત પોતાનો દીકરો હોય એ રીતે ૧૬ કરોડ રૂપિયાનો ફાળો એકઠો કરવા રસ્તા પર ઉતરી આવ્યું હતું. હવે હિંમતનગરના મુસ્લિમ પરિવારનો ૨૦ મહિનાનો બાળક દુર્લભ બીમારી SMAનો શિકાર બન્યો હતો. મુસીબતની આ ઘડીમાં લોકોએ દિલ ખોલીને ફાળો આપ્યો છે. બાળકનો જીવ બચાવવા માટે અમેરિકાથી કોલ્ડ ચેઈન બનાવીને ૭૨ કલાકમાં ઈન્જેક્શન મંગાવવામાં આવ્યું હતું. જેને અમદાવાદની હોસ્પિટલમાં ગઈકાલે ૧૩મી ફેબ્રુઆરીના રોજ સફળતાપૂર્વક આ ઈન્જેકશન આપવામાં આવ્યું હતું. હાલ બાળકની તબિયત સુધારા પર છે. SMA રોગથી પીડિત કોઈ બાળકને ગુજરાતમાં ઈન્જેક્શન અપાયું હોય તેવી આ પહેલી ઘટના છે.

### ગુજરાતમાં સૌ પ્રથમવાર રૂા.૧૬ કરોડનું ઈન્જેકશન અપાયું : અમેરીકાથી કોલ્ડચેઈન બનાવી ૭૨ કલાકમાં ઈન્જેકશન અમદાવાદ પહોંચાડાયું : બાળકની તબીયત સુધારા પર

SMA રોગનો શિકાર બન્યું તે બાળકની ઉંમર ૨૦ મહિનાની છે અને તે હિંમતનગરમાં રહે છે. બાળકનો જન્મ થયો ત્યારે શરૂઆતમાં તો પરિવારને આ ગંભીર બીમારી વિશે કંઈ ખ્યાલ ન આવ્યો પણ દોઢ મહિના બાદ થોડો અણસાર આવ્યો. જેના પછી ડૉક્ટરને બતાવી રિપોર્ટ કરાવ્યા ત્યારે SMA બીમારી હોવાનું નિદાન થયું. જેના કારણે પરિવાર પર આભ તૂટી પડ્યું. પરિવારની આર્થિક સ્થિતિ સામાન્ય હતી એટલે બાળકને બચાવવા માટે ક્રાઉડ ફન્ડિંગનો આશરો લેવો પડ્યો અને થોડા જ મહિનાઓના સમયગાળામાં કરોડો રૂપિયા એકઠા થઈ ગયા.

બાળકના પરિવારજન આબીદઅલી પટેલે કહ્યું કે, બાળકના જન્મના દોઢેક માસ બાદ તેના શરીરના અંગોની હલચલ ઓછી થતી હતી તેવું અમને લાગ્યું એટલે અમે ડૉક્ટરને બતાવીને રિપોર્ટ કરાવ્યા. જેમાંથી અમને ખ્યાલ આવ્યો કે તેને SMA ટાઈપ-૧ની બીમારી છે. જેના પછી અમે અહીં તેની સારવાર શરૂ કરાવી હતી.

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
MI-GL
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

સંપૂર્ણ આયુર્વેદિક સારવાર
પૃથ્વીરાજ હોસ્પિટલ
આયુર્વેદ - પંચકર્મ
● તમામ પ્રકારનાં રોગો
● સાંધાનો દુઃખાવો
● સાયટીકા
● ચેતાતંત્રના રોગો
● માનસિક રોગો
● પક્ષઘાત
● માઈગ્રેન (આધાશીશી)
● અનિંદ્રા



ડો. મહિપતસિંહ ડોડીયા
એમ.ડી. (આયુ.)
જૂનાગઢ : ૧૦૭/૧૦૮ પહેલો માળ, ક્રિસ્ટલ-બી કોમ્પ્લેક્ષ, મધુરમ, જૂનાગઢ. મો. ૯૭૨૬૬ ૧૨૧૧૦
: મુ. ગડુ - શેરબાગ :
ખોરાસા રોડ, મેઘલપુલની બાજુમાં, મુ. ગડુ, તા. માળીયા (હાટીના) મો. ૮૨૦૦૪ ૮૫૯૦૮

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
(પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે )
અન્યો માટે રાહતદરે સારવાર
હરિ-કલા
યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેક્ટલ સર્જન




ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ૧૦૦% સારૂ થવાની ગેરેંટી
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪, મો. ૯૨૬૫૦ ૬૪૬૭૪, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪



# શું પ્રથમ પ્રસિદ્ધ થયેલ ઇન્કમટેક્સ કાયદો જે ગુજરાતી ભાષામાં હતો તે કાયદો હવે ગુજરાતી પ્રધાનમંત્રીની સહમતીથી ઇન્કમટેક્સ કોડમાં તબદીલ થઈ નવું સ્વરૂપ લેશે ??!!








## દેશમાં વન નેશન વન ટેક્ષની વાતો વચ્ચે રજુ થયો નવો ઈન્કમટેક્સ કોડ ૨૦૨૫ ! શું નવો ઈન્કમટેક્સ કોડ ૨૦૨૫ કર ભરનારા (ટેક્ષ પેયર)ને મદદરૂપ થશે કે માથાના દુઃખાવા રૂપ


(સુરેશચંદ્ર ધોકાઈ દ્વારા)

ઓખા પોર્ટ તા.૧૪

ઈન્કમટેક્સ જેની શરૂઆત બ્રિટીશ સરકાર સામે થયેલા પહેલા આઝાદી માટેના આંદોલનના વર્ષ ૧૮૫૭ના લશ્કરી બળવાના પ્રત્યાઘાત સ્વરૂપે બ્રિટીશ શાશકો દ્વારા તેમના વાઈસરોય્ સર જેમ્સ વિલ્સન દ્વારા દેશમાં વર્ષ ૧૮૬૦થી અમલી બનાવી ઈન્કમટેક્સ વસૂલવાનું ચાલુ થયેલ. જેમાં સુધારા કરાતા કરાતા આઝાદી મલ્યાના ૧૪ વર્ષ બાદ ૧૯૬૧માં ઈન્ડીયન ઈન્કમટેક્સ એક્ટ લાગુ કરી તેને લોકસભામાં અંગ્રેજીના બદલે ગુજરાતી ભાષામાં પ્રસિધ્ધ કરાયેલ જેના કારણોમાં વિશ્વનું એક માત્ર શહેર માંચેસ્ટરનું નામ માનવની પ્રથમ જરૂરિયાત તેવા કાપડની મિલો માટે વિશ્વમાં ખ્યાતનામ ઓદ્યોગીક શહેર તરીકે હતું તેમ ગુજરાતનું અમદાવાદ શહેર પણ કાપડની મિલો માટે દેશમાં પ્રખ્યાત હોવા સાથે સાથે દેશના માનચેસ્ટર તરીકે ઓળખાતું અને જાણીતું હોય. કેન્દ્ર સરકાર દ્વારા દેશની આર્થિક આવકનો આ નવો કાયદો ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ કરાયેલ. દેશમાં આવક ઉપર કર એટલે કે ઈન્કમટેક્સ કે જે વિશ્વમાં ટેક્ષની વ્યાખ્યા મુજબ જયા કોઈપણ મહેનત કરવાના કારણે વસ્તુના સ્વરૂપમાં થયેલ ફેરફારના આધારે જ કર કે ટેક્ષ વસુલાય છે. તેવા સર્વ સામાન્ય સિદ્ધાંતના સ્થાને મહેનત કરી થયેલ આવક એટલે વ્યાપર,નોકરીનો પગાર અને મહેનત વગર એટલે કે મુડી ઉપર વ્યાજ, શેર ઉપર ડિવિડન્ડ, ગિફ્ટ, ભાડું, જેવી બન્ને પ્રકારની આવક પર કર એટલે કે ટેક્ષ વસુલ કરાય તેને ઈન્કમટેક્સ કહેવામાં આવે છે. લોકસભામાં નાણા મંત્રી સીતારમણ દ્વારા ગત તારીખ ૭-૨-૨૫ના કેન્દ્રીય મંત્રી મંડળ સમક્ષ રજુ કરાયેલ નવા ઈન્કમટેક્સ કોડ વર્ષ ૨૦૨૫માં ડિજિટલ કરન્સી લેવા દેવાના વ્યવહારોને વધુ પ્રાધન્ય આપવાના બદલે વધુ મોનીટરીંગ કરવા ઉપર ભાર મુકી નાના નાના અભણ વ્યાપારીઓને ઈન્કમટેક્સની જાળમાં સાપડાવી વિશ્વ સમક્ષ ટેક્સ પેયરમાં વધુ ઉમેરો કરવાનો પ્રયાસ થયાનું બજારમાં ચર્ચાય છે. હકીકતમાં દેશની વસ્તીના પ્રમાણમાં ઈન્કમટેક્સ ભરનારાની સંખ્યા બહુ ઓછી હોય અને ટેક્સની રકમની આવક પણ ઓછી હોય તે કારણે દેશના વિકાસનો માપદંડ દર્શાવતા આંકડાને તે અસરકારક હોય સરકાર દ્વારા પ્રોત્સાહિત સ્કીમો દ્વારા ટેક્ષ પેયરની સંખ્યા વધારવા માટેના પ્રયાસો અગાઉ થયા અને હવે નવા સ્વરૂપે તે એ.આઈ.એસ(ઓટો ઈન્કમ સ્ટેટમેન્ટ) દ્વારા જેતે દેશવાસીની આવક ખર્ચ અને તેના સ્ત્રોતની વિગતો મેળવવાનું પાનકાર્ડ અને આધાર કાર્ડને લિન્ક કરવાનું ફરજીયાત ચાલુ કર્યા બાદ આ સિસ્ટમનો દુરૂપયોગ ભ્રષ્ટાચાર આંચરવારના થાય તે માટે વધુ એક ફેરફાર ટેક્ષ પેયરના રિટર્નની તપાસ માટે ફેસ લેસ ઈન્કવાયરીની સિસ્ટમ દાખલ કરી અમલી બનાવ્યા બાદ અને છેલ્લા ત્રણ વર્ષમાં ડિજિટલ ટ્રાન્જેક્શનનો વ્યાપ વધવા સાથે તેમાં મોટો વધારો થતા અને આવનારા દિવસોમાં તો કેશલેસ (રોકડ ચલણ) વગરના ટ્રાન્જેક્શન અને ક્રિપ્ટો કરન્સી જેવી આંતરરાષ્ટ્રીય ડિજિટલ કરન્સીનો જમાનો આવનાર છે. ત્યારે હવે વિદેશી કંપનીઓનું આગમન અને તેને અનુરૂપ તેમની એકાઉન્ટ સિસ્ટમ્સ સાથે તાલમેલ મેળવવા જરૂરી જણાતા છેલ્લા ત્રણ વર્ષથી નવા ઈન્ક્મટેક્સ કોડ બિલના મોડેલનું ડ્રાફ્ટ બિલ તૈયાર કરી તેનો અમલ કરાવવાના ભાગ રૂપે નાણા મંત્રી સીતારમણ દ્વારા ગત તારીખ ૭-૨-૨૫ના આ બિલ કેન્દ્રીય મંત્રી મંડળમાં રજુ કરી તેને જરૂરી મંજૂરી મળતા આજ લોકસભામાં રજુ કરવમાં આવતા. તેને લોકસભા અને રાજયસભામાં મંજુર કરાવી તેના ઉપર રાષ્ટ્રપતિની મહોર મરાવી કાયદાનું સ્વરૂપ આપી તેનો અમલ આવનાર વર્ષથી થશે. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા ૬૪ વર્ષથી અમલી ઈન્કમટેક્સ એક્ટમાં હિસાબી વર્ષના બદલે તેને એસેસ્મેન્ટ વર્ષ તરીકે ગણવામાં આવતું હોય અહીં હિસાબી વર્ષ એક વર્ષ પાછળનું ગણાતું જયારે નવા કોડ ૨૦૨૫માં જે વર્ષે વ્યાપાર ચાલુ કરવામાં આવે તે વર્ષને હિસાબી વર્ષ તરીકે ગણી એસેસમેન્ટ શબ્દ જ કાઢી નાખવામાં આવેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે શરૂઆતમાં ઈન્કમટેક્સ અમલી બન્યો ત્યારથી ૫૦ વર્ષ સુધી દેશવાસીઓના અલગ અલગ વિસ્તારોને કલચરના આધારે કોઈપણ ટેક્ષ પેયર પોતે ધારે તે પ્રમાણેના હિસાબી વર્ષનો સમય ગણી શકતા હતા જેમ કે ગુજરાતમાં ગુજરાતી વિક્રમ સવંતને જયારે કચ્છના રહીશો ચૈત્રી વર્ષ પ્રમાણે અને નોકરિયાત જાન્યુઆરીથી ડિસેમ્બર પ્રમાણે રાખતા અને તે પણ એક જ માલિકની અલગ અલગ ફર્મના અને પૂરાંતની હેરફેર પોતાની જ ફર્મમાં કરતા જેને વર્ષ ૨૦૧૨થી અટકાવવા હિસાબી વર્ષ ફરજીયાત એપ્રિલથી માર્ચને ગણવાનું ચાલુ કરાવેલ અને વર્ષ ૨૦૧૭માં અમલી બનેલ જી.એસ.ટી.(ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્ષ) બાદ અત્યારે બજેટની આવકમાં ઈન્કમટેક્સ કરતા સર્વિસ ટેક્ષની રકમ વધુ છે. ત્યારે નવાઈન્કમટેક્સના સ્થાને ટ્રાન્જેક્શન ટેક્ષ લગાવામાં આવે તો હાલ થતી ઈન્કમટેક્સની આવકમાં બમણો વધારો થાય. જેની સિસ્ટમમાં અત્યારે ઓનલાઈન પેમેન્ટ અને ડિજિટલ પેમેન્ટનો વ્યાપ બહુ વધી ગયો છે. ત્યારે આ ટ્રાન્જેક્શનમાં પૈસા લેનાર અને આપનારના ખાતામાંથી ફક્ત ૦૦.૨૫%રકમ ઈન્કમટેક્સ સ્વરૂપે ઉઘરાવવામાં આવે તો પ્રજાને ફક્ત એક વખત અને બધા ટ્રાન્જેકશનનો ટેક્ષ ઓટોમેટિક ભરાઈ જતો હોય કોઈ ડર વગર કોઈપણ ખરીદી કરીને દેશની જી.ડી.પી.ને આગલ લાવવામાં પોતાની ભાગીદારીનો અહેસાસ થવા સાથે પોતાના ટેક્ષની રકમનો દૂર ઉપયોગ અટકાવવામાં પણ આગળ આવી ભ્રષ્ટાચાર દૂર થશે. તેવું આ ક્ષેત્રમાં જોડાયેલા અનુભવી ટેક્ષ કન્સલન્ટ, એકાઉન્ટન્ટ, ટેક્ષ એડવાઈઝર કહી રહ્યા છે. જ્યારે બીજી બાજુ દેશમાં વન નેશન વન ટેક્ષનો અમલ કરવાની થતી વાતો વચ્ચે આ નવો ઈન્કમટેક્સ કોડ અમલી બનાવી સરકાર દેશવાસીઓ ઉપર વધુ કરનું જાળું ફેલાવી રહ્યાનું અથવા આ વન નેશન વન ટેક્ષની ફાઈલો અભેરાઈ ઉપર ચડાવી નાખવાની તૈયારીના ભાગરૂપે આ નવો ઈન્કમટેક્સ કોડ ૨૦૨૫ સરકાર લાવી રહ્યાનું માની રહેલ છે.

## જૂનાગઢ મહાનગરપાલીકા દ્વારા જાહેરમાં કચરો ફેંકનારા વેપારીઓ શિક્ષાત્મક કાર્યવાહી : ૨૫ હજારનો દંડ ફટકાર્યો





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૪

જૂનાગઢ મહાનગર પાલિકાના કમિશ્નર ડો.ઓમ પ્રકાશની સૂચના મુજબ તથા ડેપ્યુટી કમિશ્નર ડી.જે. જાડેજાના માર્ગદર્શન હેઠળ આસી. કમિશ્નર(ટેક્સ) અને સેનીટેશન સુપ્રિટેન્ડેન્ટ કલ્પેશ ટોલિયાની ટીમના વોર્ડ એસ હિતેશ પરમાર દ્વારા ઝાંઝરડા રોડ સરદારબાગ સામે આવેલ આસ્થા પ્લસ કોમલેક્ષમાં આવેલ હાંસલીયા પ્રોવિઝન સ્ટોરના વેપારી દ્વારા બાજુમાં આવેલ વોકળામાં તેમનો કચરો ફેંકતા કમિશ્નરની નઝરમાં આવતા તેમને સ્થળ ઉપર જ ૨૫,૦૦૦ પચીસ હજાર જેટલો દંડ વસૂલવામાં આવેલ મહાનગરપાલિકાના કમિશ્નર ડો. ઓમ પ્રકાશ દ્વારા જાહેરમાં કે વોકળામાં કચરો ન ફેંકવા અગાઉ પણ અપીલ કરવામાં આવેલ ફરીથી જાહેરમાં ગંદકી નહિ કરવા કે કચરો નહિ ફેંકવા તથા મનપાના ડોર ટુ ડોર કલેક્શન વાહનમાં જ સુકો ભીનો અલગ રાખી આપવામાં આવે તેમજ દુકાન ધારકો અને લારી ગલ્લા વાળાને પણ ડસ્ટબીનમાં જ કચરો જમાં કરી વાહનમાં આપવામાં આવે તેવી અપીલ કરવામાં આવે છે.

## અંધ કન્યા છાત્રાલયમાં-જૂનાગઢની લેઉવા પટેલ જ્ઞાતિની અંધ દીકરીની શ્રીફળ વિધી(સગાઈ) યોજાઈ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૪

તાજેતરમાં તા.૧૧ ફેબ્રુઆરીના રોજ સત્યમ સેવા યુવક મંડળ ટ્રસ્ટ તેમજ પ્રજ્ઞાચક્ષુ ચેરી. ટ્રસ્ટ જૂનાગઢના સંયુક્ત ઉપક્રમે પ્રમુખ મનસુખભાઈ વાજાના વડપણ હેઠળ સેજની ટાંકી પાસે, જવાહર રોડ, જૂનાગઢ સ્થિત અંધ કન્યા છાત્રાલય ચલાવવામાં આવે છે, જેમાં જ્ઞાતિના ભેદભાવ વગર રહેતી પ્રજ્ઞાચક્ષુ દિકરીઓ માટે રહેવા - જમવાનો કોઈ ચાર્જ લેવામાં નથી આવતો. ઉપરાંત દાતાઓના સહયોગથી તેમની કોલેજની ફી



પણ ભરી આપવામાં આવે છે. આવી માનવીય સંસ્થામાં રહીને અભ્યાસ કરતી લેઉવા પટેલ જ્ઞાતિની પ્રજ્ઞાચક્ષુ દિકરી કુ.ચંપાબેન ગોબરભાઈ આંસોદરીયાની મોરબી નિવાસી પ્રજ્ઞાચક્ષુ મયુરભાઈ ગોવિંદભાઈ ગજેરા સાથે બંને પ્રજ્ઞાચક્ષુ દીકરા-દીકરીઓની સહમતીથી તેમના માતા-પિતા તેમજ કુટુંબીજનોની ઉપસ્થિતિમાં શ્રીફળ વિધિ(સગાઈ વિધી) કરવામાં આવી હતી. આ સંસ્થા માટે પ્રથમ પ્રયાસરૂપ અને સમાજને નવો રાહ બતાવતો નવતર પ્રયોગરૂપ બંને પક્ષના સગા વહાલા દ્વારા ગોળ-ધાણા ખાઈને સબંધ નક્કી કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ મનસુખભાઈ વાજા, પ્રજ્ઞાચક્ષુ ચેરીટેબલ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી મુકેશગીરી મેઘનાથી, અરવિંદભાઈ મારડિયા, બટુકબાપુ, શાંતાબેન બેસ, અલ્પેશભાઈ પરમાર, કિરીટભાઈ ચંદારાણા, ગીરીશભાઈ મશરૂ, પ્રવીણભાઈ જોશી, ચંપકભાઈ જેઠવા, રાજેન્દ્રભાઈ ચુડાસમા, દયાબેન માણેક, જયાબેન પરમાર અને મનોજભાઈ સાવલિયા ઉપસ્થિત રહ્યા હતા.

## જેતપુર-નવાગઢ નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં મતાધિકારનો ઉપયોગ કરવા મતદારોમાં ઉત્સાહ

**ચૂંટણીમાં મતદાન માટેની તૈયારીઓને આખરી ઓપ : જેતપુર-નવાગઢ પાલિકાના ૧૧ વોર્ડની ૪૪ બેઠકોની ચૂંટણીમાં ૧.૦૪ લાખ મતદારો નોંધાયા : પાલિકાની ૪૪ બેઠકો માટે ૧૪૦ ઉમેદવારો મેદાનમાં**

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૧૪

રાજકોટ જિલ્લામાં જેતપુર-નવાગઢ નગરપાલિકાની ચૂંટણી માટે આગામી ૧૬મીએ મતદાન થનાર છે, ત્યારે સ્થાનિક સ્વરાજયની આ ચૂંટણીમાં મતાધિકારનો ઉપયોગ કરવા મતદારોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ ચૂંટણીમાં ૧૧ વોર્ડમાં કુલ ૧,૦૪,૫૫૯ મતદારો નોંધાયા છે. રાજકોટ જિલ્લામાં નગરપાલિકાઓની ચૂંટણી મુકત, ન્યાયી અને પારદર્શી વાતાવરણમાં યોજવા જિલ્લા નોડલ અધિકારી નિવાસી અધિક કલેકટર શ્રી એ.કે. ગૌતમના માર્ગદર્શનમાં કામગીરી ચાલી રહી છે. જેતપુર-નવાગઢ પાલિકામાં હાલ રિટર્નિંગ ઓફિસરો શ્રી રાહુલ ગમારા (વોર્ડ ૧થી ૬) તથા શ્રી જય ગોસ્વામી (વોર્ડ ૭થી ૧૧) માર્ગદર્શનમાં ચૂંટણીમાં મતદાન માટેની તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે.

જેતપુર નવાગઢ પાલિકાના ૧૧ વોર્ડની ૪૪ બેઠકોમાં ૧૫ બેઠકો સામાન્ય છે. જ્યારે ૦૬ બેઠકો પછાત વર્ગ સ્ત્રી, ૦૧ બેઠક અનુ. જાતિ સ્ત્રી, ૧૫ બેઠકોસામાન્ય સ્ત્રી, ૦૬ બેઠકો પછાત વર્ગ તેમજ ૦૧ બેઠક અનુ. જાતિ વર્ગ અનામત છે. આ પાલિકાના ૧૧ વોર્ડ વિસ્તારમાં કુલ ૧,૦૪,૫૫૯ મતદારો નોંધાયા છે.

જેમાં વોર્ડ-૧માં ૯૨૮૭, વોર્ડ-૨માં ૯૮૨૮, વોર્ડ-૩માં ૯૬૪૬, વોર્ડ-૪માં ૧૦૨૭૫, વોર્ડ-૫માં ૮૭૪૮, વોર્ડ-૬માં ૯૧૯૬, વોર્ડ-૭માં ૭૩૨૩, વોર્ડ-૮માં ૯૧૪૮, વોર્ડ-૯માં ૧૦૩૯૫, વોર્ડ-૧૦માં ૯૪૦૫, વોર્ડ-૧૧માં ૧૧૩૦૮ મતદારો નોંધાયા છે. આ ચૂંટણીમાં મતાધિકારનો ઉપયોગ કરવા મતદારોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. મહત્ત્વનું છે કે, ચૂંટણીમાં દિવ્યાંગ મતદારો સરળતાથી મતદાન કરી શકે તે માટે ૪૦ વ્હીલચેરની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. પાલિકા વિસ્તારમાં કુલ ૧૧ વોર્ડમાં ૧૧૮ મતદાન મથકો છે. જેમાંથી ૯૭ સંવેદનશીલ મતદાન મથકો છે. આ ચૂંટણીમાં કુલ ૧૧ વોર્ડમાં ૧૪૦ ઉમેદવારો મેદાનમાં છે. આ ચૂંટણીમાં કુલ ૬૮૬ ચૂંટણી સ્ટાફને ફરજ સોંપવામાં આવી છે. આ ચૂંટણીમાં આદર્શ આચારસંહિતાનું પાલન કરતા ૭૦ જેટલા પોસ્ટર, બેનર, ધ્વજ દૂર કરવામાં આવ્યા છે.

## ગીરગઢડાના ફાટસર ગામેથી હાર્ડ મોરમ સાથેનો મુદ્દામાલ જપ્ત કરતું તંત્ર

**૪ ટ્રેક્ટર અને ૧ જે.સી.બી. પકડવામાં આવ્યું**



(પ્રતિનિધિ દ્વારા)

ગીર-સોમનાથ તા.૧૪

જિલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાની સૂચના અને માર્ગદર્શન હેઠળ ગીરગઢડા મામલતદારને મળેલ બાતમીનાં આધારે તંત્ર દ્વારા ગીરગઢડા તાલુકાના ફાટસર ગામ તરફ આકસ્મિત તપાસ હાથ ધરતા, ફાટસર ગામે નિર્મળ તળાવ વિસ્તાર પાસેથી હાર્ડ મોરમ ભરેલ ટ્રેકટર નંગ-૧ (એક), ખાલી ટ્રેકટર નંગ-૩ તથા જે.સી.બી. નંગ-૧ સાથેનો મુદામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. ગીરગઢડા તાલુકાના ફાટસર ગામે નિર્મલ તળાવ વિસ્તાર પાસે ટ્રેકટર-૪ (જે પૈકી ૧ ભરેલા તથા ૩- ખાલી) તથા જેસીબી-૧ ગેરકાયદેસર રીતે ખનીજ ચોરી કરતા પકડાયા હતા. પકડાયેલ વાહનો પાસે રોયલ્ટી પાસ / પરમીટ ન હોવાથી આ વાહનો ધોરણસર જપ્ત કરવામાં આવ્યા હતા. આ જગ્યાએ કવોરીલીઝ બાબતે ખરાઈ કરતાં સિંચાઈ વિભાગનાં હસ્તકનાં તળાવમાંથી ફાટસર ગામની કેનાલનાં કામ માટે મોરમ લેવા માટે કોન્ટ્રાકટર અનિરૂધ્ધભાઈ રાઠોડ દ્વારા માટી / હાર્ડ મોરમ ખોદકામ કરવા ભાડેથી જે.સી.બી. ટ્રેક્ટર દ્વારા ટ્રેકટર માલિકને ઓર્ડર મળતા છેલ્લા ૪(ચાર) દિવસથી આ હાર્ડ મોરમની ખોદકામની પ્રવૃત્તિઓ ચાલુ હતી. રાજ્ય સરકારની હાલની સ્થાયી જોગવાઈઓ મુજબ જંગલ વિસ્તારમાં ખનન પ્રવૃત્તિઓ ગેરકાયદેસર હોવાથી છે. હાર્ડ મોરમ ખનન કરવા માટે ઓર્ડર આપનાર ઈસમ તથા ખનની પ્રવૃતિઓ કરનાર ઈસમો સામે ગુજરાત મીનરલ(પ્રિવેશન ઓફ ઈલીંગલ માઈનીંગ એન્ડ સ્ટોરેજ-ટ્રાન્સપોર્ટેશન) રૂલ્સ-૨૦૧૭ મુજબ ગેરકાયદેસર ખનીજચોરીની અંગે ધોરણસરની કાર્યવાહી ભૂસ્તરશાસ્ત્રીની કચેરી દ્વારા હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, ગીર સોમનાથ દ્વારા મોટર વ્હિકલ એકટ મુજબ વાહનની તપાસ થઈ નિયમોનૂસારના દંડની વસૂલાતની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## ખંભાળિયા : ખેલ મહાકુંભમાં દાંતા પ્રાથમિક શાળાનું ઉત્કૃષ્ઠ પ્રદર્શન





(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૪

ખંભાળિયા તાલુકાની તાજેતરમાં યોજાઈ ગયેલી ખેલ મહાકુંભ સ્પર્ધાઓમાં ખંભાળિયા તાલુકાની દાંતા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓનો ઉત્કૃષ્ઠ દેખાવ કર્યો હતો. જેમાં યોગાસન અન્ડર - ૧૪, સરસીયા ધ્રુમિક નારણભાઈએ પ્રથમ, ચેસ અન્ડર- ૨૨ બહેનો માટેની સ્પર્ધામાં જાડેજા કાવ્યબા રાજવીરસિંહએ તાલુકામાં પ્રથમ, દ્વિતીય ક્રમે જાડેજા પ્રતીક્ષાબા રાજેન્દ્રસિંહ, તૃતીય ક્રમે માયાણી જયશ્રી સામરાભાઈ, ચેસ અન્ડર- ૧૪ બહેનોની સ્પર્ધામાં પ્રથમ ક્રમે માયાણી નેહલ ધારાભાઈ, દ્વિતીય ક્રમે લામ્બરીયા વિધિકા મછાભાઈ, તૃતીય ક્રમે સરસીયા દિવ્યા ખોડાભાઈ વિજેતા થયા હતા. એથ્લેટિક્સ અન્ડર- ૧૪ની ભાઈઓ માટેની ઉંચી કુદ સ્પર્ધામાં સરસીયા ધ્રુમિક નારણભાઈએ તૃતીય ક્રમ, ૬૦૦ મીટર દોડ દ્વિતીય ખરેડ લાલજી ચનાભાઈ, બહેનો માટેની ઉંચીકૂદ અને ૪૦૦ મીટર દોડ પ્રથમ જાડેજા યશ્વીબા ભગીરથસિંહ, તૃતીય ક્રમે ગજણ અલ્ફીઝા જુસબભાઈ, અન્ડર-૧૧ માં બહેનો માટેની ૫૦ મીટર દોડમાં પ્રથમ ક્રમે મુરયાણી રિયા રમેશભાઈ અને સ્ટેન્ડિંગ બ્રોડ જંપ તૃતીય અન્ડર- ૯ માં ખરેડ અંશિતા ગોવિંદભાઈએ સ્ટેન્ડિંગ બ્રોડ જંપ તૃતીય ક્રમ હાંસલ કર્યો હતો. જે બદલ વિજેતાઓને શાળાના આચાર્ય નરીયાપરા રવિકુમાર તથા શાળા સ્ટાફ અને દાંતા ગ્રામજનો દ્વારા પ્રમાણપત્ર આપી વિદ્યાર્થીઓને બિરદાવવામાં આવ્યા હતા.

## ખંભાળિયામાં ભાવપૂર્વક ઉજવાઈ વિશ્વકર્મા જયંતી : ધાર્મિક કાર્યક્રમો યોજાયા





(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૪

ખંભાળિયામાં શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા ગત તાજેતરમાં શ્રી વિશ્વકર્મા જયંતી મહોત્સવ ઉત્સાહભેર ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે વહેલી સવારે શ્રી વિશ્વકર્મા દાદાની મંગળા આરતી ખુબ જ ભાવથી કરવામાં આવી હતી. ત્યાર બાદ પાટોત્સવ હવન, નુતન ધ્વજારોહણ, દાતાઓનું સન્માન, સમુહ ભોજન, વિધાર્થી સન્માન સમારોહ, સંધ્યા મહા આરતી, સંધ્યા સમુહ ભોજન અને રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમ, વિગેરેનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજનમાં દાતા મનસુખભાઈ ઓધવજીભાઈ સુરેલીયા, ઓધવજીભાઈ જગજીવનભાઈ ભારદીયા તથા પ્રકાશભાઈ લવજીભાઈ સંચાણીયા રહ્યા હતા. આ મહોત્સવમાં જ્ઞાતિના દાતાઓ તથા તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા મુખ્ય અતિથિ અમુભાઈ ભારદિયા (રવિ ટેકનો ફોર્જ - રાજકોટ) તથા જ્ઞાતિની સંસ્થાઓના અગ્રણીઓ, મહાનુભાવો અને મહેમાનોએ સુંદર આયોજન તથા જ્ઞાતિના સંકુલની સુવિધાઓ અને સ્વચ્છતા માટે જ્ઞાતિના પ્રમુખ, ટ્રસ્ટીઓ તથા સૌ કાર્યકરોને અભિનંદન પાઠવ્યા હતા. વિશ્વકર્મા જયંતી મહોત્સવમાં સ્થાનિક તેમજ બહાર ગામથી મોટી સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતા. આ આયોજનને સફળ બનાવવા માટે જ્ઞાતિ પ્રમુખ, ટ્રસ્ટીઓ તથા સૌ કાર્યકરો દ્વારા નોંધપાત્ર જહેમત ઉઠાવવામાં આવી હતી. આ સમગ્ર મહોત્સવનું સુંદર સંચાલન જયંતીભાઈ સુરેલીયાએ કર્યું હતું.

# મહા શિવરાત્રી મેળા દરમ્યાન વન્યપ્રાણી અને પર્યાવરણના હિતોની જાળવણી કરવા વન વિભાગનો અનુરોધ

જૂનાગઢ, તા.૧૪

જૂનાગઢના ભવનાથ મુકામે આવેલ ૫૭.૦૦ એકર વાળી રેવન્યુ જમીન વિસ્તારમાં ચાલુ વર્ષે તા.૨૨/૨/૨૦૨૫ થી તા.૨૬/૨/૨૦૨૫ સુધી મહાશિવરાત્રી મેળો ભરાવાનો હોવાથી આ મેળામાં લાખોની સંખ્યામાં યાત્રાળુઓ આવવા સંભવ છે. આ ૫૭.૦૦ એકર વાળી રેવન્યુની જમીન ફરતે "ગિરનાર વન્યપ્રાણી અભયારણ્ય'નો વિસ્તાર આવેલ છે, જેમાં વન્યપ્રાણી અને પર્યાવરણ ના હિતોની જાળવણી તથા નિયમન કરવાની જરૂરીયાત જણાય છે, જેના ભાગરૂપે નિયમોનું પાલન કરવા જાહેર જનતા તથા લાગતા વળગતા સરકારી અધિકારીશ્રીઓ તથા અન્ય આયોજકો ને અનુરોધ કરવામાં આવ્યો છે.

મહા શિવરાત્રી મેળાને સંલગ્ન સુવિધાઓ જેવી કે ઉતારા, દુકાનો વિગેરે મેળા વિસ્તારમાં ઉભી કરવાની હોય છે. ગુજરાત હાઈકોર્ટના પી.આઈ.એલ.ના દિશાનિર્દેશથી પ્લાસ્ટીકના ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ છે. જે અન્વયેના વન અને પર્યાવરણ વિભાગ, ગુજરાત સરકારના તા.૨૨/૫/૨૦૧૯ના પરિપત્ર થી અભયારણ્ય,રાષ્ટ્રીય ઉદ્યાનના વિસ્તારમાં પ્લાસ્ટીક ઉત્પાદનો, પેદાશ, ચીજવસ્તુઓ, પેકીંગ મટીરીયલ્સ વગેરે લઈને પ્રવેશ કરવા તથા ગમે ત્યાં ફેંકવા પર મનાઈ ફરમાવવામાં આવેલ હોય ઉલ્લંઘન થયે વન્યપ્રાણી અધિનિયમ-૧૯૭૨ ની જોગવાઈ અનુસાર દંડ/સજાને પાત્ર ઠરશે.

આ ૫૭.૦૦ એકર જમીનના ફરતે "ગિરનાર વન્યપ્રાણી અભયારણ્ય"નો વિસ્તાર આવેલ છે. આ જંગલ વિસ્તારને કે તેમાં રહેતા વન્યજીવોને નુકશાન કરવું નહી.

ગિરનાર વન્યપ્રાણી અભયારણ્ય" વિસ્તારમાં કોઈપણ ઈસમ પરવાનગી વગર પ્રવેશ કરી શકશે નહી અને ફાયર આર્મસ, બંદુક, કુહાડા, તલવાર, ધારીયા જેવા ઘાતક હથિયાર સાથે લઈ જઈ શકશે નહી.

ગિરનાર વન્યપ્રાણી અભયારણ્ય" વિસ્તારમાં વ્યવસાયિક ધંધાના કે જાહેરાતના હેતુ માટે છાવણી, તંબુ, રેકડી કે સ્ટોલ રાખી શકશે નહી.

ગિરનાર વન્યપ્રાણી અભયારણ્ય" વિસ્તારમાં પરવાનગી વગર પ્રવેશ કરવો તે ગુન્હો બને છે. તેમ છતાં કોઈ ઈસમ તેમા પ્રવેશ કરીને વન પેદાશો કે ઝાડ પાનને કાપીને લઈ જશે અથવા તેને નુકશાન કરશે તો તેઓની સામે ધોરણસરની કાર્યવાહી કરવામાં આવશે.

ગિરનાર વન્યપ્રાણી અભયારણ્ય વિસ્તારમાં વન્યપ્રાણીઓને ખલેલ કરે તેવી કોઈ વધારે પ્રકાશવાળી યંત્ર સામગ્રી વધુ ઘોંઘાટ થાય તેવા ટેપ, રેડીયો, લાઉડ સ્પીકર, ટી.વી. વિગેરેનો ઉપયોગ કરી શકાશે નહી.

ગિરનાર વન્યપ્રાણી અભયારણ્ય વિસ્તારમાં પરવાનગી વિના જઈ લાકડા કે

## મેળામાં આવનાર લોકો માટે જરૂરી માર્ગદર્શિકા જાહેર કરાઈ

ઘાંસ સળગાવી શકાશે નહી કે, સ્ફોટક પદાથો" કે ફટાકડા વિગેરે લઈ જઈ શકશે નહી

ગિરનાર વન્યપ્રાણી અભયારણ્ય" માં વન્ય પ્રાણીઓનો ભય રહેલ હોય કેડીઓ કે અન્ય જંગલ ભાગમાં વગર પરવાનગીએ અવર-જવર કરવા કે વાહન લઈ જવા પર સખ્ત પ્રતિબંધ છે. વન્ય પ્રાણીઓને છંછેડવા નહીં. વન્ય પ્રાણીઓ દ્વારા વન વિસ્તારમાં ઈજા થશે તો તે અંગેની અત્રે ની કોઈ જવાબદારી રહેશે નહી.

"ગિરનાર વન્યપ્રાણી અભયારણ્ય" વિસ્તારમાં સિંહોનો વસવાટ હોય તથા મહાશિવરાત્રી મેળા વિસ્તારની આજુબાજુમાં સિંહોની અવર જવર રહેતી હોય કોઈપણ વ્યકિતઓએ આ વિસ્તારમાં સિંહોને છંછેડવા નહી તથા તેને નુકશાન થાય તેવી કોઈપણ પ્રકારની પ્રવૃતિ કરવી નહી. તથા કોઈપણ વન્યપ્રાણીનો શિકાર કે નુકશાન કરવું નહી. જો તેમ કરવામાં આવશે. તો તેઓની સામે ભારતીય વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

વન્યપ્રાણીની રંજાડના બનાવ સબબની જાણ વન વિભાગની રાવટી ઉપર અથવા આ વિભાગ હેઠળના ઈગલ વાયરલેસ કેન્ટ્રોલ રૂમ, ઘાસવાડાના ફોન નં.: (૦૨૮૫) ૨૬૩૩૭૦૦, રેન્જ ફોરેસ્ટ ઓફિસર ડુંગર દક્ષિણ રેન્જ, જૂનાગઢના મો. નં. ૭૫૬૭૩ ૦૬૧૬૪ તથા લાયઝન અધિકારી (મહાશિવરાત્રી મેળો-૨૦૨૫) અને મદદનીશ વન સંરક્ષક, જૂનાગઢ વન વિભાગ-જુનાગઢના મો.નં. ૮૨૦૦૫૪૨૯૯૬ ઉપર સત્વરે સંપર્ક કરી શકો છો. વનમાં આગ લાગે કે બીજી કોઈ અન્ય મુશ્કેલીઓનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો સરકારી ફરજ બજાવતા તમામ ખાતાના કર્મચારીઓ, અધિકારીઓ એ જરૂરી સાથે સહકાર આપવા માટે તેમજ જાહેર જનતાને આવશ્યકતા ઉભી થાય તો જંગલ સંરક્ષણ માટે સેવા આપવી તે તેઓનુ ભારતના સંવિધાન મુજબ રાષ્ટ્રીય કર્તવ્ય છે.

ઉપરોકત નિયમોના ભંગ કે ઉલ્લંઘન કરનાર સામે ભારતીય વન અધિનિયમ-૧૯૨૭ તથા તેને અંતર્ગત કલમો તેમજ ભારતીય વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨ની જોગવાઈ મુજબ કાર્યવાહી કરવામાં આવશે. તેમ નાયબ વન સંરક્ષક દ્વારા અખબારી યાદીમા જણાવાયુ છે.

# માંગરોળ લાલબાગ સીમશાળના વિદ્યાર્થીઓ ખેલ મહાકુંભમાં ઝળકયા





(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ, તા.૧૪

ખેલ મહાકુંભ મેળામાં માંગરોળ લાલબાગ સીમશાળાના વિદ્યાર્થીઓ બાજી મારી લીધી છે. સ્પે. ખેલ મહાકુંભમાં અંડર ફોર્ટીન ૧૦૦ મીટર દોડમાં કાલવાત આશિફા હારૂનભાઈ જિલ્લા કક્ષાએ પ્રથમ નંબર સ્થાન પ્રાપ્ત કરી રાજ્ય કક્ષાએ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. સ્પે.ખેલ મહાકુંભમાં અંડર ફોર્ટીન ૨૦૦ મીટર દોડમાં કાલવાત આશિફા હારૂનભાઈ જિલ્લા કક્ષાએ પ્રથમ નંબર સ્થાન પ્રાપ્ત કરી રાજ્ય કક્ષાએ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. ખેલ મહાકુંભમાં કરાટે કુમીતે ૨૫ થી ૩૦ કિલોગ્રામ કેટેગરીમાં બુમડીયા સુલેમ ફિરોજભાઈએ જિલ્લા કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી રાજ્ય કક્ષાએ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. ખેલ મહાકુંભમાં બેંડમીટન અંડર ફોર્ટીનમાં બુમડીયા સુલેમ ફિરોજભાઈએ જિલ્લા કક્ષાએ ટોપ ફાઈવમાં સ્થાન પ્રાપ્ત કરી રાજય કક્ષાએ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. આમ આ વિદ્યાર્થીઓ ૪ ઈવેન્ટમાં લાલબાગ સીમ શાળા રાજય કક્ષાએ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. તદુપરાંત સ્પે. ખેલ મહાકુંભમાં જિલ્લા કક્ષાએ અંડર ફોર્ટીન ૧૦૦ મીટર દોડમાં કાલવાત તલ્હા હારૂનભાઈએ તૃતિય સ્થાન પ્રાપ્ત કરેલ છે.

તાલુકા કક્ષાએ ખેલ મહાકુંભમાં જેઠવા મોહંમદ કાસમભાઈ અંડર ફોર્ટીન ૨૦૦ મીટર તાલુકા કક્ષા પ્રથમ અમરેલીયા મોહંમદ આહમદઅલી અંડર ૧૧ સ્ટેન્ડિંગ બ્રોડ જમ્પમાં તાલુકા કક્ષા પ્રથમ કાલવાત સરમીન આહમદભાઈ અંડર ફોર્ટીન ચક્રફેક તાલુકા કક્ષા દ્વિતિય, જડા મુસ્તફા ઈકબાલભાઈ અંડર નાઈન સ્ટેન્ડિંગ બ્રોડ જમ્પ તાલુકા કક્ષા તૃતિય. કરાટેની અન્ય ઈવેન્ટમાં લાલબાગ સીમ શાળાનો વિદ્યાર્થી બુમડીયા સુલેમ ફિરોજભાઈએ મોરબી ખાતે કરાટે મકુ મીતે - પ્રથમ સ્થાન, કાતા - તૃતિય સ્થાન. રાજકોટ ખાતે કરાટેમાં કુમીતે - દ્વિતિય સ્થાન, કાતા - તૃતિય સ્થાન. જામનગર ખાતે કરાટે મકુ મીતે - તૃતિય સ્થાન કાતા - દ્વિતિય સ્થાન. આ તમામ વિદ્યાર્થી ઓને લાલબાગ સીમશાળાનુ ગૌરાંગ વધાર્યું છે.

# એમ એસ. યુનિવર્સીટી ખાતે પ્રોજેક્ટ રિપોર્ટ પ્રીપેરેસન એન્ડ ઈમ્પ્લીમેન્ટેસન ઉપર ડો.વિનીતવર્માનું યોજાયું વ્યાખ્યાન




જૂનાગઢ, તા.૧૪

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં કોમર્સ ડિપાર્ટમેન્ટનાં વ્યાખ્યાતા ડો. વિનીત વર્માએ 'મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા' વડોદરાના ડીપાર્ટમેન્ટ ઓફ કો-ઓપરેટીવ મેનેજમેન્ટ અને રૂરલ સ્ટીઝ વિદ્યાર્થીઓ માટે "પ્રોજેક્ટ રિપોર્ટ પ્રિપેરેસન એન્ડ ઈમ્પ્લીમેનટેસન પર નિષ્ણાત વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું. આ વ્યાખ્યાનનો ઉદ્દેશ વિદ્યાર્થીઓને પ્રોજેક્ટના સ્વરૂપની રચના, અમલ અને તેના વ્યવહારૂ ઉકેલો અંગે મહત્વપૂર્ણ માહિતીઓ પ્રદાન કરવાનો હતો, જેથી તેઓ શૈક્ષણિક અને વ્યાવસાયિક વિકાસ માટે સંપૂર્ણપણે સજ્જ બની શકે.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢના ડૉ. વીનિત વર્માએ વિદ્યાર્થીઓને સંશોધન પ્રોજેક્ટની રચના અને પ્રસ્તાવ લખવાની જટિલતાઓ વિશે માર્ગદર્શન આપ્યું. તેમની નિષ્ણાત સલાહ અને અનુભવથી વિદ્યાર્થીઓએ સંશોધન પદ્ધતિ અને પ્રોજેક્ટ તૈયાર કરવાની પ્રક્રિયા વધુ સારી રીતે સમજવાનો લાભ મેળવ્યો, જે તેમને શૈક્ષણિક અને વ્યવહારિક સંશોધન માટે વધુ અસરકારક રીતે તૈયારી કરવામાં મદદરૂપ થશે.

આ નિષ્ણાંત વ્યાખ્યાન મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની વાણિજ્ય ફેકલ્ટીના વિદ્યાર્થીઓ અને પ્રતિષ્ઠિત પ્રોફેસરોની ઉપસ્થિતિ રહી હતી.આ કાર્યક્રમનું આયોજન ડો.કે.ડી. વાલા દ્વારા કરવામાં આવ્યું હતું, જ્યારે ડૉ. જે.કે. પંડ્યા ના માર્ગદર્શન હેઠળ અને ડો.ભૂમિત શાહની દેખરેખ હેઠળ સફળતાપૂર્વક સંચાલિત કરવામાં આવ્યું હતું.

# સ્વામી લીલાશાહ મિત્ર મંડળ જૂનાગઢ દ્વારા ફુલસ્કેપ ચોપડા વિતરણ કરાયું



જૂનાગઢ, તા.૧૪ : સ્વામી લીલાશાહ મિત્ર મંડળ જૂનાગઢ દ્વારા સતત ૧૪ માં વર્ષે (૨૦૨૫)ના ફૂલસ્કેપ ચોપડા તૈયાર કરાવેલ જેનું વિતરણ પૂ. સાંઈ શ્રી શહેરા વાલે સાંઈના કરકમલ દ્વારા કરવામાં આવેલ, આ તકે પૂ.સાંઈ શહેરા વાલે, સ્વામી લીલાશાહ મિત્ર મંડળના ચેરમેન રમેશકુમાર શેવકાણી, પપુભાઈ મેઘાણી, દેવીદાસભાઈ મેઘાણી, ખૂબચંદભાઈ મેઘાણી, કલ્પેશભાઈ શેવકાણી, ગૌતમભાઈ શેવકાણી, ઈન્દ્રભાઈ લાલવાણી, નરેશભાઈ દક્ષિણા તેમજ અન્ય જ્ઞાતિજનો હાજર રહેલ.

# ઉનામાં કોળી સેના દ્વારા ત્રીજા સમૂહ લગ્નોત્સવમાં ૧૮ દંપતીઓ લગ્ન ગ્રંથિથી જોડાશે

(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૧૪

ગીર ગઢડા તાલુકા કોળી સેના તેમજ દિપશ્રી અજેયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા જૂનાગઢ અને ગીર સોમનાથ જીલ્લા કોળી સેનાના પ્રમુખ દિપાબેન મહેકકુમાર બાંભણિયાની આગેવાની હેઠળ સમસ્ત કોળી સમાજના ત્રીજા સમૂહ લગ્નોત્સવ તા.૧૬/૨/૨૦૨૫ ને રવિવારે ઊના શહેરમા શાહ.એચ.ડી. હાઈ સ્કુલના મેદાનમાં વિશાળ મંડપમાં યોજાશે જેમાં સમસ્ત કોળી સમાજના ૧૮ દીકરા અને દીકરીઓ શસ્ત્રોક વિધિથી લગ્ન ગ્રંથીથી જોડાઈ પ્રભુતામાં પગલાં પાડશે. લગ્ન વિધિ શાસ્ત્રી ભરતભાઈ ભટ્ટ કરાવશે આ પ્રસંગે આયોજક અને દાતાઓ દ્વારા નવદંપતિઓને ૫૧થી વધુ કીમતી ભેટ આપી કન્યા વિદાય કરવામાં આવશે. આ પ્રસંગ સફળ બનાવવા ઉના-ગીરગઢડા કોળી સેનાના કાર્યકરો ખુબ જહેમત ઉઠાવી રહ્યા છે.

# એસ.ઈ.ટી. મહિલા કોલેજ ખાતે બે દિવસીય સ્પોર્ટ ફેસ્ટીવલ યોજાયો





જૂનાગઢ, તા.૧૪

શ્રી સૌરાષ્ટ્ર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત મહિલા આર્ટસ કોમર્સ બીબીએ બીસીએ એન્ડ સાયન્સ કોલેજ ખાતે બે દિવસીય સ્પોર્ટ ફેસ્ટિવલ નું આયોજન ૩૧ જાન્યુઆરી અને ૧ ફેબ્રુઆરી ના રોજ કરવામાં આવેલ. આ કાર્યક્રમના ઉદ્દ્ઘાટન સમયે ડો. જયસિંહ ઝાલા, હેડ એન્ડ સ્પોર્ટ કોર્ડીનેટર, ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, ડો. રાજેશભાઈ રામ, ડો. મસરીભાઈ નંદાણીયા, તથા ટ્રસ્ટી શ્રી જગમાલભાઈ વિછી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં વિવિધ ૧૬ જેટલી ટીમ, ઈન્ડોર, આઉટડોર રમતની સ્પર્ધાઓ નું આયોજન કરવામાં આવેલ જેમાં આશરે ૪૫૦ જેટલા વિદ્યાર્થીઓ દ્વારા રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં ટીમવર્ક, સ્પોર્ટમેન સ્પિરિટ, લીડરશીપ, તેમજ આત્મબળ વધારવાનો હતો. આ કાર્યક્રમ માં વિજેતાઓને સર્ટિફિકેટ અને મેડલ દ્વારા પુરસ્કૃત કરવામાં આવેલ. આ કાર્યક્રમની સફળતા બદલ સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી લક્ષ્મણભાઈ પિઠીયાએ વિદ્યાર્થીઓ તેમજ સમસ્ત કર્મચારીઓને અભિનંદન પાઠવેલ.

## રાજ્ય કક્ષાના કલા ઉત્સવ ૨૦૨૪-૨૫ માં
# ઉનાની દીકરી વિજેતા બની શાળા અને સમસ્ત બ્રહ્મ સમાજનું ગૌરવ વધાર્યુ



(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૧૪

તાજેતરમાં પોરબંદર મુકામે શ્રી રામબા જિલ્લા શિક્ષણ તાલીમ ભવનમાં ગુજરાત રાજ્ય અને જી.સી. ઈ. આર.ટી. ગાંધીનગર પ્રેરિત રાજ્ય કક્ષાનો કલા ઉત્સવ ૨૪-૨૫ યોજાયો હતો જેમાં ઉનાની ગાંધી કન્યા વિદ્યાલયમાં અભ્યાસ કરતી જાન્વી પાઠકે માધ્યમિક વિભાગમાં સંગીત ગાયન સ્પર્ધામાં ભાગ લીધો હતો તેમાં ત્રીજા ક્રમે વિજેતા થતા આગેવાનો દ્વારા પ્રમાણ પત્ર અને મેડલ અર્પણ કરવામાં આવ્યું હતું તેમને જિલ્લા, શાળા અને સમસ્ત બ્રહ્મ સમાજનું ગૌરવ વધાર્યું હતું.

# જૂનાગઢ જીલ્લાના ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા અનુરોધ

## પ્રાકૃતિક ખેતીમાં સમસ્યાઓનો ઉકેલ : અમુક પ્રકારની સમાનતા હોવા છતા પ્રાકૃતિક અને ઓર્ગેનિક ખેતી વચ્ચે પાયાનો ભેદ, પ્રાકૃતિક ખેતી "ઓછા ખર્ચની કુદરતી ખેતી"

જૂનાગઢ, તા.૧૪

પ્રાકૃતિક અને ઓર્ગેનિક ખેતીની વાત કરો તો, પ્રાકૃતિક ખેતી તદન અલગ પ્રકારની ખેતી છે. રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓનો ઉપયોગને ટાળવો, છાણિયા ખાતરોનો ઉપયોગ કરવો જેવી અમુક પ્રકારની સમાનતા હોવા છતા પ્રાકૃતિક ખેતી અને આ બન્ને પ્રકારની ખેતી વચ્ચે અમુક પાયાનો ભેદ છે.

પ્રાકૃતિક ખેતી અને ઓર્ગેનિક ખેતી (સેન્દ્રીય ખેતી) બન્ને રસાયણ મુક્ત ખેતી પદ્ધતિઓ છે, જે કુદરતી સંસાધનોના જતન પર ભાર મૂકે છે. આ બંને પદ્ધતિઓ પર્યાવરણની જાળવણી અને ટકાઉ ખેતીના સિદ્ધાંતો પર આધારિત છે, પરંતુ તેમની કાર્યપદ્ધતિ અને અભિગમમાં નોંધપાત્ર તફાવતો છે.

પ્રાકૃતિક ખેતી "ઓછા ખર્ચની કુદરતી ખેતી" તરીકે ઓળખાય છે. આ પદ્ધતિમાં બહારના કોઈ સંસાધનોનો ઉપયોગ કરવામાં આવતો નથી. ખેડૂતો પોતાના ખેતરમાંથી જ બિયારણ મેળવે છે અને ગાયના ગોબર-મૂત્ર, જીવામૃત, અને બીજામૃત જેવા કુદરતી ઉત્પાદનોનો ઉપયોગ કરે છે. આ પદ્ધતિ ખેડૂતોને આર્થિક રીતે સ્વાવલંબી બનાવે છે અને ખેતીની પરંપરાગત પદ્ધતિઓને જીવંત રાખે છે.

સૌ પ્રથમ તો પ્રાકૃતિક ખેતીની એક મહત્વપૂર્ણ વિશેષતા એ છે કે જમીનને ખેડવામાં આવતી નથી. આનાથી જમીનમાં રહેલા સૂક્ષ્મજીવાણુઓની સંખ્યા કુદરતી રીતે વધે છે અને જમીનનું જૈવિક માળખું જળવાઈ રહે છે. અંહિ સંપુર્ણપણે અળસીયાઓની જમીન છેદનની કુદરતી પ્રક્રિયા પર નિર્ભરતા રાખવામાં આવે છે. અળસીયાઓની જમીન છેદનની પ્રવૃત્તિને કારણે જમીન પોચી અને ભરભરી બને છે, જે ભેજ સંગ્રહ શક્તિ વધારે છે. આ ઉપરાંત, જમીનમાં કાર્બનનું પ્રમાણ વધે છે અને પાણીનો બગાડ ઘટે છે.

વધુમાં પ્રાકૃતિક ખેતીમાં સીધુ જ માનવબળની મદદથી બાહ્ય નિંદામણ કરવામાં આવતુ નથી. અંહિ જે-તે પાક અથવા વૃક્ષોના પાંદડાઓથી જમીનને ઢાંકવામાં આવે છે. આ પ્રક્રિયાને મલ્ચીંગ પણ કહે છે. પાકના અવશેષોને જમીન પર પાથરવાની પ્રક્રિયા ઘણા ફાયદા ધરાવે છે. તે નિંદણ નિયંત્રણમાં મદદ કરે છે, ભેજ જળવાઈ રહે છે, અને જમીનનું ધોવાણ અટકે છે. આ આવરણ સૂક્ષ્મજીવોની વૃદ્ધિ માટે અનુકૂળ વાતાવરણ પણ બનાવે છે અને જમીનનું તાપમાન નિયંત્રિત રાખે છે.

બીજી તરફ, ઓર્ગેનિક ખેતીમાં બાહ્ય સ્રોતમાંથી છાણિયું ખાતર, વર્મીકમ્પોસ્ટ જેવા ઓર્ગેનિક ખાતરોનો ઉપયોગ કરવામાં આવે છે. આ પદ્ધતિમાં જમીનની તૈયારી, ખેડ અને નિંદણ વ્યવસ્થાપન જેવી પાયાની કૃષિ પદ્ધતિઓની જરૂર પડે છે. જોકે, આ પદ્ધતિ પણ રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના ઉપયોગને ટાળે છે.

પ્રાકૃતિક ખેતીમાં મિશ્ર પાક પદ્ધતિને વિશેષ મહત્વ આપવામાં આવે છે. આ પદ્ધતિથી રોગ-જીવાતનું કુદરતી નિયંત્રણ થાય છે અને વિવિધ પાકો એકબીજાને પોષણ પૂરું પાડે છે. મિશ્ર પાક પદ્ધતિ દુષ્કાળ સામે રક્ષણ આપે છે અને ખેડૂત કુટુંબને વિવિધ પ્રકારનો પોષણયુક્ત આહાર પૂરો પાડે છે. આ પદ્ધતિ જમીનની ફળદ્રુપતા પણ વધારે છે.

રાસાયણિક ખેતીમાંથી ઓર્ગેનિક ખેતીમાં રૂપાંતર માટે ૩-૬ વર્ષનો સમય લાગે છે, જ્યારે પ્રાકૃતિક ખેતીમાં આવો લાંબો સમયગાળો જરૂરી નથી.

ઓર્ગેનિક ખેતીની સૌથી મોટી મર્યાદા છે તેમાં જરૂરી મોટા જથ્થામાં ઓર્ગેનિક ખાતર. ઉદાહરણ તરીકે, ૧૦૦ કિલો નાઈટ્રોજન મેળવવા માટે ૨૦ ટન છાણિયું ખાતર જોઈએ. આટલું ખાતર ઉત્પન્ન કરવા ૮-૧૦ ગાયોની જરૂર પડે છે, જે નાના અને મધ્યમ ખેડૂતો માટે આર્થિક અને વ્યવહારિક રીતે મુશ્કેલ છે.

પ્રાકૃતિક ખેતીનો મોટો ફાયદો એ છે કે તેમાં માત્ર એક દેશી ગાયથી જીવામૃત બનાવી શકાય છે, જે મોટા વિસ્તારની ખેતી માટે પૂરતું છે. વળી, નિયમિત પ્રાકૃતિક ખેતી કરવાથી ત્રણ વર્ષ બાદ જીવામૃતની પણ જરૂર પડતી નથી, જે અનેક અનુભવી ખેડૂતોએ સાબિત કર્યું છે. આ પદ્ધતિ ખેડૂતોને આર્થિક સ્વાવલંબન તરફ દોરી જાય છે અને પર્યાવરણની જાળવણીમાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે. જુનાગઢ જિલ્લામાં ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વધારે સંખ્યામાં વળે તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

ખાસ લેખ- ચિરાગ

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# બસ હવે ભણવું નથી, મને વિદ્યા નહિ આવે

બીજા જ દિવસથી સંસ્કૃત ભણવાનું શરૂ થઇ ગયું. શ્રોતમુનિ આશ્રમમાં પાઠશાળાની પણ વ્યવસ્થા હતી પણ ખાસ વિદ્યાર્થીઓ ભણતા દેખાતા નહિ. એક વિદ્વાન મને લઘુકૌમુદીના સૂત્રો કંઠસ્થ કરવા શુદ્ધ ઉચ્ચાર કરીને પાઠ આપતા. સામાન્ય રીતે પંચ સંધિ કંઠસ્થ થયા પછી જ વ્યાકરણ સાધવાનું શરૂ થતું હોય છે. અને પંચસંધિ યાદ કરતા ઓછામાં ઓછા પંદર દિવસ તો લાગે જ. ઈશ્વરની કૃપાથી છ-સાત દિવસમાં જ મેં પંચસંધિ કંઠસ્થ કરી લીધી હતી. મારી ગતિ જોઈને કેટલાકને લાગતું હતું કે હું ભણીને આવ્યો છું. પણ ભણવાની વાત લખું તે પહેલા જમવાની વાત લખું તો સારું.

શ્રોતમુનિમાં ભણીને હું પરમહંસ આશ્રમમાં પાછો આવ્યો. પણ હવે જમવાની શી વ્યવસ્થા કરવી? મારા કરતા મારા પરમાત્માને મારી વધુ ચિંતા હતી. તે બીરગિરિજીના હૃદયમાં વસ્યા. આ એક બહુ જ ભલા મહાત્મા હતા. તેમણે મને પૂછ્યું કે, 'ભિક્ષા કા ક્યા કરોગે?' હું કાંઇ બોલ્યો નહિ. તેમણે જ કહ્યું, 'ફિકર મત કરના, એક અન્નક્ષેત્ર મેં તુમ્હારા પ્રબંધ કરવા દેંગે.'

એ જ આશ્રમમાંથી ચાર-પાંચ મહાત્મા જ્યારે અન્નક્ષેત્રમાં જવા નીકળ્યા ત્યારે મને પણ સાથે લઈ જવા તથા મારા નામથી નાગાજીને ભોજન કરાવવા વ્યવસ્થા કરી.

કોઈ શેઠ દ્વારા પ્રતિદિન ચાળીસ મહાત્માઓ માટે અન્નક્ષેત્રની વ્યવસ્થા ચાલતી હતી. ચાળીસની સંખ્યાની વ્યવસ્થા નાગાજી નામના એક મહાત્મા કરતા હતા. દરવાજા ઉપર ઊભા રહી નિર્ધારિત ચાળીસ સાધુઓને પ્રવેશ અપાવી દરવાજો બંધ કરી દેવાતો. બાકીના બીજા લોકો બીજે ચાલ્યા જતા. બીરગિરિજીની ભલામણથી મને પ્રવેશ મળી ગયો તથા કાયમી પ્રવેશની વ્યવસ્થા પણ થઈ ગઈ. જમવામાં દાળ, ભાત અને બેધર (જવ, ચણા, ઘઉં વગેરેનો મેળવેલો જોડો લોટ)ની જાડી જાડી રોટલીઓ રહેતી. ભૂખ ખૂબ લાગતી એટલે સ્વાદ તરફ ધ્યાન આપ્યા વિના સારી રીતે જમી શકાતું. આ તો બપોરની વાત થઈ. સાંજે ત્રણ જગ્યાએથી બબ્બે રોટલીઓ તથા એક એક ચમચો દાળ મળતી: ચેતનદેવ કુટિયા, શ્રોતમુનિ તથા અવધૂત કુટિયા. સાંજે ઘઉંની રોટલીઓ રહેતી પણ અત્યંત પાતળી રહેતી. હા, ચેતનદેવજીને ત્યાંથી થોડી જાડી રોટલી મળતી. આ છ રોટલી અને ત્રણ ચમચા દાળ તો જાણે છ ગ્રાસમાં જ પૂરી થઈ જાય, એટલી ભૂખ લાગતી. આ સિવાય કૂવાનું પાણી પર્યાપ્ત હતું. બાકી તો રામ તારી માયા! પણ મને તેથી સંતોષ હતો. હું એક જ વાર જમતો તેની જગ્યાએ હવે બે વાર જમવાનું નક્કી કર્યું હતું. છ રોટલીઓ ખાધા પછી બીજી છ હોય તો પણ સરળતાથી ખાઇ શકાય તેવી સ્થિતિ હતી. પણ અલ્પાહારના ઉપદેશનું અહીં અનાયાસે પાલન થઈ રહ્યું હતું. આ થઈ જમવાની વાત.

હવે લાઇટની વાત કરું. પરમહંસ આશ્રમમાં લાઇટની વ્યવસ્થા ન હતી. ગરીબદાસી સંપ્રદાયનો આ આશ્રમ હતો અને તેના મહંત હતા સ્વામી મુખીરામજી. બહુ ભલા તથા નિરભિમાની. સૌના માટે તેમના આશ્રમના દ્વારા ખુલ્લા હતા. કરોડાધિપતિ મહંતોના આશ્રમોમાં ભાગ્યે જ કોઇ અભ્યાગત સાધુ પોષાઇ શકતો, ત્યારે અહીં કોઇના માટે રોકટોક ન હતી. સુવિધાઓ સીમિત હતી. લાઇટ વિના ભણવું કેવી રીતે?

લઘુકૌમુદી લઇને રાત્રે હું નગરમાં જતો, મુખ્ય રોડ ઉપર કોઇ શેઠનો બંગલો, તેનો ઓટલો, ઓટલા ઉપર ઝરૂખાની લાઇટ લટકતી રહે. હું ઓટલા ઉપર બેસીને અધ્યયન કરું. રોડ ઉપર ઘોડાગાડીઓ વગેરેની અવરજવરનો ઘોંઘાટ થયા કરે. પણ મારું ધ્યાન માત્ર ભણવામાં રહે. રાતના દસેક વાગ્યે પાછો આશ્રમમાં આવું. ત્રણ-ચાર દિવસ આવી રીતે અધ્યયન ચાલ્યું હશે ત્યાં એક દિવસ અંદરથી કોઇએ લાઇટ બંધ કરી દીધી. પોતાના ઓટલા ઉપર બેસીને કોઇ રોજ બે કલાક ભણે તે કોને ગમે? હું સમજી ગયો.

બીજા દિવસે પણ આવું જ થયું. મેં ત્યાં જવાનું બંધ કર્યું પણ ત્યારે હવે ભણવું ક્યાં? અંતે મારી નજર એક પ્રસૂતિગૃહ ઉપર પડી. અહીં લાઇટ તો હતી પણ નીચે બેસવાનું કાંઇ ન હતું. હું બે કલાક ઊભો ઊભો અધ્યયન કરતો. થોડા દિવસ તો અધ્યયન સારી રીતે થયું પણ પછી વરસાદ શરૂ થયો. હવે અહીં ઊભા રહી શકાય તેમ ન હતું. બીજી કોઇ લાઇટ મારા ધ્યાનમાં ન આવી એટલે રેલવે સ્ટેશન ઉપર ગયો. પણ ત્યાં યાત્રાળુઓની ભીડ હોય. પણ મેં જોયું કે છેવટની બત્તીએ ખાસ ભીડ નથી હોતી. ત્યાં કોઇ વાર ઊભા રહીને તો કોઇ વાર બેસીને ભણતો. પરમહંસ આશ્રમ આવવા માટે એક દોઢ માઇલ ચાલવું પડતું. આ તો થઇ રાતની વાત.

વહેલી સવારે હું ઊઠી જતો અને પરમહંસ આશ્રમથી થોડે જ દૂર મુંબઇવાળા શેઠના અન્નક્ષેત્રમાં અખંડ નામસંકીર્તન ચાલતું ત્યાં જતો. દરવાજાની પાસેના જ ઓરડામાં ત્રણ-ચાર બંગાળી ભાઇઓ કલાકના મહેનતાણાના હિસાબે ચાર-ચાર કલાક કીર્તન કરતા. મૃદંગ, મંજીરા વગેરે સાથે 'હરે રામ હરે રામ રામ રામ હરે હરે'નો મંત્ર ઊંચા સ્વરે તાલબદ્ધ ગાતા. રૂમમાં વાતાવરણ દૂષિત ન થાય એટલે બારણાને ચોથા ભાગનું ખુલ્લું રાખતા. તેમાંથી જે પ્રકાશ બહાર નીકળતો તે પ્રકાશના અજવાળે હું ભણતો. અંદરવાળાને તો ખબર પણ ન હોય. તે તેમની ધૂનમાં મસ્ત અને હું મારી ધૂનમાં મસ્ત.

આવું કેટલોક સમય ચાલ્યું. પંચસંધિ પૂરી થયા પછી શ્રોતમુનિમાં ભણવા જવાને બદલે હું નજીકની નિંબાર્ક પાઠશાળામાં ભણવા જવા લાગ્યો. અહીં ઘણા વિદ્યાર્થીઓ ભણતા. પંડિતજી સારા હતા, પણ એક દિવસ ઉતાવળથી ભણાવેલો પાઠ મારી સમજમાં ન આવ્યો. હું નિરાશ થઇ ગયો. આશ્રમ આવીને ઘણો સમજવા પ્રયત્ન કર્યો પણ ન સમજાયો. બસ, લઘુકૌમુદીનો ત્યાગ કરીને છત ઉપર ચડીને હું સૂઇ ગયો. બસ હવે ભણવું નથી. મને વિદ્યા નહિ આવે. આવા વિચારોમાં તે દિવસે ભિક્ષા કરવા પણ ન ગયો.

મારી સાથે બીજા બે વિદ્યાર્થીઓ હતા. એક હતા મારાથી બમણી ઉંમરના ઉદાસીન સંત સ્વામી હરિભજનદાસજી. ત્રણ વર્ષથી તે લઘુકૌમુદી ભણતા હતા, પણ હજી અજન્ત પ્રકરણ પૂરું થયું ન હતું. ખૂબ જ તપસ્વી, સંતોષી, નિરભિમાની અને ભક્તિભાવવાળા સંત હતા. પ્રત્યેક અગિયારસના દિવસે સંપુટ સહિત પૂરી રામાયણનો પાઠ કરે. હનુમાન ચાલીસાનો પાઠ કરે. એક જ આસને બેસે. પાણી પણ ન પીએ. પરોઢિયાના ચાર વાગ્યાથી રાતના નવ વાગ્યા સુધી ઓરડો બંધ કરીને ચુપચાપ પાઠ કર્યા કરે. ખૂબ આસ્થા અને ખૂબ જ સંતોષ. આ સંત સાંભળવા પ્રમાણે હિમાલયમાં ચાલ્યા ગયા તથા પાંદડા વગેરે ખાઇને ભજન કરવા લાગ્યા હતા.

# ગુજરાતમાં મિલેટ ક્રાંતિ : માત્ર બે દિવસમાં જ ૨.૯૩ લાખ નાગરિકોએ લીધી "મિલેટ મહોત્સવન"ની મુલાકાત





**મહોત્સવમાં લાગેલા ૬૦૬ સ્ટોલ દ્વારા રૂા.૧.૬૨ કરોડની કિંમતના મિલેટ્સ, પ્રાકૃતિક ખેત પેદાશો અને મિલેટ વાનગીઓનું વેચાણ થયું : મહોત્સવમાં હજારો સ્વાદરસિકોએ મિલેટથી બનેલી વાનગીઓનો આસ્વાદ માણ્યો**

(પ્રતિનિધિ દ્વારા)
ગાંધીનગર તા.૧૪

ગુજરાતમાં જાડા ધાન્ય અને બરછટ અનાજના ઉપયોગ તથા વપરાશને પ્રોત્સાહન આપવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગત તા. ૮ અને ૯ ફેબ્રુઆરી દરમિયાન 'મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટ-૨૦૨૫' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદ ઉપરાંત ગાંધીનગર, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર અને ભાવનગર મહાનગરપાલિકા વિસ્તારમાં આયોજિત આ કાર્યક્રમને નાગરિકોએ બહોળો પ્રતિસાદ આપીને સફળ બનાવ્યો છે. મિલેટ મહોત્સવ અંગે રસપ્રદ માહિતી આપતા કૃષિ મંત્રીશ્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, રાજ્યમાં આયોજિત બે દિવસીય મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટની આશરે ૨.૯૩ લાખથી વધુ નાગરિકોએ મુલાકાત લઈને આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. રાજ્યભરના પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતો, ખેડૂત ઉત્પાદક સંગઠનો, કૃષિ ઉદ્યોગ સાહસિકો, નિકાસકાર તેમજ સ્વસહાય જૂથો દ્વારા આ મહોત્સવમાં કુલ ૬૦૬ સ્ટોલ લગાવવામાં આવ્યા હતા. આ ૬૦૬ સ્ટોલ મારફત બે દિવસમાં કુલ રૂા.૧.૬૨ કરોડનું વેચાણ કરવામાં આવ્યું છે. મંત્રી પટેલે કહ્યું હતું કે, આ મહોત્સવ દરમિયાન મિલેટ અને મિલેટ વાનગીના સ્ટોલે અનેરૂ આકર્ષણ જમાવ્યું હતું. રાજ્યના હજારો સ્વાદરસિકોએ મિલેટથી બનેલી વિવિધ વાનગીઓનો આસ્વાદ માણ્યો હતો. રાજ્યના લાખો શહેરીજનોએ આ મહોત્સવમાં ભાગ લીધો, એ જ શ્રીઅન્ન અને પ્રાકૃતિક ખેત પેદાશના અનન્ય મહત્વ પ્રત્યે નાગરિકોની જાગરૂકતા દર્શાવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની દીર્ઘદ્રષ્ટિથી ઉજવાયેલા 'આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ'ના પરિણામે સમગ્ર વિશ્વના નાગરીકો સુપરફૂડ મિલેટના ફાયદાઓથી પરિચિત થયા છે. અમદાવાદ ખાતે યોજાયેલા રાજ્ય કક્ષાના મિલેટ મહોત્સવમાં માત્ર બે જ દિવસમાં રૂા.૩૮ લાખથી વધુનું વેચાણ કરવામાં આવ્યું હતું. જ્યારે, સુરતમાં રૂા.૨૮.૨૮ લાખ, રાજકોટમાં રૂા.૨૭ લાખ, વડોદરામાં રૂા.૨૦.૬૦ લાખ, ભાવનગરમાં રૂા.૧૮.૮૦ લાખ, જામનગરમાં રૂા.૧૪.૭૫ લાખ તેમજ ગાંધીનગરમાં રૂા.૧૪.૫૦ લાખથી વધુનું વેચાણ કરવામાં આવ્યુ હતું.આ ઉપરાંત ભાવનગર ખાતે યોજાયેલા મિલેટ મહોત્સવની બે દિવસમાં સૌથી વધુ ૮૧,૩૦૦ નાગરીકોએ મુલાકાત લીધી હતી. ત્યારબાદ સુરતમાં ૫૮,૨૦૦ નાગરિકોએ, અમદાવાદમાં ૪૫,૫૦૦ નાગરિકોએ, વડોદરામાં ૩૯,૦૦૦ નાગરીકોએ, રાજકોટમાં ૨૫,૭૦૦ નાગરિકોએ, જામનગરમાં ૨૬,૨૦૦ નાગરિકોએ તેમજ ગાંધીનગરમાં ૨૧,૮૦૦ નાગરિકોએ મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટની મુલાકાત લીધી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, મિલેટ્સ ઉત્પાદનોના વેચાણ માટે કુલ ૧૮૦ સ્ટોલ, પ્રાકૃતિક ખેત પેદાશોના વેચાણ માટે કુલ ૧૬૯ સ્ટોલ, મિલેટ અને પ્રાકૃતિક પેદાશોની વાનગીઓના વેચાણ માટે ૧૧૭ લાઈવ ફૂડ સ્ટોલ, રાજ્ય સરકારની વિવિધ સંસ્થાઓના ૪૨ સ્ટોલ, મધના વેચાણ માટે ૨૫ સ્ટોલ, હેન્ડીક્રાફ્ટ વેચાણ અને મનોરંજન માટે ૨૪ સ્ટોલ, ખેત ઉત્પાદનોના નિકાસ માટે ૨૨ સ્ટોલ, છોડ અને બિયારણના વેચાણ માટે ૧૫ સ્ટોલ તેમજ પ્રાકૃતિક કૃષિ ઈનપુટ્સના વેચાણ માટેના ૧૨ સ્ટોલ મળીને કુલ ૬૦૬ સ્ટોલ લગાવવામાં આવ્યા હતા.

# પૂર્ણિમાના દિવસે શ્રીકષ્ટભંનજન દેવનું ષોડશોપચાર પૂજન કરાયું



(પ્રતિનિધિ દ્વારા)
સાળંગપુર તા.૧૪

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશ દાસજી (અથાણાવાળા) ની પ્રેરણાથી તેમજ કોઠારીશ્રી વિવેકસાગર દાસજી સ્વામીના માર્ગદર્શનથી તા.૧૨-૦૨-૨૦૨૫ને બુધવારના રોજ શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજીને દિવ્ય વાઘા ધરાવાયા છે,આજે સવારે ૫:૩૦ કલાકે મંગળા આરતી પૂજારી સ્વામી દ્વારા તથા સવારે ૭:૦૦ કલાકે શણગાર આરતી કોઠારીશ્રી વિવેકસાગરદાસજી સ્વામી દ્વારા કરવામાં આવી હતી. દાદાના સિંહાસને આજે સેવંતીના રંગબેરંગી ફુલનો શણગાર કરાયો છે.મંદિર પરિસરમાં આવેલ યજ્ઞશાળામા મારુતિયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આજે હરિભક્તના યજમાન પદે આજે દાદાનું ષોડશોપચાર પૂજન સાંજે ૪થી ૬:૧૫ કરી સંધ્યા આરતી પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી(અથાણાવાળા) દ્વારા કરવામાં આવી હતી. આ સાથે સિંહાસને ૨૦૦ કિલો સેવંતીના રંગબેરંગી ફુલનો શણગાર કરાયો,દાદાને દિવ્ય શણગાર સાથોસાથ ફળ,પુષ્પ, ડ્રાયફ્રુટ વિગેરે ધરવવામાં આવેલ, પુષ્પવર્ષા કરવામાં આવેલ, દાદાની દિવ્ય સંધ્યા આરતી ૬:૧૫ કલાકે કોઠારીશ્રી વિવેકસાગરદાસજી સ્વામીદ્વારા કરવામાં આવી હતી. તેમજ હજારો ભક્તોએ પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન આ દિવ્ય દર્શનનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કર્યો હતો. શ્રી સાળંગપુર ધામમાં શ્રી કષ્ટભંજન દેવને પૂર્ણિમાના પવિત્ર દિવસે દિવ્ય અને ભવ્ય રીતે પૂર્ણિમા પૂજન (ષોડશોપચાર) કેવળ ને કેવળ શ્રી હનુમાનજી મહારાજની પ્રસન્નતા માટે આશીર્વાદ માટે કરવામાં આવે છે.ષોડશોપચાર પદ્ધતિ પ્રમાણે પૂજા ૧૬ ચરણોમાં કરવામાં આવે છે. ભોજન, અર્ધ્ય, આમચન, સ્નાન, વસ્ત્રો, આંતરવસ્ત્રો (યજ્ઞોપવીત અથવા પવિત્ર દોરો), આભૂષણો, સુગંધ, ફૂલ, ધૂપ, દીપ, નૈવેદ્ય, તાંબુલ, સ્તુતિ, તર્પણ અને નમસ્કાર કરી શ્રી હનુમાનજી મહારાજની આરતી કરી દાદાને પ્રસન્ન કરવામાં આવે છે.આ પૂજન અંદાજે ૧ કલાક સુધી ચાલે છે. આ ષોડશોપચાર પૂજન શ્રી સાળંગપુર ધામમાં દર પૂર્ણિમાના દિવસે સાંજે ૪ થી ૬:૧૫ વાગ્યા સુધી કરવામાં આવે છે. પૂજનના અંત ભાગમાં દાદાની ભવ્ય રીતે સમૂહ સંધ્યા આરતી કરવામાં આવે છે.

### બીગ બીએ પોસ્ટમાં લખ્યું હતું કે જવાનો સમય આવી ગયો છે

# કોને મળશે અમિતાભ બચ્ચનની ૧૬૦૦ કરોડ રૂપિયાની પ્રોપર્ટી?



**બિગ બીએ આ જ ઈન્ટરવ્યુમાં આગળ એવું પણ જણાવ્યું હતું કે હું દીકરીઓને પારકી થાપણ નથી માનતો**

(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ, તા.૧૪

બોલીવૂડના મહાનાયક અમિતાભ બચ્ચન તેમની પર્સનલ અને પ્રોફનલ બંને લાઈફને કારણે ચર્ચામાં આવતા હોય છે. એમાં પણ છેલ્લાં કેટલાક સમયથી તો પરિવારમાં ચાલી રહેલાં વિખવાદને કારણે બચ્ચન પરિવાર ખૂબ જ ચર્ચામાં રહે છે. હાલમાં જ સોશિયલ મીડિયા પર એક્ટિવ રહેતાં બિગ બીએ પોતાના સોશિયલ મીડિયા પર એક ક્રિપ્ટિક પોસ્ટ શેર કરી હતી જેને કારણે ફેન્સ ચિંતામાં પડી ગયા હતા. બિગ બીએ પોસ્ટમાં લખ્યું હતું કે જવાનો સમય આવી ગયો છે.આ બધા વચ્ચે હવે બિગ બીની પ્રોપર્ટી વહેંચણીને લઈને પણ સોશિયલ મીડિયા પર જાત-જાતના દાવા કરાઈ રહ્યા છે. જો તમને પણ એ સવાલ સતાવી રહ્યો હોય કે બિગ બીની ૧૬૦૦ કરોડની પ્રોપર્ટી કોને મળશે તો ચાલો તમને જણાવીએ-બિગ બી ૮૩ વર્ષે હજી સુધી એક્ટિવ છે અને તેઓ કામ કરી રહ્યા છે.અગાઉ કહ્યું એમ બિગ બીએ કરેલી ક્રિપ્ટિક પોસ્ટ બાદ ફેન્સ હવે એવા ક્યાસ લગાવી રહ્યા છે કે બિગ બી હવે રિટાયરમેન્ટ એનાઉન્સ કરી શકે છે. આવી પરિસ્થિતિમાં તેમની પ્રોપર્ટીમાંથી કોને શું મળશે એ જાણવાની તાલાવેલી થાય એ સ્વાભાવિક છે. પરંતુ ભાઈસાબ આ બિગ બી છે અને તેમણે પોતાનું વસિયતનામું તૈયાર જ રાખ્યું છે.એક ઈન્ટરવ્યુમાં બિગ બીએ ખુદ ખુલાસો કર્યો હતો કે જ્યારે હું મરીશ ત્યારે મારી પાસે જે પણ કંઈ હશે તે મારી દીકરી શ્વેતા અને મારા દીકરા અભિષેક વચ્ચે બરાબર હિસ્સે વહેંચવામાં આવશે.

આ મામલે દીકરા-દીકરીમાં કોઈ તફાવત નહીં કરવામાં આવે. બિગ બીના આ ઈન્ટરવ્યુ બાદ એ વાત તો સ્પષ્ટ થઈ ગઈ છે કે બિગ બીની ૧૬૦૦ કરોડ રૂપિયાની પ્રોપર્ટીના સરખેસરખા ભાગ કરવામાં આવશે અને તે શ્વેતા અને અભિષેકને આપવામાં આવશે.બિગ બીએ આ જ ઈન્ટરવ્યુમાં આગળ એવું પણ જણાવ્યું હતું કે હું દીકરીઓને પારકી થાપણ નથી માનતો. આપણે ત્યાં લોકો કહે છે કે દીકરી તો પારકી થાપણ કહેવાય. તે સાસરે જતી રહે, પણ શ્વેતા બિગ બી માટે હજી પણ તેમની દીકરી જ છે.

શ્વેતાનો પણ બિગ બીના ઘર, પ્રોપર્ટી પર એટલો જ અધિકાર છે જેટલો અભિષેકનો છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

પરમાત્માના નામ સાથે પ્રીતિ કરો.
- પ.પૂ. શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા. મહેર-૧૩૯૪, મુ. શાબાન-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, મહા વદ-૨ મુ. શબ્બે બારાત તા.૧૪ ફેબ્રુઆરી ૨૦૨૫, શુક્રવાર, પારસી તા.૪, મુસ્લિમ તા.૧૫, પૂર્વાફાલ્ગુની નક્ષત્ર, અતિગંડ યોગ, તૈતિલ કરણ, સૂ.ઉ.૭:૨૬, સૂ.અ.૬:૪૫

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ), કાલે પરોઢે ૫:૪૩ ક. પછી જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ) છે.
- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: કૌટુંબિક કાર્યમાં વિક્ષેપ પડે. મહેનત પ્રમાણે ફળ ઓછું મળે.
વૃષભ:નવિન ઓળખાણ દ્વારા લાભ થાય. ક્રોધ પર કાબુ રાખવો હિતાવહ.
મિથુન:જીવનસાથી સાથે વિશેષ સ્નેહ રહે. લાભની આશા ફળે.
કર્ક: વ્યર્થ ખર્ચનો પ્રસંગ બને. માનસિક ચિંતામાં વધારો થાય.
સિંહ: વિરોધીઓથી સાવધ રહેવું. મનની મુરાદ વિલંબથી ફળે.
કન્યા: જીવનસાથી કે વડીલ વર્ગથી મતભેદ રહે. મન વ્યગ્ર રહે.
તુલા: તબિયત અંગે સાવચેતી જરૂરી બને. મહત્વની સમસ્યાનો ઉકેલ આવે.
વૃશ્ચિક:મનમાં ઉત્સાહ રહે. રોકાયેલા નાણાં છૂટા થાય.
ધન: વ્યવસાય-નોકરીને લગતા કાર્યમાં પ્રતિકૂળતા રહે. ધીરજની કસોટી થાય.
મકર: કૌટુંબિક મહત્વના કાર્યમાં પ્રગતિ થાય. વાહન-મકાન જમીનને લગતા કાર્યમાં સફળતા મળે.
કુંભ: કાર્યબોજ હળવો બને. ધાર્મિક કાર્યમાં મન પરોવાય.
મીન: મનમાં અકારણ ચિંતા અનુભવાય. વાણી ઘર્ષણનો યોગ છે.


# અમરેલીમાં શિક્ષકે વિદ્યાર્થી ઉપર આચર્યું સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમરેલી,તા.૧૪

અમરેલી- સાવરકુંડલા પંથકમાંથી શિક્ષણ જગતને કલંકિત કરતી ઘટના સામે આવી છે. સાવરકુંડલા તાલુકાના વંડા વિસ્તારની ખાનગી શાળામાં સ્કૂલના વિદ્યાર્થી પર શિક્ષક દ્વારા દુષ્કર્મ આચર્યાની પોલીસ ફરિયાદ નોંધાતા ચકચાર મચી જવા પામી છે. આરોપી શિક્ષકને પકડીને પૂછપરછ શરૂ કરી છે. આજે પોલીસ દ્વારા પત્રકાર પરિષદ યોજી મીડિયા સમક્ષ રજૂ કરવામાં આવશે. પ્રાપ્ત માહિતી અનુસાર અમરેલી-સાવરકુંડલા તાલુકાના વંડા વિસ્તારની એક ખાનગી શાળા શિક્ષકે શિક્ષણ જગતને શર્મશાર કરતી હરકત કરી છે. વંડા વિસ્તારમાં આવેલી ખાનગી શાળાના શિક્ષ વિશાલ સાવલીયાએ શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ઉપર સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય આચર્યુ છે. શિક્ષણજગતને શર્મશાર કરતી ઘટના સામે આવતા ખળભળાટ મચી જવા પામ્યો છે. આ અંગે પોલીસ ફરિયાદ નોંધાતા પોલીસે આરોપી શિક્ષકને ઝડપી પાડી પૂછપરછ શરૂ કરી છે.

વિદ્યાર્થી ઉપર શિક્ષક દ્વારા સૃષ્ટિ વિરુદ્ધ અને દુષ્કર્મ એટ્રોસીટી એક્ટ હેઠળ ગુન્હો નોંધાતા ઘેરા પ્રત્યાધાતો પડી શકે છે. ઘટનાની ગંભીરતા દાખવી છજીઁ સહીત પોલીસ અધિકારીઓ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરી દીધો છે.

# દ્વારકાના રાંદલ ધામ ખાતે બીજી માર્ચે સમૂહ લોટાનો ભવ્ય ધર્મોત્સવ



(પ્રતિનિધિ દ્વારા)
જામ કંડોરણા તા.૧૪

દ્વારકાના કકલાસ કુંડ નજીક આવેલા શ્રી રાંદલ ધામ ખાતે આગામી તા. બીજી માર્ચ ને રવિવારના રોજ રાંદલ માતાજીના સમૂહ લોટાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ ધર્મોત્સવમાં અત્યાર સુધીમાં ૯૦ જેટલા રાંદલ લોટા તેડવાના યજમાનોના નામ નોંધાઈ ચુકયા છે. રાંદલ માતાજીના લોટા તેડવાના કાર્યક્રમમાં માતાજીનું પૂજન, કુંવારિકા ભોજન મહાઆરતી, દાંડીયા રાસ, શોભાયાત્રા સહિતના કાર્યક્રમો યોજાશે. આ ધર્મોત્સવ અંતર્ગત રાંદલ ધામ મંદિર પરિસરને સુંદર લાઈટીંગ-ડેકોરેશનથી સુશોભિત કરવામાં આવ્યું છે. રાંદલ માતાજીના બે લોટા તેડવાનો ખર્ચ રૂા.૨૧૦૦ રહેશે. જે માટેના નામ નોંધાવવાની છેલ્લી તા. ૨૮ ફેબ્રુઆરી છે. આ તમામ આયોજન માટે આયોજક શ્રી સૂર્યનારાયણ દેવ તથા શ્રી સત્યનારાયણ દેવ રહેશે. આ ધર્મોત્સવમાં વધુમાં વધુ માઈભકતો જોડાય તે માટે જાહેર અનુરોધ કરાયો છે.

# ભારતમાં સૌથી ધીમા ટ્રાફિક સાથેનું શહેર કોલકાતા છે

**નવી દિલ્હીને ૧૦ કિ.મી.ની મુસાફરી માટે સરેરાશ ૨૩ મિનિટના મુસાફરી સમય સાથે આ ઈન્ડેક્સમાં ૧૦મું સ્થાન આપવામાં આવ્યું છે, બેંગ્લુરૂ એ કોલકાતા પછી ક્રમમાં આવે છે અને વૈશ્વિક સૂચકાંકમાં ત્રીજા ક્રમે છે**



(એજન્સી) તા.૧૪

ડચ લોકેશન ટેક્નોલોજી ફર્મ, ૨૦૨૪ ટોમટોમ ટ્રાફિક સૂચકાંક અનુસાર મુસાફરી સમયની વાત આવે ત્યારે કોલકાતા વિશ્વનું બીજું સૌથી ધીમું શહેર છે. અહીં ટ્રાફિક ભીડ હજુ પણ એક પડકાર બની રહી છે, જેમાં સરેરાશ મુસાફરી સમય ફક્ત ૩૪ મિનિટ અને ૩૩ સેકન્ડમાં માત્ર ૧૦ કિ.મી.નો છે. કોલકાતા ફક્ત બરનક્વિલા શહેરથી પાછળ છે, જેનો સરેરાશ મુસાફરી સમય ૩૬ મિનિટ અને ૬ સેકન્ડ છે. બરનક્વિલા સૌથી ધીમા મુસાફરી સમય માટે વિશ્વમાં ટોચનું સ્થાન ધરાવે છે, ત્યારે તે ભીડ સૂચકાંકમાં ઘણું સારૂં સ્થાન ધરાવે છે, જેમાં કોલકાતા ૧૬૯મા ક્રમે છે તેની સરખામણીમાં ૧૬મા ક્રમે છે. કોલંબિયાના આ શહેરની સરેરાશ ગતિ ૨૧.૬ કિ.મી. પ્રતિ કલાકની થોડી વધુ છે. કોલકાતામાં ટ્રાફિક ખૂબ ધીમી ૧૪.૫ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે ચાલે છે. ભારતના અન્ય મુખ્ય શહેરો પણ સમાન સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. બેંગ્લુરૂ કોલકાતાને અનુસરે છે અને વૈશ્વિક સૂચકાંકમાં ૩૪ મિનિટ અને ૧૦ સેકન્ડના સરેરાશ મુસાફરી સમય સાથે ત્રીજા ક્રમે છે. પુણે ૩૩ મિનિટ અને ૨૨ સેકન્ડના સરેરાશ મુસાફરી સમય સાથે ચોથા ક્રમે છે. નવી દિલ્હી ૧૦ કિ.મી.ની મુસાફરી માટે સરેરાશ ૨૩ મિનિટના મુસાફરી સમય સાથે સૂચકાંકમાં ૧૦મા ક્રમે છે. હૈદરાબાદ, ચેન્નાઈ અને મુંબઈ જેવા અન્ય શહેરોએ પણ આ યાદીમાં સ્થાન મેળવ્યું છે. આ અહેવાલમાં જણાવાયું છે કે, અભ્યાસ કરાયેલા ૫૦૦ શહેરોમાંથી ૭૬ ટકા શહેરોમાં ૨૦૨૩ની સરખામણીમાં સરેરાશ ગતિમાં ઘટાડો જોવા મળ્યો છે, જે વિશ્વભરમાં ટ્રાફિકની સ્થિતિ વધુ ખરાબ હોવાનો સંકેત આપે છે. ટોમટોમ ટ્રાફિક ઈન્ડેક્સ મુસાફરીના સમયનું વિશ્લેષણ કરવા માટે ફ્લોટિંગ કાર ડેટા (FCD)નો ઉપયોગ કરે છે, ટ્રાફિક પેટર્નમાં આંતરદૃષ્ટિ પ્રદાન કરવા માટે બહુવિધ સ્ત્રોતોમાંથી માહિતીનો ઉપયોગ કરે છે. આ અહેવાલ મુસાફરીના સમયને પ્રભાવિત કરતા બે મુખ્ય શ્રેણીઓને ઓળખે છે. રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, શેરીના પ્રકારો અને ગતિ મર્યાદા જેવા અર્ધ-સ્થિર પરિબળો અને ટ્રાફિક ભીડ, બાંધકામ કાર્ય અને હવામાન પરિસ્થિતિઓ જેવા ગતિશીલ પરિબળો. આ પરિબળો દરેક શહેરમાં એકંદર મુસાફરીના સમય ઉપર અસર કરે છે.

# ‘ટેક્નોલોજીનો ઉપયોગ નહીં કરો તો તમે પતી જશો’ કેરળ બિઝનેસ સમિટ ૨૦૨૫ ખાતે રાજીવ ચંદ્રશેખર



(એજન્સી) તા.૧૪

પૂર્વ કેન્દ્રીય મંત્રી રાજીવ ચંદ્રશેખરે મલયાલા મનોરમા સંપદ્યમ કેરળ બિઝનેસ સમિટ ૨૦૨૫ ખાતે વૈશ્વિક વલણો ઉપર પ્રકાશ પાડ્યો અને ઉદ્યોગસાહસિકોને ટેક્નોલોજી અપનાવવા હાકલ કરી. કોચીના બોલગાટ્ટી ટાપુ પર એક ખુશનુમા સવારે, મલયાલા મનોરમા સંપદ્યમ કેરળ બિઝનેસ સમિટ ૨૦૨૫ ખાતે વ્યવસાયના કેટલાક મોટા માથાં મળ્યા. તેમના ઉદ્‌ઘાટન ભાષણમાં ભારતીય અર્થતંત્રમાં નવીનતમ વલણો ઉપર પ્રકાશ પાડતા પૂર્વ કેન્દ્રીય મંત્રી અને ઉદ્યોગ સાહસિક રાજીવ ચંદ્રશેખરે જાહેરાત કરી કે વ્યવસાયનું ક્ષેત્ર ગમે તે હોય, ‘‘ટેક્નોલોજીનો ઉપયોગ તમે નહીં કરો તો પતી જશો’’, ચંદ્રશેખરે જણાવ્યું કે ‘‘આજે, જ્યાં પ્રતિભા છે ત્યાં રોકાણ જશે અને જ્યાં તકો છે ત્યાં પ્રતિભા જશે’’, તેમણે કેરળને ભવિષ્ય માટે યોગ્ય પ્રતિભા બનાવવા અને તેમને રાજ્યમાં જાળવી રાખવાની જરૂરિયાત ઉપર પ્રકાશ પાડ્યો. દેશ જે ‘સંક્રમણકાળ’માંથી પસાર થઈ રહ્યો છે તેના ઉપર ભાર મૂકતા, ચંદ્રશેખરે કહ્યું કે ડોનાલ્ડ ટ્રમ્પ યુએસ પ્રમુખ તરીકે શપથ લીધા છે ત્યારે વૈશ્વિક ઘટનાઓનો પણ આંતરરાષ્ટ્રીય સ્તરે મોટો પ્રભાવ પડશે તે અંગે વાત કરી. ચંદ્રશેખરે ટેક્નોલોજીને અપનાવવાની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો, તેમણે યાદ કર્યું કે બ્રાઝિલ સરકારે તેમને તેમની ચાલુ ડિજિટાઈઝેશન વ્યૂહરચના ઉપર ચર્ચા કરવા માટે કેવી રીતે આમંત્રણ આપ્યું હતું. તેમણે યાદ કર્યું કે કેવી રીતે ડિજિટાઈઝેશન ભારતીય અર્થતંત્રમાં મોટો ફેરફાર લાવી રહ્યું છે, ખાસ કરીને ૨૦૧૪થી. તે પહેલાં, ‘ભારત અને કેરળ, ૫-૧૦ સમૂહોની આસપાસ કેન્દ્રિત હતા.’ દેશ ‘જાહેર ક્ષેત્ર અને ફક્ત આ સમૂહો ઉપર આધારિત હતો’ અને વૈશ્વિક સ્તરે WTO ઉપર આધારિત હતો, જેના કારણે ચીન વિશ્વભરમાં એક મુખ્ય પ્રભાવક બન્યું. જો કે, ભારતીય અર્થતંત્રનું માળખું બદલાઈ ગયું છે અને તે ઉદ્યોગસાહસિકો, કંપનીઓ અને ટેક્નોક્રેટ્સના ‘મોટા ઈકોસિસ્ટમ’ની કરોડરજ્જુ પર ખીલી રહ્યું છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ભારત સહિત વધુને વધુ રાષ્ટ્રોએ મોટી ‘ચાઈના પ્લસ વન’ વ્યૂહરચના અપનાવી, જેના કારણે વૈશ્વિક વેપાર અને વાણિજ્ય ઉપર ચીનનો પ્રભાવ ઓછો થયો. મલયાલા મનોરમા અને મલયાલા મનોરમાના એક્ઝિક્યુટિવ એડિટર અને ડિરેક્ટર જયંત મામેન મેથ્યુનો આભાર માનતા, પૂર્વ મંત્રીએ ખાસ કરીને ભારત અને ખાસ કરીને કેરળના બદલાતા સમયમાં ‘ગ્રો ગ્લોબલ, થિંક ગ્લોબલ’ સમિટની સુસંગતતા વિશે વાત કરી,. મેથ્યુએ સભાને સંબોધન કરતા જણાવ્યું કે, કેવી રીતે કેરળ હંમેશા ઉદ્યોગસાહસિકતા અને સંસાધનોમાં ખાસ કરીને સોના, નાણાં અને સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમના ક્ષેત્રોમાં અગ્રણી રાજય રહ્યું છે. બેંક ઓફ બરોડાના જીએમ અને ઝોનલ હેડ, શ્રીજીત કોટ્ટારથિલનું ઉદ્‌ઘાટન પ્રસંગે સન્માન કરવામાં આવ્યું હતું અને તેમણે વ્યવસાયના શ્રેષ્ઠ દિમાગને એકસાથે લાવવા બદલ આ કાર્યક્રમની પ્રશંસા કરી હતી. કેરળ બિઝનેસ સમિટની બીજી આવૃત્તિને મુથૂટ ફિનકોર્પ, બેંક ઓફ બરોડા, DBFS અને CIAL દ્વારા સમર્થન આપવામાં આવ્યું હતું.

# નાબાર્ડે નાણાં મંજૂર કરતા નર્મદાના નીર કચ્છના છેવાડાના ગામડાઓમાં પહોંચશે

અમદાવાદ,તા.૧૪

નર્મદા નદીનું પાણી નર્મદા શાખા કેનાલ મારફતે ગુજરાતના અનેક ભાગો અને રાજસ્થાન સુધી પહોંચે છે. હવે કચ્છ જિલ્લાના અંતરાળના ગામડાના ખેડૂતોને પણ નર્મદા જળનો લાભ મળશે. કચ્છ જિલ્લો દેશનો સૌથી મોટો જિલ્લો છે અને તેના મોટાભાગના ભાગોમાં અત્યાર સુધી સિંચાઈના પાણીની અછત રહી છે. ટપ્પર ડેમથી જિલ્લાના વિવિધ ગામડાઓ સુધી પાઈપલાઈન નાખવાની આ યોજનાથી ૧૨૭ ગામડાના લગભગ ૨ લાખ લોકો લાભાન્વિત થશે અને ૧.૫૭ લાખ હેક્ટર જમીનને સિંચાઈ માટે પાણી ઉપલબ્ધ થશે. વર્ષ ૨૦૨૩-૨૪માં અમલમાં મૂકાયેલા પ્રથમ તબક્કામાં નાબાર્ડે ૩૨૩૫ કરોડનું ઋણ મંજૂર કર્યું હતું. હવે બીજા તબક્કા હેઠળ રૂા ૨૦૦૬ કરોડનું ઋણ મંજૂર કરવામાં આવ્યું છે. આ રિયાયતી દરે અપાતું ઋણ ગ્રામિણ આધારભૂત રચના વિકાસ નિધિ (આરઆઈડીએફ) હેઠળ મંજૂર કરવામાં આવ્યું છે. બીજા તબક્કામાં પાઈપલાઈન માકણપર ગામ સ્થિત મુખ્ય સ્ટેશનથી નારા રિઝર્વોઈર સુધી (ઉત્તરી લિંક કેનાલ) અને ટપ્પર સ્થિત મુખ્ય પંપિંગ સ્ટેશનથી સાંધરો રિઝર્વોઈર સુધી (દક્ષિણ લિંક કેનાલ) નાખવામાં આવી રહી છે. ઉત્તર અને દક્ષિણ લિંક કેનાલો દ્વારા પાણીની ઉપલબ્ધતાથી, કચ્છના દૂરના ગામડાઓના ખેડૂતો એકથી વધારે પાકોનું વાવેતર કરી શકશે. ગ્રામીણ આધારભૂત રચના વિકાસ નિધિ (આરઆઈડીએફ) એ ભારત સરકાર દ્વારા નાબાર્ડમાં સ્થાપિત ફંડ, જે ગ્રામિણ વિસ્તારની પાયાની સુવિધાઓ માટે સહાય પૂરી પાડે છે. ૧૯૯૫-૯૬માં સ્થાપિત આ ફંડ દ્વારા નાબાર્ડે ગુજરાત સરકારને અત્યાર સુધી ૬૩,૪૭૭ પ્રોજેક્ટ માટે ૪૫,૯૫૭ કરોડનું ઋણ સહાય મંજૂર કર્યું છે. તેમાં સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ યોજના (સૌની), સૂર્યશક્તિ ખેડૂત યોજના, ભાડભૂત બેરેજ પ્રોજેક્ટ અને કચ્છ શાખા કેનાલ યોજના મુખ્ય છે.

# ૧૪ વર્ષની જેલની સજા ઉપર ઈમરાન ખાને પોતાની પહેલી પ્રતિક્રિયામાં નવાઝ શરીફ ઉપર આરોપ લગાવ્યા


ઈસ્લામાબાદ તા.૧૪

પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનને અલ-કાદિર ટ્રસ્ટ સંબંધિત જમીન કૌભાંડમાં ૧૪ વર્ષની સજા ફટકારવામાં આવી છે. સ્થાનિક કોર્ટે આ કૌભાંડમાં મહત્ત્વનો ચૂકાદો આપતાં ઈમરાનની પત્નીને પણ સાત વર્ષની જેલની સજા ફટકારી છે. પોતાની પહેલી પ્રતિક્રિયામાં, ખાને પૂર્વ વડાપ્રધાન નવાઝ શરીફ ઉપર દોષનો ટોપલો ઢોળ્યો. અલ-કાદિર કેસને ‘પાયાવિહોણો’ ગણાવતા, ઈમરાન ખાનના પક્ષે એક ટ્વિટમાં દાવો કરવામાં આવ્યો હતો કે વર્તમાન શહબાઝ શરીફની આગેવાની હેઠળની સરકાર ‘સમગ્ર વિશ્વમાં પોતાની મજાક ઉડાવશે અને પોતાને ઊંડી શરમ આપશે’. X ઉપરની પોસ્ટમાં આગળ લખ્યું છે કે, ‘મને એવા કેસમાં સજા આપવાની માંગ કરવામાં આવી રહી છે જેમાં ન તો મને વ્યક્તિગત રીતે એક રૂપિયો પણ મળ્યો છે અને ન તો સરકારને એક રૂપિયો પણ આર્થિક નુકસાન થયું છે. ‘તેમણે વર્તમાન વડા પ્રધાનના ભાઈ નવાઝ શરીફ ઉપર ૯ અબજ રૂપિયાની લાંચ લેવાનો આરોપ મૂક્યો. હાલ ઈમરાન ખાન અને બુશરા બીબી બંને જેલમાં જ બંધ છે. કોર્ટે ઈમરાન અને બુશરા ઉપર રૂા.૧૦ લાખ અને રૂા.૫ લાખનો દંડ પણ ફટકાર્યો હતો. તેમજ દંડની રકમ ચૂકવવામાં નિષ્ફળ રહ્યા તો બંનેને છ મહિનાની જેલની સજા પણ થઈ શકે છે. નેશનલ એકાઉન્ટબિલિટી બ્યૂરોએ ડિસેમ્બર, ૨૦૨૩માં ઈમરાન ખાન, તેના પત્ની બુશરા બીબી, સહિત અન્ય છ વિરૂદ્ધ રાષ્ટ્રીય ખજાનાને ૧૯ કરોડ પાઉન્ડનું નુકસાન પહોંચાડવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. ડિસેમ્બર, ૨૦૨૩માં અલ-કાદિર યુનિવર્સિટી ટ્રસ્ટ કેસમાં ભ્રષ્ટાચાર અને રાષ્ટ્રીય ખજાનાનો ગેરકાયદે ઉપયોગ કરવા બદલ પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાન, તેના પત્ની બુશરા બીબી અને અન્ય સાત લોકો વિરૂદ્ધ કેસ ફાઈલ થયો હતો. અગાઉ ત્રણ વખત ચુકાદો સ્થગિત કરાયા બાદ જસ્ટિસ નાસિર જાવેદ રાણાએ અંતે



સજાનો આદેશ આપ્યો હતો. ઈમરાન અને તેના પત્નીએ અલ-કાદિર યુનિવર્સિટી પ્રોજેક્ટ ટ્રસ્ટ સાથે મળી અબજો રૂપિયાનું ભ્રષ્ટાચાર કર્યું હતું. ઈમરાન ખાન અને બુશરા બીબીએ બહરિયા ટાઉન લિ.નો યુકેમાં ચાલતા કેસની પતાવટમાં મદદ કરવા બદલ અબજો રૂપિયા અને જમીન (અંગત લાભ) મેળવી હોવાનો આરોપ હતો. આ મામલે કોર્ટે ઈમરાનને સ્પષ્ટીકરણ આપવા માટે અનેક તકો આપી હોવા છતાં તે પોતાને નિર્દોષ સાબિત કરી શક્યા ન હતાં. પાકિસ્તાનના પ્રોપર્ટી ટાયકૂન અને બહરિયા ટાઉન લિ.ના સ્થાપક મલિક રિયાઝ હુસૈન અને તેમના પુત્ર અહેમદ અલી રિયાઝ, મિર્ઝા શહેઝાદ અકબર અને ઝુલ્ફી બુખારી પણ આ કેસમાં શકમંદ હતા.પરંતુ તપાસ અને ત્યારબાદની કોર્ટ કાર્યવાહીમાં સહયોગ આપવાના બદલે તેઓ ફરાર થયા હતાં. ત્યારબાદ તેમને ગુનેગાર (PO) જાહેર કરવામાં આવ્યા હતાં. પાકિસ્તાનના પ્રોપર્ટી ટાયકૂન મલિક રિયાઝની ૧૯ કરોડ પાઉન્ડની સંપત્તિ યુકેની નેશનલ ક્રાઈમ એજન્સી દ્વારા જપ્ત કરવામાં આવી હતી. આ સંપત્તિ પાકિસ્તાનની સરકારને ટ્રાન્સફર કરવાની હતી. પરંતુ ૨૦૧૯માં જ્યારે ઈમરાન ખાન વડાપ્રધાન પદે સત્તા ઉપર હતાં, ત્યારે તેમણે કેબિનેટ પાસેથી યુકે ક્રાઈમ એજન્સી સાથે સેટલમેન્ટ કરવા મંજૂરી લીધી હતી. જો કે, તેમાં પોતાનો અંગત લાભ જાહેર કર્યો ન હતો. જેમાં સરકારી ખજાનાની રકમને કોર્ટમાં મલિક રિયાઝ વતી રજૂ કરવામાં આવી હતી. થોડા સપ્તાહ બાદ ભ્રષ્ટાચાર વિરોધી તપાસ એજન્સીને અલ-કાદિર ટ્રસ્ટ મળી આવ્યુ હતું. જેના સભ્યો પીટીઆઈ નેતાઓ ઝુલ્ફી બુખારી, બાબર અવાન, બુશરા બીરી અને તેમના મિત્ર ફરાહ ખાન હતા. મલિક રિયાઝે ઈમરાન ખાનને યુકે સરકાર સામે લિગલ પ્રોટેક્શન બદલ શૈક્ષણિક સંસ્થા સ્થાપિત કરવા જમીન આપી હતી.

# પીઓકે વગર જમ્મુ અને કાશ્મીર અધૂરૂં રાજનાથ સિંહની પાકિસ્તાનને ચેતવણી



નવી દિલ્હી તા.૧૪

સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે તાજેતરમાં પાકિસ્તાન સામે કડક વલણ અપનાવ્યું હતું અને તેના ઉપર આતંકવાદી તાલીમ શિબિરો ચલાવવા માટે PoKની જમીનનો ઉપયોગ કરવાનો આરોપ લગાવ્યો હતો. જમ્મુ અને કાશ્મીર રાજ્ય પીઓકે વિના અધૂરૂ હોવાનું ભારપૂર્વકર જણાવતા સિંહે કહ્યું કે, પાડોશી દેશ જમ્મુ અને કાશ્મીરને અસ્થિર કરવા માટે તમામ પ્રયાસો કરી રહ્યો છે. ૯મા સશસ્ત્ર દળોના વેટરન્સ ડે કાર્યક્રમને સંબોધતા સિંહે કહ્યું, જમ્મુ અને કાશ્મીર પીઓકે વિના અધૂરૂં છે. પીઓકે પાકિસ્તાન માટે એક વિદેશી પ્રદેશ કરતાં વધુ કંઈ નથી. પીઓકેની જમીનનો ઉપયોગ આતંકવાદના ધંધા માટે થાય છે. આતંકવાદી તાલીમ શિબિરો પીઓકેમાં ચલાવવામાં આવી રહ્યું છે. પાકિસ્તાને તેમને નષ્ટ કરવા પડશે.સંરક્ષણ મંત્રીએ કહ્યું, પાકિસ્તાન ૧૯૬૫થી ગેરકાયદેસર ઘૂસણખોરી અને આતંકવાદને પ્રોત્સાહન આપી રહ્યું છે.આપણા મુસ્લિમ ભાઈઓએ આતંકવાદ સામે લડતા પોતાના જીવનું બલિદાન આપ્યું છે. આજે પણ, ભારતમાં પ્રવેશનારાઓમાં ૮૦ ટકાથી વધુ મુસ્લિમો છે. મોટાભાગના આતંકવાદીઓ પાકિસ્તાનના છે. સરહદ પારનો આતંકવાદ ૧૯૬૫માં જ ખતમ થઈ ગયો હોત, પરંતુ તત્કાલીન કેન્દ્ર સરકાર યુદ્ધમાં મળેલા વ્યૂહાત્મક ફાયદાને વ્યૂહાત્મક ફાયદામાં રૂપાંતરિત કરવામાં અસમર્થ રહી. પીઓકેના વડા પ્રધાન ચૌધરી અનવરુલ હકે ભારત ઉપર આ ક્ષેત્રમાં આતંકવાદી પ્રવૃત્તિઓમાં સામેલ હોવાનો આરોપ લગાવ્યા બાદ સિંહની આ ટિપ્પણી આવી છે. તેમણે આરોપ લગાવ્યો કે,ભારતે તાજેતરના વિરોધ પ્રદર્શનો દરમ્યાન અશાંતિ ભડકાવવાના પ્રયાસોને ભંડોળ પૂરૂર પાડ્યું હતું. હકે કહ્યું, જો તમે વાટાઘાટો દ્વારા તમારા નાગરિકોને શાંતિપૂર્ણ રીતે પાછા મોકલવામાં સફળ થાઓ, જેનાથી દુશ્મનના હાથમાં જઈ શકે તેવા રક્તપાતને ટાળી શકાય, તો તમારી સંસદીય વ્યવસ્થા સો ટકા મજબૂત બને.

# ગુજરાત આજે મેડિકલ ટુરિઝમના હબ તરીકે વિકસી રહ્યું છે : તેનો વિકાસ દર ૩૩ ટકા વધ્યો

ગાંધીનગર,તા.૧૪

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિદેશ મંત્રાલયના પોલિસી પ્લાનિંગ અને રિસર્ચ ડિવિઝનના નેજા હેઠળ રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ તેમજ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક હેલ્થ, ગાંધીનગર દ્વારા આયોજિત ‘‘હેલ્થ ડિપ્લોમસી અંગે સંવાદ’’નો તાજેતરમાં પ્રારંભ કરાવતા જણાવ્યું હતું કે ગુજરાત આજે મેડિકલ ટુરીઝમના હબ તરીકે વિકસી રહ્યું છે. યોજાયેલા સંવાદનો મુખ્ય હેતુ ગ્લોબલ સાઉથ દેશોમાં ભારતીય નીતિઓ અને શ્રેષ્ઠ પ્રણાલીઓના સંભવિત યોગદાન ઉપર ચર્ચા- મંથન કરવાનો છે. આરોગ્ય સુરક્ષા સુધારવા, ગરીબી ઘટાડવા અને સમાનતા વધારવા માટે ગ્લોબલ સાઉથ દેશો વચ્ચે પરસ્પર સહયોગ સહિતના વૈશ્વિક આરોગ્ય મુદ્દાઓ ઉપર આ સંવાદમાં ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ભારત ગ્લોબલ સાઉથના દેશોમાં જેનેરિક દવાઓ ઉપલબ્ધ કરાવવામાં તેમજ ફાર્મસી રેગ્યુલેશન વર્કમાં સહયોગ પૂરોપાડી રહ્યું છે. વર્તમાન સમયમાં સ્વાસ્થ્ય સંબંધી જટિલ સમસ્યાઓ વધી રહી છે તેના સમાધાન માટે ભારત મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે તેમ છે. આ વૈશ્વિક પડકારો અને તેના સમાધાનરૂપે ભારતની બેસ્ટ પ્રેક્ટીસીસને વિશ્વ સમક્ષ પ્રસ્તુત કરવા માટે આ સંવાદને મુખ્યમંત્રીએ યોગ્ય માધ્યમ ગણાવ્યું હતું. પાછલા દસ વર્ષોમાં આરોગ્ય ક્ષેત્રે દેશમાં અભૂતપૂર્વ વિકાસ થયો છે. દરેક વ્યક્તિને ઉત્તમ સ્વાસ્થ્ય સુવિધાઓ ઉપલબ્ધ તે માટે પ્રિવેન્ટિવ હેલ્થ કેરને પ્રોત્સાહન, ગામડાઓમાં આધુનિક આરોગ્ય સુવિધાઓ, શહેરોમાં મેડિકલ કોલેજ અને રિસર્ચ સંસ્થાઓની સ્થાપના જેવા મુદ્દે દેશમાં એકસાથે કામ થઈ રહ્યું છે તેમ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે રાજ્યમાં હાલમાં આયુષ્માન આરોગ્ય મંદિરથી લઈને મેડિકલ કૉલેજ અને અત્યાધુનિક હૉસ્પિટલ્સ મળીને અગિયાર હજારથી વધુ સ્વાસ્થ્ય સંસ્થાઓ લોકોની આરોગ્ય સુખાકારી માટે કાર્યરત છે. આરોગ્ય ક્ષેત્રે પાયાની સુવિધાઓ સાથે ગુજરાત આજે મેડિકલ ટૂરિઝમના હબ તરીકે વિકસી રહ્યું છે. રાજ્ય સરકારના આ પ્રયાસોના કારણે ગુજરાતના મેડિકલ ટૂરિઝમનો વિકાસ દર ૩૩ ટકા વધ્યો છે. આ વિકાસ દર રાષ્ટ્રીય સ્તરે મેડિકલ ટૂરિઝમ વિકાસ દર કરતા ૧૩ ટકાથી વધારે છે તેમ જણાવતા તેમણે જણાવ્યું હતું. આ સંવાદ વૈશ્વિક સ્તરે મેડિકલ તેમજ સ્વાસ્થ્ય સંબંધી સેવાઓ સાથે સંકળાયેલા તમામ પડકારોના સમાધાન માટે મહત્વપૂર્ણ વિચાર-વિમર્શનો મંચ બનશે. આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં ગુજરાતની આરોગ્ય વ્યવસ્થાઓ વિશ્વસ્તરીય બની છે. આરોગ્ય ક્ષેત્રે પણ સંશોધન કરતી એક અલાયદી સંસ્થાનો વિચાર બીજ પણ IIPH સ્વરૂપે તેમણે જ રોપ્યો હતો જેનો મુખ્ય ઉદ્દેશ IIT, IIM જેવી સંસ્થાનું નિર્માણ કરવાનો હતો. આજે IIPH એ આરોગ્ય ક્ષેત્રે તેના સંશોધન કાર્ય થકી સમગ્ર દેશમાં નામના મેળવી છે. રાજયના પ્રત્યેક જિલ્લામાં મેડિકલ કૉલેજ કાર્યરત કરવા સરકાર કટિબદ્ધ હોવાનું જણાવી રાજયના દુર્ગમ, પહાડી દૂરદરાજના વિસ્તારોમાં વસતા લોકોને પણ સતત શ્રેષ્ઠ આરોગ્ય સેવાઓ મળી રહે તે માટે સરકાર પ્રયાસરત હોવાનું જણાવતા મંત્રીએ કહ્યું કે રાજ્યમાં ઉપલબ્ધ ગુણવત્તા યુક્ત અને વિશ્વ સ્તરીય આરોગ્ય સેવાઓના પરિણામે જ આજે રાજ્યના મેડિકલ ટુરીઝમમાં વધારો થઈ રહ્યો છે.

# દરેક ઋતુનો માર ક્યાં સુધી સહન કરતાં જ રહેવાનો છે ??

અમદાવાદ તા.૧૪

ઋતુઓનું પોતાનું ચક્ર હોય છે અને તે મુજબ તે બદલાતું રહે છે. સમસ્યા ત્યારે ઊભી થાય છે જ્યારે તેનું રૌદ્ર સ્વરૂપ લોકોના સામાન્ય જીવનને અસ્તવ્યસ્ત કરી દે છે અને ક્યારેક તેને સંભાળવું એક સમસ્યા બની જાય છે. આ વખતે, ઠંડા હવામાનને કારણે, ઘણા સ્તરે અવરોધો ઊભા થઈ રહ્યા છે, પણ આમાં કંઈ નવું નથી. તકલીફ એ છે કે, આવી સમસ્યાઓ અને પડકારો લગભગ દર વર્ષે ઉદ્‌ભવતા હોવા છતાં તેની સામેના બચાવના પગલાં લેવા અથવા તેમના માટે આગોતરી વ્યવસ્થા કરવા માટે કોઈ નક્કર પહેલ જોવા મળતી નથી. પરિણામે દર વર્ષે શિયાળાની ઋતુમાં લોકોનું સામાન્ય જીવન ઘણા સ્થળોએ ખોરવાઈ જાય છે. માર્ગો-પરિવહન વિક્ષેપિત થાય છે. ખાસ કરીને એક જગ્યાએથી બીજી જગ્યાએ જવા ઉપર મોટાપાયે અસર પડે છે. જ્યારે સમય જતાં હવામાનના આક્રમણનો સામનો કરવા અને તેની ઘાતક અથવા હાનિકારક અસરો ઘટાડવા માટે સારી રીતે વિચારેલી યોજના બનાવી શકાય છે. પરંતુ એવું કશું તંત્ર દ્વારા કરાતું નથી. ઉલ્લેખનીય છે કે, આ વર્ષે શિયાળાની શરૂઆતમાં એવા સમાચાર આવતા રહ્યા અને અભ્યાસો અનુસાર, એવું પણ કહેવામાં આવ્યું હતું કે, ગત વર્ષ અત્યાર સુધીનું સૌથી ગરમ વર્ષ હતું. પરંતુ આનાથી વિપરીત આ વર્ષની ઠંડી તેની સંપૂર્ણ અસર સાથે અનેક જગ્યાએ સમસ્યાઓ ઊભી કરી રહી હોય તેવું લાગે છે. છેલ્લા દિવસોમાં દિલ્હી અને તેની આસપાસના વિસ્તારો ગાઢ ધુમ્મસ અને હળવા વરસાદથી ઢંકાયેલા હોવાથી તાપમાનમાં વધુ ઘટાડો થયો છે અને ઠંડીના કારણે ઘણા લોકોનું સામાન્ય જીવન મુશ્કેલ બન્યું છે. શુક્રવારે દિલ્હી એરપોર્ટ ઉપર દશ્યતા શૂન્ય થઈ જતાં ૧૦૦થી વધુ ફ્લાઈટ્સ મોડી પડી હતી. તેવી જ રીતે બે ડઝનથી વધુ ટ્રેનો તેમના નિર્ધારિત સમય કરતાં મોડી દોડી હતી. રસ્તાઓ ઉપર ટ્રાફિક પણ ખરાબ રીતે પ્રભાવિત થયો હતો અને લોકોને ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. જો કે, સમગ્ર ઉત્તર ભારત હાલમાં તીવ્ર ઠંડીની ઝપેટમાં છે, પરંતુ આ વખતે દિલ્હી સિવાય પંજાબ, હરિયાણા અને હિમાચલમાં પરિસ્થિતિ વધુ ગંભીર જોવા મળી. પંજાબના ફાઝિલ્કામાં સૌથી ઠંડુ સ્થળ ૨.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આ ઉપરાંત, હવામાન વિભાગે હિમાચલ પ્રદેશના ઘણા વિસ્તારોમાં વરસાદ અને હિમવર્ષાની આગાહી કરી છે, જેની દિલ્હી અને આસપાસના રાજ્યો ઉપર ચોક્કસપણે અસર પડશે. ધુમ્મસના પડકારને પાર કરવો મુશ્કેલ છે. એવું નથી કે, આવી પરિસ્થિતિ પહેલીવાર ઊભી થઈ છે, પરંતુ આશ્ચર્યજનક વાત એ છે કે, વિજ્ઞાન અને ટેક્નોલોજીના ભારે વિકાસના આ યુગમાં પણ હવાઈ, સડક માર્ગ અને રેલ પરિવહન દરમ્યાન ધુમ્મસના પડકારને દૂર કરવાના રસ્તાઓ ઉપલબ્ધ નથી. ઉદાહરણ તરીકે, શિયાળાની ઋતુ દરમ્યાન ટ્રેનોમાં ધુમ્મસ વિરોધી ઉપકરણો લગાવવાના પ્રયાસો લાંબા સમયથી ચાલી રહ્યા છે, પરંતુ આજે પણ દર વર્ષે આ દિવસોમાં ધુમ્મસને કારણે સેંકડો ટ્રેનો મોડી પડે છે અથવા ક્યારેક રદ પણ થાય છે. હવાઈ માર્ગ એટલે ફ્લાઈટોનું પણ દર વર્ષે એનું એ જ પુનરાવર્તન થયા કરે છે. રસ્તાના કિનારે કે, ફૂટપાથ ઉપર ખુલ્લા આકાશ નીચે રહેતા લોકો માટે સરકારી વ્યવસ્થાઓની દર વર્ષે ચકાસણી કરવામાં આવે છે. ઘણી વખત હવામાનમાં થતી વધઘટ અંગે કરાતી આગાહીઓમાં ચોકસાઈનો અભાવ હોય છે. પ્રશ્ન એ છે કે, જો ટેક્નોલોજીકલ પ્રગતિએ હવામાનની અસરોનો સામનો કરવા માટે ઉકેલો દર્શાયા છે, તો પછી સરકારો વિકટ પરિસ્થિતિઓમાં જીવનને સામાન્ય બનાવવા અથવા લોકોને રાહત આપવામાં સરકાર કેમ સફળ થતી નથી. તંત્રના ઠાગાઠૈયાનું પુનરાવર્તન કેમ દર વર્ષે થતું જ રહે છે ??

### ગીર રક્ષિત વિસ્તારમાં ૨૧ મહત્ત્વપૂર્ણ લાયન કોરિડોર્સ

# પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન રાજયમંત્રીનો રાજયસભા સાંસદ પરિમલ નથવાણીને પ્રત્યુત્તર

(પ્રતિનિધિ દ્વારા)

જામનગર, તા.૧૪

ગીર રક્ષિત વિસ્તાર માટેના મેનેજમેન્ટ પ્લાન અનુસાર સરકારે કુલ ૨૧ મહત્ત્વપૂર્ણ કોરિડોર્સની ઓળખ કરી છે. ગીરમાં લાયન કોરિડોર્સ સંબંધે રાજયસભાના સાંસદ પરિમલ નથવાણીએ પૂછેલા પ્રશ્નનો ઉત્તર આપતી વેળાએ વન, પર્યાવરણ અને જલવાયુ પરિવર્તન વિભાગના રાજયકક્ષાના મંત્રી કિર્તી વર્ધન સિંઘે રાજયસભામાં ફેબ્રુઆરી ૧૩, ૨૦૨૫ના રોજ આ માહિતી ઉપલબ્ધ બનાવી હતી.

મંત્રીના નિવેદન અનુસાર, ગુજરાતમાં ગીર વિસ્તારમાં પ્રોજેક્ટ લાયનનો અમલ કરાઈ રહ્યો છે. આ પ્રોજેક્ટ હેઠળ સંવર્ધન અને ઈકો-ડેવલપમેન્ટને એકીકૃત કરીને ગુજરાતમાં એશિયાટિક સિંહોના લેન્ડસ્કેપ ઈકોલોજી-આધારિત સંવર્ધન પર ભાર મૂકાઈ રહ્યો છે. પ્રોજેક્ટ લાયન ડોક્યુમેન્ટ "લાયન જ ૪૭: વિઝન ફોર અમૃતકાળ" નીચેના ઉદ્દેશો સાથે તૈયાર કરવામાં આવ્યું છે: સિંહોની વધતી વસતિના વ્યવસ્થાપન માટે સિંહોની વસાહતોને પુનઃસ્થાપિત કરવી અને તેને સુરક્ષિત કરવી; સ્થાનિક સમુદાયોની આજીવિકાનું ઉપાર્જન તેમજ સ્થાનિક સમુદાયોની સહભાગીતાને વધારવી; સિંહોમાં રોગોના નિદાન અને ઈલાજ માટે ગ્લોબલ હબ ઓફ નોલેજ બનવું; અને પ્રોજેક્ટ લાયન પહેલ દ્વારા સર્વસમાવેશી બાયોડાયવર્સિટી સંવર્ધન હાથ ધરવું.

મંત્રાલય પાસે ઉપલબ્ધ માહિતી અનુસાર, ગુજરાત સરકારે રેડિયો કોલરિંગ અને જીઆઈએસ મેપિંગ જેવી આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને લાયન કોરિડોર્સ અંગે સર્વગ્રાહી અભ્યાસો હાથ ધર્યા છે. આ પ્રક્રિયા દરમિયાન, સંલગ્ન સંસ્થાઓને પણ જોડવામાં આવી છે. સિંહોના વસાહતોના સંકોચન તેમજ માનવ-વન્યજીવ ઘર્ષણને ટાળવા વિવિધ પહેલો હાથ ધરવામાં આવી છે. આમાં વસાહતોના પ્રસ્થાપનના પ્રયાસો, સામુદાયિક સહભાગીપણાના કાર્યક્રમો તેમજ સંવર્ધનના લાંબાગાળાના પ્રયાસોને સુનિશ્ચિત કરવા વૈજ્ઞાનિક સંશોધનોનો સમાવેશ થાય છે.

એશિયાટિક સિંહ અને તેની વસાહતોના રક્ષણ તેમજ સંવર્ધન માટે સરકારે લીધેલાં મહત્ત્વપૂર્ણ પગલાંમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે:

૧) રક્ષિત વિસ્તારોના એક નેટવર્ક (રાષ્ટ્રીય ઉદ્યાનો, અભયારણ્યો, સંવર્ધન રક્ષિત અને સામુદાયિક રક્ષિત વિસ્તારો)ની ગીરના જંગલોમાં રચના કરાઈ છે, તેમજ વન્યજીવોને તેમના શિકાર તેમજ વ્યાપારી હેતુ માટે થતાં શોષણ સામે વન્યજીવ (સંરક્ષણ) ધારા, ૧૯૭૨ની જોગવાઈઓ હેઠળ કાનૂની રક્ષણ પૂરું પાડવામાં આવ્યું છે.

૨) રાજયો/ કેન્દ્રશાસિત પ્રદેશો તેમજ અન્ય કાનૂની એજન્સીઓ સાથે વાઈલ્ડલાઈફ ક્રાઈમ કંટ્રોલ બ્યૂરો દ્વારા સંકલન સાધીને વન્યજીવોની શિકારપ્રવૃત્તિ તેમજ પ્રાણીઓના અવશેષોના ગેરકાયદે વેપાર વિશે બાતમી મેળવવામાં આવી રહી છે.

૩) ઈકો-ડેવલપમેન્ટ પ્રવૃત્તિઓ દ્વારા સંવર્ધનનાં પગલાંમાં સ્થાનિક સમુદાયોની સામેલગીરી દ્વારા વન્યજીવોના



રક્ષણમાં વન વિભાગને મદદ મળી રહી છે.

૪) વન વિસ્તારોના પેટ્રોલિંગના માધ્યમે લાયન કોરિડોર્સ તથા સિંહોના આવાગમનના વિસ્તારોનું અસરકારક સુપરવિઝન અને નિરીક્ષણ હાથ ધરાઈ રહ્યું છે.

૫) ઝડપી પ્રત્યુત્તર માટે અસરકારક સંદેશાવ્યવહાર પ્રણાલિ સ્થાપિત કરવા આધુનિક ટેકનોલોજીના ઉપયોગની સાથે આઈટી સંબંધિત પહેલો પણ આદરવામાં આવી રહી છે.

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.ની શિક્ષણ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રીમતી સુનૈના તોમરે લીધી મૂલાકાત

જૂનાગઢ, તા.૧૪

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.ની સૌજન્ય મુલાકાતે રાજયનાં શિક્ષણ વિભાગના અધિક મુખ્ય સચિવ, શ્રીમતી. સુનૈના તોમર **IAS**,પધાર્યા હતા. સુશ્રી તોમરે યુનિ.નાં કૂલપતિ પ્રો. અતુલભાઈ બાપોદરા, કુલસચિવ ડો. મયંક સોની, યુનિ.નાં એક્ઝુકેટીવ કાઉન્સીલનાં સભ્ય ડો. જયભાઈ ત્રિવેદી, યુનિ.નાં વિભાગીય વડાઓ અને અધિકારીઓ સાથે યુનિ.નાં શૈક્ષણિક કાર્યઅને યુનિ.માં




ઉપલબ્ધ માનવબળની સમીક્ષા કરી હતી. યુનિ.નાં નુતન ભવનનાં નિર્માણકાર્યની શ્રીમતિ સુનૈના તોમરેબાંધકામ સ્થળની જાત મુલાકાત કરી થઈ રહેલ બાંધકામ અને આનુસાંગિક બાબતોની જાત જાણકારી મેળવી હતી.

# ઉના શહેરમાં વિદેશી દારૂની ૧૪૮ બોટલ પકડી પાડતી ગીર સોમનાથ જીલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ પોલીસ

(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૧૪

ગીર સોમનાથ જિલ્લાની લોકલ ક્રાઈમ બ્રાન્ચના ઈન્ચાર્જ પીઆઈ એ.બી. જાડેજા અને પી.એસ.આઈ.એ.સી. સિંધવ અને એ.એસ.આઈ. સુભાષભાઈ ચાવડા પોલીસ હેડ કોન્સ્ટેબલ પ્રવીણભાઈ બાલુભાઈ મોરી, રાજુભાઈ ગઢીયા સ્ટાફ ઊનામાં પેટ્રોલીંગમાં હતા ત્યારે બાતમી મળી હતી કે નીચલા રહીમ નગર વિસ્તારમાં બુટલેગરના ઘર પાસે વિદેશી દારૂનો જથ્થો હોય તુરંત સ્થળ ઉપર જઈ મકરાણી શેરીમાં રહેતો દારૂનો બુટલેગર શકીલ



ઉર્ફે કાચો સબીર હુશેન બહારુનીના રહેણાક મકાન પાછળ મુર્ઘા ઉછેરના ઝૂપડાની બાજુમાં ખાટલા નીચે તપાસ કરતા જુદી જુદી બ્રાન્ડની ઈંગ્લીશ દારૂની બોટલો નગ ૧૪૮ રૂપિયા ૫૫૪૧૯નો મળી આવેલ હતો રેડ દરમ્યાન આરોપી શકીલ હજાર ના હોય તેની સામે ગુનો નોંધી ઊના પોલીસ સ્ટેશન મા દાખલ કરવામાં આવ્યો છે. આરોપી ને પકડવા તજ વીજ શરૂ કરી છે. આ દારૂના બુટલેગર સામે ઊના પોલીસ સ્ટેશનમાં ગેર કાયદેસર દારૂ કબજામાં રાખવાના ચાર ગુના નોંધાયા છે.

### કેન્દ્રીય મંત્રી ડો.મનસુખ માંડવિયાના હસ્તે ઉદ્‌ઘાટન થયું

# ગાંધીનગરમાં પ્રથમ BIMSTEC યુવા સમિટનું ઉદ્‌ઘાટન કર્યું

## યુવા બાબતોના વિભાગે ગુજરાતના ગાંધીનગરમાં પ્રથમ BIMSTEC યુવા સમિટના ઉદ્‌ઘાટન સત્રનું આયોજન કર્યું હતુ

ગાંધીનગર, તા.૧૪

ભારત સરકારના યુવા બાબતો અને રમતગમત મંત્રાલયના યુવા બાબતોના વિભાગે ગુજરાતના ગાંધીનગરમાં પ્રથમ **BIMSTEC** યુવા સમિટના ઉદ્‌ઘાટન સત્રનું આયોજન કર્યું હતું, જેનો ઉદ્દેશ્ય સમગ્ર ક્ષેત્રમાં યુવા સહયોગને મજબૂત બનાવવા અને **BIMSTEC** સભ્ય દેશો વચ્ચે યુવા-નેતૃત્વ હેઠળની પહેલોના આદાન-પ્રદાનને સરળ બનાવવાનો હતો. આ સત્ર મહાત્મા મંદિર કન્વેન્શન સેન્ટર ખાતે યોજાયું હતું અને તેની અધ્યક્ષતા કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ કરી હતી.ઉદ્‌ઘાટન સમારોહમાં ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, યુવા બાબતો અને રમતગમત રાજયમંત્રી શ્રીમતી રક્ષા ખડસે અને વિદેશ મંત્રાલયમાં સચિવ (પૂર્વ) શ્રી જયદીપ મઝુમદાર અને ભારતીય ડેલિગેશનનું નેતૃત્વ કરનારા વડોદરાના સાંસદ ડો. હેમાંગ જોષી સહિત અનેક મહાનુભાવોએ હાજરી આપી હતી.

પોતાના સંબોધનમાં, ડૉ. માંડવિયાએ સ્થિતિસ્થાપક, સમૃદ્ધ અને એકબીજા સાથે જોડાયેલા **BIMSTEC** સમુદાયને આકાર આપવામાં યુવા નેતાઓની મહત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂક્યો. તેમણે **BIMSTEC** ની ૧.૮ અબજ વસ્તીના ૬૦% થી વધુ હિસ્સો ધરાવતા પ્રદેશના યુવાનોની અપાર સંભાવના પર પ્રકાશ પાડ્યો અને ઝડપથી વિકસતા વૈશ્વિક પરિદૃશ્યમાં કૌશલ્ય વિકાસ અને તકોની જરૂરિયાત પર ભાર મૂક્યો. ડૉ. માંડવિયાએ યુવા સશક્તિકરણ પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતા પણ દર્શાવી, સ્કીલ ઈન્ડિયા મિશન, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અને પીએમ ઈન્ટર્નશિપ યોજના જેવી પહેલો પર પ્રકાશ પાડ્યો, જેણે **AI**, રોબોટિક્સ અને ડિજિટલ ટેકનોલોજી જેવા ક્ષેત્રોમાં ૧૫ મિલિયનથી વધુ યુવાનોને તાલીમ આપી છે. તેમણે ભારતના સમૃદ્ધ સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ પર પણ

પ્રકાશ પાડ્યો, જે હવે વિશ્વમાં ત્રીજા ક્રમનું સૌથી મોટું છે, જેમાં ૧૫૭,૦૦૦ થી વધુ સ્ટાર્ટઅપ્સમાંથી લગભગ અડધા મહિલાઓ દ્વારા સંચાલિત છે.

તેમણે પ્રસ્તાવ મૂક્યો કે **BIMSTEC** દેશોએ નવીનતા અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા માટે એક સંકલિત પ્રાદેશિક સ્ટાર્ટઅપ નેટવર્ક બનાવવા માટે સહયોગ કરવો જોઈએ. વધુમાં, ડૉ. માંડવિયાએ **BIMSTEC** ને ભારતના પ્રસ્તાવની જાહેરાત કરી, જે "યુવા સેતુ" તરીકે કામ કરશે, જે જ્ઞાન-વહેંચણી, નેતૃત્વ કાર્યક્રમો અને પ્રાદેશિક નેટવર્કિંગ તકો દ્વારા યુવા નેતાઓને સશક્ત બનાવવા માટે એક બહુ-ક્ષેત્રીય પહેલ છે. આ પહેલનો ઉદ્દેશ્ય એક પરિવર્તનશીલ પ્લેટફોર્મ બનાવવાનો છે જે ઉદ્યોગસાહસિકતા, રમતગમત, શિક્ષણ અને ટેકનોલોજીને એકીકૃત કરે છે.

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે તેમના ભાષણમાં માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વિઝનનો પુનરોચ્ચાર કર્યો, બંગાળની ખાડીને જોડાણ, સમૃદ્ધિ અને સુરક્ષા માટે એક મહત્વપૂર્ણ સેતુ તરીકે વર્ણવી, જે પ્રાદેશિક એકીકરણ અને વિકાસને પ્રોત્સાહન આપવા માટે જરૂરી છે.

વિદેશ મંત્રાલયના સચિવ (પૂર્વ) શ્રી જયદીપ મઝુમદારે, **BIMSTEC** દેશોને બાંધતા સહિયારા ઈતિહાસ અને સામાન્ય મૂલ્યો પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે ૧.૭ અબજથી વધુ લોકોનું ઘર, આ પ્રદેશ પ્રચંડ તકો અને પડકારો પ્રદાન કરે છે, અને ભાર મૂક્યો હતો કે **BIMSTEC** ની તાકાત સરહદો પાર તેના ઊંડા સંબંધોમાં રહેલી છે.

ડૉ. માંડવિયા અને વડોદરાના સાંસદ ડો. હેમાંગ જોષીએ **BIMSTEC** યુવા પ્રતિનિધિઓ સાથે વ્યક્તિગત વાતચીત પણ કરી હતી, જે દરમિયાન તેમણે સરકારની વિકાસશીલ ભારત યુવા નેતાઓ સંવાદ પહેલ પર પ્રકાશ પાડ્યો હતો, જે ભારતીય યુવાનોને જોડવા, વિચારોનું આદાનપ્રદાન કરવા અને દેશના વિકાસમાં યોગદાન આપવા માટે સશક્ત બનાવે છે. સાત **BIMSTEC** સભ્ય દેશોના પ્રતિનિધિમંડળોના વડાઓએ પણ તેમના સંબંધિત દેશોની યુવા વિકાસ પહેલોનું પ્રદર્શન કર્યું, જેમાં યુવા વસ્તીને સશક્ત બનાવવા અને નવીનતાને પ્રોત્સાહન આપવા માટેની વ્યૂહરચનાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું. યુવા બાબતો અને રમતગમત રાજયમંત્રી શ્રીમતી રક્ષા ખડસેની અધ્યક્ષતામાં "વિકસિત ભારત @૨૦૪૭" વિષય પર એક સત્ર યોજાયું હતું, જ્યાં તેમણે ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર માટેના ભારતના વિઝનની રૂપરેખા આપી હતી, આ વિઝનને સાકાર કરવામાં યુવાનોની મહત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂક્યો હતો.

આ સમિટમાં **"BIMSTEC દેશોમાં વિવિધતાની ઉજવણી"** વિષય પર એક પેનલ ચર્ચા પણ યોજાઈ હતી, જેમાં પ્રાદેશિક સંબંધોને મજબૂત બનાવવામાં સાંસ્કૃતિક સમાવેશકતા, પરસ્પર સહયોગ અને સહિયારા વારસાના મહત્વ પર ચર્ચા કરવામાં આવી હતી. આ પછી "સમાવિષ્ટ આર્થિક વિકાસ અને ટકાઉપણું માટે ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર" પર એક સત્ર યોજાયો હતો, જેમાં સમાન આર્થિક પ્રગતિ અને ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપવામાં ટેકનોલોજીની ભૂમિકાની ચર્ચા કરવામાં આવી હતી.

દિવસનો અંત દાંડી કુટીરની મુલાકાત સાથે થયો, જ્યાં પ્રતિનિધિઓએ મહાત્મા ગાંધીના જીવન અને વારસામાં ડૂબકી લગાવી, તેમના આદર્શો અને ભારતની સ્વતંત્રતા ચળવળમાં તેમના યોગદાન વિશે ઊંડાણપૂર્વક શીખ્યા. સમિટના પહેલા દિવસે અર્થપૂર્ણ આદાનપ્રદાન, વ્યવહારુ ચર્ચાઓ અને ભવિષ્ય માટે સહયોગી ઉકેલો અને ભાગીદારીની શોધ માટેનો માર્ગ મોકળો થયો. દિવસનો અંત સ્થાનિક કલાકારો દ્વારા વિવિધતામાં એકતા થીમ પર સાંસ્કૃતિક પ્રદર્શન સાથે થયો.

### દીપડાએ પાડ્યું લગ્નમાં વિઘ્ન

# લખનઉમાં દીપડો લગ્ન મંડપમાં ઘુસી ગયો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી

## વરરાજા લગ્ન મંડપની બારીમાંથી કૂદી ગયો લગ્નમાં ઘૂસેલા દીપડાથી વર-કન્યાએ કોઈક રીતે પોતાનો જીવ બચાવ્યો હતો

લખનઉ, તા.૧૪

ઉત્તર પ્રદેશના લખનઉમાં એક દીપડો એક લગ્ન મંડપમાં ઘુસી ગયો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. વન્ય પ્રાણીઓના ભયથી લગ્ન પ્રસંગમાં અરાજકતા જોવા મળી હતી. પરિસ્થિતિ એવી હતી કે સુંદર પોશાક પહેરેલી દુલ્હન તેના ભારે લહેંગા લઈને તેના મિત્રો સાથે ભાગી ગઈ, જ્યારે વરરાજા લગ્ન મંડપની બારીમાંથી કૂદી ગયો. લગ્નમાં ઘૂસેલા દીપડાથી વર-કન્યાએ કોઈક રીતે પોતાનો જીવ બચાવ્યો હતો. વન્ય પ્રાણીએ તેને બચાવવા આવેલા વન અધિકારીને પણ ઈજા પહોંચાડી હતી. આખી રાત બચાવ કામગીરી બાદ ગુરુવારે સવારે ૪ વાગ્યે દીપડો પકડાયો હતો.

આ ઘટના લખનૌના પારા પોલીસ સ્ટેશન વિસ્તારના એમએમ મેરેજ લૉન ખાતે બની હતી, જ્યાં એક લગ્ન સમારોહ ચાલી રહ્યો હતો. બુધવારે રાત્રે ૧૦:૩૦ વાગ્યાની આસપાસ મહેમાન દીપકે બીજા માળે દીપડાને જોયો અને તે ડરી ગયો અને ઉપરથી કૂદી ગયો. જેના કારણે તે ઘાયલ થયો હતો અને ત્યાર બાદ લગ્નમંડપમાં હંગામો મચી ગયો હતો.

લગ્નમાં ઉપસ્થિત મહેમાનો અને લોકોને સલામત સ્થળે લઈ જવામાં આવ્યા હતા, જ્યારે વન વિભાગને જાણ કરવામાં આવી હતી. માહિતી મળતાની સાથે જ વન વિભાગના અધિકારીઓની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને દીપડાને બચાવવાની કામગીરી શરૂ કરી હતી. આ ટીમમાં ડીએફઓ સિતાંશુ પાંડે અને રેન્જ ઓફિસર મુકદ્દર અલી પણ સામેલ હતા. આ દરમિયાન દીપડાએ અધિકારીઓ પર હુમલો કરી મુકદ્દર અલીને ઈજા પહોંચાડી હતી. આખી રાત બચાવ કામગીરી બાદ આખરે ગુરુવારે સવારે ૪ વાગ્યે વન અધિકારીઓએ દીપડાને પકડી લીધો હતો. બીજી તરફ ઘાયલ વન અધિકારી મુકદ્દર અલી સ્થાનિક હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

અગાઉ, લખનૌના મલિહાબાદ વિસ્તારના રહેમાનખેડામાં છેલ્લા એક મહિનાથી વાઘ જોવા મળ્યો હતો અને છેલ્લા કેટલાક અઠવાડિયામાં ઘણી ઘટનાઓ નોંધાઈ છે. વન વિભાગ તે વાઘને પકડવા પ્રયાસ કરી રહ્યું છે, પરંતુ હજુ સુધી તે પકડાયો નથી. પરંતુ આ નવી ઘટનાએ આ વિસ્તારના સ્થાનિક લોકોની સુરક્ષાને લઈને ચિંતા ઊભી કરી છે.

### પાલખીમાં લતા મંગેશકર ચોક થઈને સરયુ ઘાટ પર લવાયા

# અયોધ્યા રામ મંદિરના મુખ્ય પૂજારી આચાર્ય સત્યેન્દ્રદાસને સરયૂ ઘાટ ઉપર અપાઈ જળ સમાધિ

## સદરના ધારાસભ્ય વેદ પ્રકાશ ગુપ્તા અને અન્ય ભાજપ નેતાઓ અને સંત સમુદાયના લોકો પણ પુષ્પાંજલિ આપવા પહોંચ્યા હતા

અયોધ્યા, તા.૧૪

ઉત્તર પ્રદેશના અયોધ્યા રામ મંદિરના મુખ્ય પૂજારી આચાર્ય સત્યેન્દ્ર દાસનું બુધવારે નિધન થયું હતું. ૮૦ વર્ષીય સત્યેન્દ્ર દાસે લખનૌ પીજીઆઈમાં અંતિમ શ્વાસ લીધા હતા. ગુરુવારે આચાર્ય સત્યેન્દ્ર દાસના પાર્થિવ દેહને પાલખીમાં લતા મંગેશકર ચોક થઈને સરયુ ઘાટ પર લવાયો હતો. ત્યારબાદ તેમને સંત તુલસીદાસ ઘાટ પર જળ સમાધિ આપવામાં આવી.આચાર્યના પાર્થિવ દેહને અયોધ્યા લાવવામાં આવ્યો હતો. ઘણા લોકો અંતિમ દર્શન માટે પહોંચ્યા હતા અને તેમને શ્રદ્ધાંજલિ આપી રહ્યા છે. ગુરુવારે સવારે રાજયમંત્રી સતીશ શર્મા અને અયોધ્યાના સાંસદ અવધેશ પ્રસાદે આચાર્યને શ્રદ્ધાંજલિ આપી હતી. સદરના ધારાસભ્ય વેદ પ્રકાશ ગુપ્તા અને અન્ય ભાજપ નેતાઓ અને સંત સમુદાયના લોકો પણ પુષ્પાંજલિ આપવા પહોંચ્યા હતા.

સત્યેન્દ્ર દાસનો જન્મ ૨૦ મે ૧૯૪૫ના રોજ સંત કબીર નગર જિલ્લામાં થયો હતો. સત્યેન્દ્ર દાસ બાળપણથી જ ભક્તિભાવમાં રહેતા હતા. સત્યેન્દ્ર દાસે ૧૯૫૮માં ઘર છોડી દીધું. જ્યારે સત્યેન્દ્ર દાસે તેમના પિતાને સન્યાસ લેવાના નિર્ણય વિશે જણાવ્યું, ત્યારે તેમના પિતાએ પણ કોઈ આશ્ચર્ય વ્યક્ત કર્યું નહીં. તેમણે આશીર્વાદ પણ આપ્યા. તેમણે કહ્યું કે મારો એક દીકરો ઘર સંભાળશે અને બીજો રામલલાની સેવા કરશે.તેઓ ૧૯૫૮માં અયોધ્યા આવ્યા હતા. તેમણે અહીં અભ્યાસ કર્યો. ૧૯૭૫માં તેમણે સંસ્કૃત વિદ્યાલયમાંથી આચાર્યની ડિગ્રી મેળવી હતી. ૧૯૭૬માં તેમને સંસ્કૃત ડિગ્રી કોલેજમાં સહાયક શિક્ષકની નોકરી મળી.૧ માર્ચ ૧૯૯૨ ના રોજ, તેમને રામ મંદિરના મુખ્ય પુજારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. તે સમયે તેમને દર મહિને ૧૦૦ રૂપિયા પગાર મળતો હતો. ૨૦૧૯માં, અયોધ્યા કમિશનરની સૂચનાને અનુસરીને, તેમનો પગાર વધારીને ૧૩,૦૦૦ રૂપિયા કરવામાં આવ્યો હતો.

### દિલ્હીના પૂર્વ CM આતિશીનો મોટો દાવો

# ૩ દિવસમાં જ લોકોને તેમની ભૂલનું ભાન થયુ

નવીદિલ્હી, તા.૧૪

દિલ્હીના કાર્યવાહક મુખ્યમંત્રી આતિશીએ કહ્યું કે 'ભારતીય જનતા પાર્ટીની જીતની સાથે જ રાજધાનીમાં પાવર કટ લાગવાનું શરુ થઈ ગયું છે. દિલ્હીના અલગ-અલગ વિસ્તારોથી સેંકડો લોકોએ પાવર કટની ફરિયાદ કરી છે અને તેમને ઈનવર્ટર ખરીદીને લાવવું પડી રહ્યું છે. ત્રણ દિવસમાં જ લોકોને પોતાની 'ભૂલ'નો અહેસાસ થઈ ગયો છે. આતિશીએ અમુક પેપર બતાવતાં દાવો કર્યો કે 'લોકો સોશિયલ મીડિયા પર પોતાના વિસ્તારોમાં વીજળી કપાયાની ફરિયાદ કરી રહ્યા છે. ત્રણ દિવસમાં પાવર સેક્ટર ૨૪ કલાક વીજળીનું ધ્વસ્ત થવું દર્શાવે છે કે આમ આદમી પાર્ટીની સરકાર દરરોજ, એક એક કલાક સમગ્ર વીજળી સેક્ટરને મોનિટર કરી રહી હતી. આ દર્શાવે છે કે જ્યારે આમ આદમી પાર્ટીની સરકાર હટી છે. સમગ્ર પાવર સેક્ટર ધ્વસ્ત થઈ ગયું છે. મને અલગ-અલગ ભાગોથી કોલ આવી રહ્યા છે. કાલે રાત્રે મયૂર વિહારમાં લાઈટ કપાઈ, મને સવારે ઘણા લોકોના ફોન આવ્યા. ઈનવર્ટર ખરીદીને લાવ્યા છે. ઘણા લોકોએ મને કોલ કરીને કહ્યું કે 'ત્રણ દિવસમાં જ અમને અનુભવ થઈ ગયો કે કદાચ ચૂંટણીમાં અમારાથી ભૂલ થઈ.' આમ આદમી પાર્ટીના જતાં જ ખબર પડી ગઈ કે ભાજપથી સરકાર ચાલતી નથી. આજે સવારે કોઈએ મને કહ્યું કે 'આજે તો અમે ઈનવર્ટર લઈ ગયા' જો ફેબ્રુઆરીમાં આટલા લાંબા કટ લાગી રહ્યા છે તો મે, જૂન, જુલાઈમાં શું થશે, જ્યારે સાડા ૮ હજાર મેગાવોટથી આગળ પીક ડિમાન્ડ જશે. ભાજપને સરકાર ચલાવવાનું આવડતું નથી. ૧૯૯૩થી ૧૯૯૮માં પણ ભાજપ પાવરમાં હતી ત્યારે પણ પાવર સેક્ટરની ખરાબ સ્થિતિ હતી. આજે ૨૦ રાજ્યોમાં ભાજપની સરકાર છે અને તે તમામ રાજ્યોમાં વીજળીની આ સ્થિતિ છે. આતિશીએ કહ્યું કે 'ખૂબ દુઃખની વાત છે કે ભાજપ ચૂંટણી જીત્યા બાદ દિલ્હીને યુપી બનાવી રહી છે. જે રીતે યુપીમાં વીજળી જતી હતી. દિલ્હીની પણ ત્રણ દિવસમાં તે જ સ્થિતિ થઈ ગઈ. કદાચ એ દર્શાવે છે ભણેલા લોકોની સરકાર, જ્યાં અરવિંદ કેજરીવાલ એન્જિનિયર છે,

તેમને પાવર સેક્ટર ચલાવવામાં આવે છે અને બીજી તરફ ભણેલા વિનાની, નકલી ડિગ્રીવાળાની સરકાર.' આતિશીએ કહ્યું '૮ તારીખે જ કાઉન્ટિંગના સમયે આ લોકોએ આદેશ જારી કરી દીધો હતો કે મંત્રીઓની ઑફિસો પર તાળા મારી દો, સચિવાલયમાં ઘૂસવા દેવામાં ન આવે, તેમને કોઈ પેપર-ફાઈલ દેખવા આપવી નહીં. હવે સ્પષ્ટ છે કે ભાજપ ૮ તારીખથી જ પોતે સરકાર ચલાવી રહી છે. તેનું પરિણામ દિલ્હીવાળા ૩ દિવસમાં જ... દિલ્હીવાળાને હવે સ્પષ્ટ થઈ રહ્યું છે કે ભાજપને લાવવાનું પરિણામ શું છે.'



આ શિયાળે ન અડદીયા મળ્યા કે ન ઉધીયું, મને તો નબળાઈના ચકકર આવે છે !

## ગત વખતના ભાજપના શાસકોએ ગુજરાત સરકાર તરફથી મળેલી ગ્રાન્ટનો કેટલો સદ ઉપયોગ કર્યો ?

# જૂનાગઢ ભાજપની કહેવાતી ત્રિપુટીના ઈશારે બનેલા સંકલ્પ પત્રની જાહેરાત પછી જનતામાં ઉઠતો પ્રશ્ન

જૂનાગઢ, તા.૧૪

સંકલ્પએ એક મોટો પવિત્રમાં પવિત્ર આધ્યાત્મિક શબ્દ છે. એટલે સંકલ્પ પાછળનો હેતુ, ધ્યેય-ઈચ્છા પણ એટલી શુધ્ધ પવિત્ર હોય છે.

સિધ્ધિ સાદી ભાષામાં કહીએ તો જે મુકામે પહોંચવું હોય તે મુકામ માટે પ્રથમથી જ નક્કી કરેલા માર્ગને વળગી રહેવુ.


મુકામ એટલે પ્રથમથી નક્કી કરવામાં આવેલ ધ્યેય ..તે રાજકીય સામાજીક આર્થિક આધ્યાત્મિક એમ ચાહે કોઈ પણ હોય શકે પરંતુ માનવ માત્ર કોઈને કોઈ ધ્યેય એવં કંઈક કરવાના મનસુબા સાથે જાગે છે અને પાછો તેવા જ કે અન્ય ધ્યેય સાથે સુવે પણ છે.

ધ્યેય વગરનો માનવ કા તો પાગલ, ગાંડો કે પછી બુધ્ધિ વગરનો હોય છે તેને કયા જવુ છે ? શું કરવું છે ? કે કરવાનું છે ? તેનું ભાન જ હોતું નથી આવો માનવ પછી કોઈ પણ સ્વરૂપમાં કે નામે ઓળખાતો હોય તે માનવનો કે પછી તેવા સમાજનો કોઈ પ્રકારનો વિકાસ રાજકીય સામાજીક આર્થિક કે પછી આધ્યાત્મિક સહિત કોઈ વિકાસ થતો નથી.

એટલે જ આપણા સનાતન જ નહીં તમામ ધર્મ શાસ્ત્રોએ ધ્યેય નિષ્ઠાને આધ્યાત્મિક મહત્વ આપેલું છે.

જે હોય તે આટલી મોટી રામાયણ એક માત્ર શબ્દ પર કવિનું એક ખાસ વજુદ છે કે આ કળી કાળમાં લગભગ મોટા ભાગનો માનવ પદ પૈસો અને પ્રતિષ્ઠા પાછળ દોડીને તે મેળવવા અને મળેલ હોય તો તે ટકાવવા ગમે તેટલી હદે નિમ્ન કક્ષાએ જતા પણ અચકાતો નથી પછી તે કોઈ પણ ક્ષેત્રનો માનવ હોય. પણ આપણે અહીં કહેવાતા આપણા વિવિધ ક્ષેત્રના સેવકો પૈકીના પવિત્ર રાજકારણને અભડાવી દેનારા માલ ખાઉ ખંધા રાજકીય પક્ષો અને તેમાં ડૂબેલા રાજકારણીઓની સંકલ્પ સંબંધી વાત કરવાની છે કે, આ પાપી વ્રુતિના બનતા જતા રાજકારણી ઓએ સંકલ્પ જેવા અતિ પવિત્ર શબ્દને એટલો લીસો અને હલકો બનાવી દીધો છે કે સંકલ્પ શબ્દ કાને પડતાં જ લોકોનુ નાકનું ટેરવું ચડી જાય છે. તેટલી હદે આ શબ્દની પવિત્રતા હણી નાખી હોય તેમ રાજકારણીઓ કે તેમના કોઈ પક્ષે કરેલા સંકલ્પો પર લોકોને તસુ ભાર પણ વિશ્વાસ કે ભરોસો રહયો નથી.

ચુંટણી આવી નથી કે કોઈ ઉમેદવાર વ્યકિત ગત્ કે પછી રાજકીય પક્ષો લોકો ને એવં મતદારોને એવા વચનો કે એવી ઘોષણા કરે છે કે અમો ને પસંદ કરશો તો અમે કે અમારો પક્ષ.. આમ કરશે... તેમ કરશે... તેવા જનતાને લોલીપોપ રૂપ આપેલા વચનોને આકર્ષક શબ્દોના ઘરેણાં પહેરાવીને એક આકર્ષક પુસ્તિકામાં સરસ મઢાવીને ચૂંટણી વખતે પાંચ પંદર કહેવાતા આગેવાનો કે પછી પક્ષમાં કબજો જમાવીને બેસી ગયેલા ખંધા નેતાઓ જે ઢંઢેરો પીટે છે તેને ખંધા રાજકારણીઓ સંકલ્પ કહે છે. ધ્યેય




કહે છે.

સંકલ્પ લેનાર એક તો બિન સ્વાર્થી હોવો જોઈએ એવં સંકલ્પ પાછળ સાતમા પડદે પણ સ્વાર્થ ન હોવો જોઈએ અને તે પુરા કરવા નિષ્ઠા, પ્રમાણિક અને સાચા પ્રયત્નો એવં સ્વેચ્છાએ બંધન સ્વીકારેલું હોય છે પુરૂ કરવા તપવું જોઈએ. આટલા ગુણ હોય તો જ કોઈ સંકલ્પ પછી તે રાજકીય પક્ષોના હોય કે ચાહે કોઈ હોય તો જ ફળદાયી બને.

તો શું ? જુનાગઢ શહેર ભાજપના કહેવાતા નહીં પરંતુ આખે આખી જુનાગઢ શહેરની સંગઠન પાંખ જ નહીં પણ ગાંધી નગરના ભાજપ મોવડીમંડળને ઘોળીને પી જનારા જુનાગઢના પદાધિકારીઓ અને જનતાની નજરમાંથી ફેંકાય ગયેલા કહેવાતા આગેવાનો કે જેઓને ચૂંટણી કે ભાજપની જીત પછી પોત પોતાનો રોટલો, ઓટલો અને ભભકો જ મોટો કરવા મા એક માત્ર રસ હોય તેવા લોકોના લીધેલા સંકલ્પોનો અર્થ ખરો ? દર

**જૂનાગઢ મનપા સામાન્ય ચૂંટણી ધમાસાણ - ૭**

**ગોરધન પાઘડાર સિનિયર પત્રકાર.**

ચુંટણીમાં મહાનગરના બૌધ્ધિકોને સતાવે છે તેમ આ વખતે પણ સતાવી રહ્યો હોવાનું જોવા અને જાણવા મળેલ છે.

ગત વખતે ભાજપે કરેલા સંકલ્પો જનતાને તો ઠીક પણ સંકલ્પો દોહરાવનારા ભાજપીયાઓને કેટલા યાદ છે ? કે કેટલા સંકલ્પો કરેલા ? કેટલા સંકલ્પો પુરા થયા ? કેટલા બાકી ? હા કદાચ વૈભવી ભાજપના કમલમ કાર્યાલયના કબાટમાં ધુળ ખાતુ એકાદ સંકલ્પ પત્ર પડયૂ હોયને હાથમાં આવે તો જૂદી વાત છે.

સંકલ્પ એટલે સંકલ્પ અને તે જયાં સુધી પુરા ન થાય મતલબ જયાં સુધી ફળદાયી ન બને ત્યાં સુધી સંકલ્પ કરનારને ઉંઘ પણ આવે તે સંકલ્પોની આધ્યાત્મિક સામાજીક રાજકીય કિંમત છે. બાકી સોનાના પત્ર પર લખવામાં આવેલા ગમે તેવા મીઠા મધુરા વચનોએ રદી કાગળથી વિશેષ તો ઠીક પણ જનતાને મુર્ખ બનાવવાથી વિશેષ કોઈ ચૂંટણીમાં લોક ભવિષ્યનો મુદો નથી.

આ રહ્યા કેટલાક આંખે વળગી જાય ભાજપીયા ઓએ જાહેર કરેલા સંકલ્પો...

જો તે નો ઊંડો અને તલસ્પર્શી અભ્યાસ કરવામાં આવે તો મામાને ઘર જમણવાર અને માં પિરસનાર એમ મનપાની તિજોરીના બળે નહીં પણ સમસ્ત ગુજરાતની પ્રજાના રાજની તિજોરીમાં ઠલવાતા પરસેવાના નાણામાંથી સરકાર દ્વારા જનકલ્યાણ માટે અનેક લાભદાયી યોજના અને જુદા જુદા વિકાસના નામે અપાતી કરોડો રૂપિયાની ગ્રાન્ટમાંથી કરવામાં આવશે.

ખરેખર જો તાકાત હોય તો મહાનગરના સ્વ ભંડોળમાંથી આવું એકાદ કામ તે પણ કરકસર યુક્ત પુરી ગુણવતા સાથેનું કરવાનો સંકલ્પ કરવો જોઈએ.

એટલું જ નહીં સંકલ્પ પત્રના અભ્યાસુ મનાતા તજજ્ઞોની દ્રષ્ટીએ સંકલ્પ પત્રમાં દર્શાવેલા મોટા ભાગના કામો જુનાગઢ નાનકડું શહેર હતું તે વખતે થયેલા કામો દરેક શાસન કર્તા માટે વાટકી શીખામણ રૂપ હોય તેમ અવાર નવાર લોક સુવિધાઓ કે વિકાસ જેવા રૂપકડા ઓઠા હેઠળ શું થયેલા જોવા મળતા નથી ? સ્વિમિંગ પુલ, રમત ગમતનું જફર મેદાન, ઉપરકોટ, હેરીટેજ મનાતી પુરાતત્વીય મિલકતો, રાજીવ પાર્ક સહીતનાં કામો મહાનગરનો દરજ્જો જુનાગઢ નગરને મળ્યા પછી મનપાના શાસકો દ્વારા કેટલી વખત થયા ?

અને તેમાંય ભૂગર્ભ ગટર, પીવાના પાણીની લાઈન જન આરોગ્ય વિષયક, સ્વચ્છતા, સફાઈ, શિક્ષણ, બાળ કલ્યાણ, વૃધ્ધ કલ્યાણ, મહિલા કલ્યાણ સહિતની સંખ્યા બંધ કામ જન કલયાણની કરવાની કામગીરી એ કોઈ ભાજપીયાનો ઈજારો નથી. આ કામ તો કોઈ પણ પક્ષના શાસકો કરી શકે કારણ તે એક રાષ્ટ્રીય લોક કલ્યાણનો એક ભાગ છે અને તે કરવા રાજ્ય અને કેન્દ્ર ની તિજોરીના બારણાં બધા માટે ખુલ્લાં છે નહિ રાખવા પડે.

આવા કામો માટે રાજ્ય અને કેન્દ્ર સરકારે ગત વખતના ભાજપના શાસકો માટે તિજોરીના બારણાં ખોલી નાંખ્યાં હોય તેમ કરોડો રૂપિયાની ગ્રાન્ટ જુનાગઢ મનપાના શાસકોના હવાલે ધરી હતી. પરિણામ નજર સામે જ છે કે કયાં ? કેવા પ્રકારની ? અને કેટલી ગુણવત્તાસભર વાપરવામાં આવી ?

મતલબ કે ડબલ એન્જીન ધરાવતી સરકાર તરફથી આપવામા આવેલા પૈસા માંથી થયેલા કામો કેટલા જનહિતમાં ?

મતલબ મનપાના લોકો કલ્યાણ માટે સારા કામો કર્યા ? કે પછી ખીસ્સા ભરવામાં ? મતલબ કે ...

બોટલ નહીં માત્ર તેમાં ભરેલ પ્રવાહીનું જ સ્વરૂપ બદલાયું હોય તેમ આ વખતની ચૂંટણીમાં પણ કહેવાતી હું, તૂ અને રતનીયા જેવી બનેલી ત્રીપુટી અને તેમની હા જી હા કરનારી ટકેલા ટોળકીએ સંકલ્પ જેવા પવિત્ર આધ્યાત્મિક શબ્દની રહી સહી ગરીમાને હણી નાખે તેવા સંકલ્પો જાહેર કર્યા છે.

**સંકલ્પ શબ્દ એ કોઈ ખંધા રાજકારણીઓના મોઢે શોભે તેટલો નિમ્ન તો નથી જ !!**

# દ્વારકામાં ૨૨ વર્ષથી ચાલતી ધતિંગલીલા બંધ કરાવતું વિજ્ઞાન જાથા : દ્વારકામાં ભુઈ-ભુવાનો પર્દાફાશ









અમદાવાદ તા. ૧૪

દ્વારકા બસ સ્ટેશનની સામે, એકતા ગરબી ચોકમાં ઘરમાં માતાજીનું સ્થાનક બનાવી ૨૨ વર્ષથી દોરા-ધાગા, ભસ્મ-દાણા આપવા, ધૂણવાની તાલીમ આપતી ભુઈ ધનબાઈ, ભુવા ગોરધનભાઈ લુનાવીયાની ધતિંગલીલા ભાર જન વિજ્ઞાન જાથાની ટીમે દ્વારકા પોલીસ સ્ટેશનની મદદથી ૧૨૬૨ મો સફળ પર્દાફાશ કર્યો હતો. રાજકોટ ભક્તિનગર સોસાયટીમાં રહેતા પલાણ પરિવારે ૧૮ લાખ રૂપિયા આપી ભુઈને મંદિર સાથે ઘર રીપેરીંગ કરી દીધાનું બહાર આવ્યું હતું. ભુઈ-ભુવાની પાખંડલીલા બંધ કરાવતા સમગ્ર શહેરે રાજીપો વ્યક્ત કર્યો હતો.

બનાવની વિગત પ્રમાણે છેલ્લા બે માસથી જાથાના કાર્યાલયે રૂબરૂ અને ટેલીફોનથી દ્વારકાની ભુઈ ધનબાઈ, ભુવા ગોરધનભાઈના ધતિંગ સંબંધી માહિતીમાં ભુઈ નવી ભુઈમા તૈયાર કરવા ૬ પ્રકારના બાના પહેરાવી ધૂણવાની તાલીમ આપેછે. શરીરમાં ધીમે ધીમે ધ્રુજારી લાવવાની શીખવી નવી ભુઈને પોતાના પરિવારમાં આધિપત્ય આપવાનું શીખવે છે. જુવારના દાણા આપી રોગ મટાડવા સાથે જોવાનું કામ કરે છે. ભસ્મ પીવડાવી, નજર લાગવી, મેલીવિદ્યા દૂર કરવાનું કામ કરી શ્રધ્ધાળુની શકિત મુજબ દસ હજાર થી દસ લાખનો ખર્ચ કરાવે છે. નવી ભુઈના ઘરે પરિવાર મહેમાનગતિનો લાભ મેળવે છે. શરીરમાંથી મેલીવસ્તુ કાઢવા ભુવો લોઢાની સાંકળનો પ્રયોગ કરે છે. આસ્થાળુઓને પ્રભાવિત કરી માતાજીના નામે મોટી રકમ પડાવે છે. રાજકોટ પલાણ પરિવારે ભુઈના ઘરની સિકલ ફેરવી નાખી સામેથી મંદિરનું સ્થાનક રીપેર કરાવી દીધાની વાત મુકવામાં આવી હતી. બે દાયકાથી માતાજીના સ્થાનકની આડમાં યેનકેન છેતરપિંડી કરેછે. ગરીબથી તવંગર લોકો જોવડાવવા આવે છે. નવી ભુઈને સ્થાપીને તેના ઘરે પુષ્પવર્ષા, પગે લગાડવાનું શીખવે છે. ભુવો ગોરધનભાઈ ઢોલ વગાડી ધૂણવામાં પ્રેરણા આપે છે. નવી ભુઈના સગા-સંબંધીઓ નાચતી વખતે ક્ષોભ સાથે તમાશો નિહાળી કૌતુક સંબંધી તરેહ તરેહની કલ્પના કરી ભાગ લઈ ધન્યતા અનુભવે છે. ધનબાઈની કપટલીલાના આધાર-પુરાવા વિડિયોગ્રાફી રજૂ કરવામાં આવી હતી. દ્વારકા પંથકમાં વધુ લોકો છેતરાય નહિ તે માટે વાત મુકવામાં આવી હતી.

જાથાના ચેરમેન જયંત પંડયાએ ખરાઈ કરવા બે મહિલા સહિત પરિવારે મોકલતા ધનબાઈ ભુઈમાએ સમસ્યાના ઉકેલ માટે બાળકો જમાડવા, માંડવા કરવાના ખર્ચ દસ થી વીસ હજાર આપ્યો હતો. ભુવા ગોરધનભાઈએ મેલીવિદ્યા દૂર કરવા લોઢાની સાંકળ ઉપાડી પ્રયોગ શરૂ કરે તે પહેલા ડમી માણસોને વાત ફેરવવી પડી હતી. જાથાના માણસો સાંકળનો માર ખાવામાં માંડ માંડ બચ્યા હતા. પુરાવા મળી જતા પર્દાફાશનું નક્કી થયું હતું.

જાથાના જયંત પંડયાએ મુખ્યમંત્રી સહિત રાજકોટ રેન્જ આઈ.જી.પી. દેવભૂમિ દ્વારકાના એસ.પી. વિગેરેને પત્ર પાઠવી પોલીસ બંદોબસ્તની માંગણી કરવામાં આવી હતી. રાજકોટથી ટીમના સદસ્યો રમેશ પરમાર, રવિ પરબતાણી, અંકલેશ ગોહિલ, રોમિત રાજદેવ, ગુલાબસિંહ ચૌહાણ, ભાવનાબેન વાઘેલા એડવોકેટ, ભાનુબેન ગોહિલ, સ્થાનિક કાર્યકરો દ્વારકા પોલીસ સ્ટેશને પહોંચી ગયા હતા.

જાથાના જયંત પંડયાએ રાજકોટ રેન્જના આઈ.જી.પી.

**રાજકોટ પલાણ પરિવારે ૧૮ લાખ આપી ભુઈને મંદિર સાથે ઘર રીપેર કરાવી દીધું. દાણા–ભસ્મ આપી લોકોના દુઃખ-દર્દ મટાડવાનો દાવો પોકળ નીકળ્યો. આલબાઈ, ગાત્રાળ માતાજીની ભુઈની મદદે કોઈ ન આવતા રડી પડયા. માતાજીનો માંડવો, બાળકોના જમણવારના નામે રૂપિયા ખંખેરતા હોવાનું બહાર આવ્યું. ભુવો ગોરધનભાઈ મેલીવિદ્યા દૂર કરવા લોઢાની સાંકળનો ઉપયોગ કરતો હતો**

અશોકકુમાર યાદવને મોબાઈલ ઉપર વાત કરતાં બંદોબસ્ત માટે પો.ઈન્સ. ભટ્ટને જરૂરી સુચના આપવામાં આવી હતી. જેથી પી.એસ.આઈ. એમ. ડી. કલોતરા, હેડ કોન્સ્ટે. રાજદિપસિંહ હરિશચંદ્રસિંહ, પો.કોન્સ્ટે. ઋતુરાજસિંહ હરદેવસિંહ, મહિલા કોન્સ્ટે. ઉર્વિશાબેન મનજીભાઈ, પોલીસ સ્ટાફ જીપ્સી સાથે ફાળવવામાં આવ્યો હતો.

જાથાના જયંત પંડયા, ટીમ અને પોલીસ સ્ટાફ એકતા ગરબી ચોકમાં ભુઈ ધનબાઈના ઘરે પહોંચી ગયા. સવારના ભુઈના ઘરે પાંચ-છ લોકો જોવડાવવા બેઠા હતા. બપોર પછી બે મહિલા જોવડાવતી હતી. તેમણે બે હજાર, ચાર હજાર રકમ મુકી હતી. જોવાનું કામ ચાલુ હતું. જાથાએ પરિચય આપી ભુઈ-ભુવાને જણાવ્યું કે તમારા વીસ થી બાવીસ વર્ષથી ચાલતા ધતિંગ બંધ કરાવવા આવ્યા છીએ, દાણા-ભસ્મ પીવડાવું, બિમારને સારવારમાં બાધા નાખવી, માતાજીના બાના પહેરાવી નવી ભુઈમા સ્થાપવી, ધૂણવાનું શીખવવું જેનાથી સમાજનું અહિત થાય છે. અમુક પ્રવૃત્તિ નવા વિધેયક મુજબ ગુન્હાને પાત્ર છે. ભુઈમાના અંગો કામ કરતા બંધ થઈ ગયા હતા, હિંમત આપવી પડી. ગળામાં પાણીનો સોસ પડતો હતો. જાથાએ મદદ કરી હતી. ખરે સમયે માતાજી મદદે આવ્યા ન હતા. બંને ભાંગી પડયા. કાયમી દોરા-ધાગા, દાણા-ભસ્મ આપવું બંધની જાહેરાત કરી દીધી. સ્થળ ઉપર હાથ જોડી પગે લાગવાનું શરૂ કરી દીધું હતું. રહીશોમાંથી એકપણ મદદે આવ્યું ન હતું. જાથાની કામગીરી ગમતી હતી. ભુઈ-ભુવાને પોલીસ સ્ટેશને લાવવામાં આવ્યા હતા. બંનેની નિઃસહાય અવસ્થા જોવા મળતી હતી. જાથાએ રૂબરૂમાં પી.એસ.આઈ. કલોતરાને અલગ પત્રથી અટકાયતી પગલાનો પત્ર આપ્યો હતો. ભુઈ-ભુવાએ રાજકોટ પલાણ પરિવારની મદદથી માતાજીનું મંદિર રીપેર કરાવી લીધું. બાનુ પહેરાવેલ મહિલાને ધીમે ધીમે ધ્રુજારી આવે છે, સરખુ ધૂણી શકતી નથી. તલવાર લઈ ઠેકડા મારવાનું માંડ માંડ શીખે છે. અમારા તરફ ખુબ આસ્થા છે. નવી ભુઈને પતિને કેમ પગે લગાડવું તેની તાલીમ આપવામાં આવે છે. ધતિંગના રહસ્યો ખોલી નાખ્યા હતા. બંનેએ સ્વૈચ્છિક બંધ-કબુલાતનામું આપવા સહમતિ દર્શાવી હતી.

કબુલાતનામામાં હું ધનબાઈ, ભુવા ગોરધનભાઈ નારણભાઈ લુનાવીયા, આલબાઈ માતાજી, ગાત્રાળ માતાજીની સેવા-પૂજા કરીએ છીએ. લોકોના દુઃખ-દર્દ, દાણા જોવાનું કામ કરતા હતા. આજથી છેલ્લા ૨૦ થી ૨૨ વર્ષથી ઘરમાં માતાજીના સ્થાનકે જોવાની તમામ પ્રવૃત્તિ બંધની જાહેરાત કરીએ છીએ. લોકોની માફી માંગી જોવાનું બંધની જાહેરાત કરીએ છીએ.

જાથાએ દ્વારકામાં ૨૨ વર્ષથી ધતિંગલીલા કાયમી સમાપ્ત કરતાં ગામમાં ખબર પડતાં ઠેર-ઠેર પ્રશંસા કરતા જોવા મળ્યા હતા. ભુઈ-ભુવાની મદદે કોઈ ન આવવું સૂચક હતું. ભુઈનું માતાજીનું મંદિર રાજકોટ પલાણ પરિવારે આકર્ષક બનાવી દીધું હતું. તેની કદરમાં મહેમાનગતિનો લાભ મળ્યો હતો. જાથાએ ૧૨૬૨ મો સફળ પર્દાફાશ કર્યો હતો.

જાથાના ચેરમેન પંડયાએ પોલીસ સ્ટેશનથી રાજકોટ રેન્જના આઈ.જી.પી. અશોકકુમાર યાદવનો વિશેષ આભાર માન્યો હતો. જાથાને દિલથી મદદ કરી હતી.

ભુઈ-ભુવાના પર્દાફાશમાં પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. ભટ્ટ, પી.એસ.આઈ. એન. ડી. કલોતરા, મહિલા પી.એસ.આઈ. ચુડાસમા, પી.એસ.આઈ. જાડેજા, રાઈટર, પી.એસ.ઓ., સ્થળ ઉપર રાજદિપસિંહ હરિશચંદ્રસિંહ, ઋતુરાજસિંહ હરદેવસિંહ, મહિલા કોન્સ્ટે. ઉર્વિશાબેન મનજીભાઈએ મદદ કરી હતી. જાથાની ટીમના અંકલેશ ગોહિલ, રોમિત રાજદેવ, ગુલાબસિંહ ચૌહાણ, રવિ પરબતાણી, રમેશ પરમાર, ભાવનાબેન વાઘેલા એડવોકેટ, ભાનુબેન ગોહિલે ઉત્કૃષ્ઠ કામગીરી કરી હતી.

## દુધાળા ગામે મોટર સાયકલના હપ્તા બાબતે તલવાર વડે હુમલો : ૨ સામે ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૪

વિસાવદરના દુધાળા ગામે મોટર સાયકલના હપ્તાની ઉઘરાણી કરી, હપ્તો આપવાની ના પાડતા તલવાર વડે હુમલો કર્યાની બે વિરૂધ્ધ વિસાવદર પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર વિસાવદર પોલીસ મથકે મહેશભાઈ રમેશભાઈ પાટડીયાએ પોપટ અને સોયબ રહે.બંને વિસાવદર વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપીઓએ ફરીયાદી પાસે મોટર સાયકલના ફાઈનાન્સના હપ્તાની માંગણી કરી ફરીયાદીએ હપ્તાના પૈસા આપવાની ના પાડતા આરોપીઓએ ઉશ્કેરાઈ જઈ ફરીયાદી તથા સાહેદને મારમારી, આરોપી સોયબે તલવાર વતી ફરીયાદી પર હુમલો કરી બંને હાથમાં ઈજાઓ કર્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ભેંસાણના ખારચીયા ગામની સીમમાં જાહેરમાં જુગાર રમતા ૫ ઝડપાયા


(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૪

ભેંસાણના ખારચીયા ગામની સીમમાં જાહેરમાં જુગાર રમતા ૫ શખ્સોને ભેંસાણ પોલીસે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર ભેંસાણ પોલીસે ખારચીયા ગામની સીમમાં જુગાર અંગે દરોડો પાડતા જાહેરમાં જુગાર રમતા બદરૂભાઈ મામૈયાભાઈ વાંક, હરેશભાઈ ભાભલુભાઈ વાંક, રમેશભાઈ બોઘાભાઈ સોલંકી, ધનજીભાઈ નાનજીભાઈ વોરા, રવજીભાઈ ગેલાભાઈ દાફડાને ૧૧૧૪૦ રોકડ સાથે ઝડપી લઈ ભેંસાણ પોલીસ મથકે ધોરણસરની કાર્યવાહી કરી છે.

# ગુજરાતમાં સમાન નાગરિક સંહિતાના ડ્રાફ્ટ માટે રચવામાં આવેલી ઉચ્ચ સ્તરીય સમિતિની બેઠક નવી દિલ્હીના ગુજરાત ભવન ખાતે યોજાઈ





(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧૪

ગુજરાતમાં સમાન નાગરિક સંહિતા(UCC) કાયદાનો મુસદ્દો તૈયાર કરવા માટે સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ (નિવૃત્ત) રંજના દેસાઈની અધ્યક્ષતામાં રાજ્ય સરકારે રચેલી પાંચ સભ્યોની ઉચ્ચ-સ્તરીય સમિતિની બેઠક નવી દિલ્હીના ગુજરાત ભવન ખાતે યોજવામાં આવી હતી. રાજ્ય માટે પ્રસ્તાવિત UCC (યુનિફોર્મ સિવિલ કોડ)ના ઉદ્દેશો, અવકાશ અને રૂપરેખા અંગે આ બેઠકમાં સમિતિના સભ્યોએ મહત્વપૂર્ણ ચર્ચા કરી હતી. સમિતિના અધ્યક્ષ રંજના દેસાઈ અને સમિતિના અન્ય સભ્યો નિવૃત્ત વરિષ્ઠ IAS અધિકારી સી.એલ. મીના, એડવોકેટ આર.સી. કોડેકર, ભૂતપૂર્વ કુલપતિ દક્ષેશ ઠાકર અને સામાજિક કાર્યકર્તા ગીતાબેન શ્રોફ આ મહત્વપૂર્ણ બેઠકમાં ઉપસ્થિત રહ્યાં હતાં. આ બેઠકમાં ચર્ચા દરમ્યાન, સમિતિએ વિવિધ હિતધારકો સાથેના સમાવિષ્ટ પરામર્શ દ્વારા વર્તમાન કાયદાઓની વ્યાપક સમીક્ષા માટે પોતાના દ્રષ્ટિકોણની રૂપરેખા આપી હતી. આનો ઉદ્દેશ ગુજરાત રાજ્યના તમામ નાગરિકો માટે ન્યાય, સમાનતા અને સામાજિક સુમેળને સુનિશ્ચિત કરતું પ્રગતિશીલ અને સશક્ત કાનૂની માળખું વિકસાવવાનો છે. સમિતિએ મહિલાઓ અને બાળકોને સમાન અધિકારો પૂરા પાડવા અને સામાજિક માળખાને મજબૂત બનાવવા માટે, ખાસ કરીને વ્યક્તિગત કાયદાઓમાં સમાવેશકતા, ન્યાયિક સમાનતા અને એકરૂપતાના મહત્વ ઉપર ભાર મૂક્યો હતો. ઉલ્લેખનીય છે કે, આ સમિતિ પોતાનો અહેવાલ ગુજરાત સરકારને સુપરત કરશે તે રાજ્યના ભાવિ કાનૂની માળખાને આકાર આપવામાં

**જોઈએ છે**

ગાદોઈ ટોલ પ્લાઝામાં ટીસી સ્ટાફ માટે છોકરીઓની જરૂર છે. ટોલ પ્લાઝા ઓફિસનો સંપર્ક કરવો

ઇંદ્રદીપ કન્સ્ટ્રકસન

ભાજપ મોવડીમંડળે જેમના ઉપર વિશ્વાસ મુકી કોર્પોરેશનનું સુકાન સોંપ્યું

# જૂનાગઢનાં પદાધિકારીઓએ ભાજપની આબરૂનું ધોવાણ કરી નાખ્યું!

**રાજકોટ, અમદાવાદ, સુરત, ગાંધીનગર, વડોદરા સહિતનાં મહાનગરમાં ભાજપનાં પદાધિકારીઓએ સ્વર્ગસમા સીટીનું નિર્માણ કર્યુ અને જૂનાગઢનાં કેટલાક જૂનાગઢ ભાજપનાં કોર્પોરેશનનાં પદાધિકારીઓએ વિકાસને બદલે વિનાશ અને પ્રજાનાં પ્રશ્ન હલ કરવામાં નબળા અને અણ આવડતનાં કારણે સાબીત થયા : પ્રજા તેનો ચૂંટણીમાં જવાબ આપશે**
















**ગુજરાત સરકારે ૮ મહાનગરપાલિકામાં અઢળક રૂપિયા આપ્યા છે અને જૂનાગઢને બાદ કરતા અન્ય ભાજપ શાસિત મહાનગરપાલિકાએ વિકાસનાં કાર્યો કર્યા છે ત્યારે જૂનાગઢ કોર્પોરેશનમાં કેમ વિકાસ ન થયો ? જૂનાગઢનાં લે-ભાગુ અને ભાજપની આબરૂનું દેવાળું કાઢતા નેતાઓને ઘરભેગા કરી દેવાનો સમય આવી ગયો છે.**

જૂનાગઢ તા. ૧૪

જૂનાગઢ મનપાની ચૂંટણી હવે એકદમ દરવાજે પહોંચી ગઈ છે. પરંતુ આ ચૂંટણી અંગે ખાસ કરીને શીસ્તબધ્ધ અને સિધ્ધાંતવાદી પક્ષ એવા ભાજપ સામે તેમના કેટલાક જૂનાગઢ કોર્પોરેશનનાં ગત શાસનનાં પદાધિકારીઓની અણઆવડત, ભ્રષ્ટાચારી અને કહેવાતીકર્મ લીલા (પાપ લીલા)ને કારણે જૂનાગઢ શહેર જે નર્કાગાર જેવી સ્થિતિમાં પ્રસરી ગઈ છે તેને લઈને રોષનો જવાળામુખી લોકોમાં જોવા મળે છે અને ચૂંટણીમાં જ તેનો પડઘો પડે તો નવાઈ નહી તેવું આમજનતામાં ચર્ચાઈ રહયું છે.

જૂનાગઢ મનપાનાં અસ્તિત્વથી લઈને અત્યારસુધીમાં જૂનાગઢની પ્રજાએ અનેકવાર ભાજપની ઝોળી છલકાવી છે અને ભાજપને કોર્પોરેશનનું રાજ આપ્યું છે. આટલા વર્ષો દરમ્યાન રાજય સરકાર તેમજ કેન્દ્ર સરકાર દ્વારા અઢળક નાણાંઓ આપવામાં આવતા હોવા છતાં જૂનાગઢનો કોઈ વિકાસ થયો નથી, તેટલું જ નહી રસ્તાઓનાં રમખાણો, ઠેરઠેર ખાડાઓ અને અધોગતીની ગરકામાં જૂનાગઢવાસીઓ આજે જીવી રહયા છે. ગુજરાત અને દેશ ૨૧મી સદી પાર કરીને અગ્ર સ્થાને પહોંચેલ છે ત્યારે જૂનાગઢ ૧૮મી સદીમાં જીવતું હોય તેવું લાગે છે. ભાજપ એટલે મુળ જનસંઘી અને આરએસએસનાં સિધ્ધાંત સાથે જોડાયેલો ધર્મનિષ્ઠ અને પાલનબધ્ધ પક્ષ ગણાય છે. દિનદયાળ ઉપાધ્યાયથી લઈ અટલ બિહારી વાજપાઈ, લાલકૃષ્ણ અડવાણી, મુરલી મનોહર જોષી, ગાયત્રી દેવી, ઉમાભારતી તેમજ હાલનાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી કે જેઓએ ગુજરાતનાં મુખ્યમંત્રી પદે ૧૨ વર્ષ કરતા વધુ રાજ કરીને ભાજપને છેક દિલ્હીનાં દરબાર સુધી પહોંચાડેલ અને વિશ્વમાં પણ ભારતને આર્થિક સહિતનાં અનેક ક્ષેત્રોમાં અગ્રેસર કર્યુ છે તેવો આ ભાજપ પક્ષ છે અને આ ભાજપનાં જ એટલે કે જૂનાગઢનાં પીઢ રાજકીય અગ્રણી સુર્યકાન્તભાઈ આચાર્ય, નારસિંહભાઈ પઢીયાર, હેમાબેન આચાર્ય, ભાવનાબેન ચિખલીયા સહિતનાં આ રાજકીય મહાનુભાવોએ પણ જૂનાગઢને મજબુત કર્યુ છે તેમજ જૂનાગઢ અને જીલ્લાનો વિકાસ સર્વાંગી થાય તેવું સ્વપ્નુ સેવ્યું હતું. આ સાથે જ લોકોએ પણ ભાજપ ઉપર વિશ્વાસ મુકી બે-ત્રણ વાર કોર્પોરેશનમાં બહુમતી અપાવી આપણું શહેર સ્વચ્છ અને રળિયામણું બને તેવા સ્વપ્ન સેવ્યા હતા તો બીજી તરફ સિધ્ધાંતોને વળેલા ભાજપનાં વરીષ્ઠ નેતાઓએ જૂનાગઢનું શાસન એક વિશ્વાસ મુકી જે કાર્યકરોની પસંદગી કરી તેમને મહાનગરપાલિકાનાં પદાધિકારી તરીકે મુકવામાં આવેલા એવા કેટલાક પદાધિકારીઓએ જૂનાગઢમાં ભાજપની આબરૂનું ધોવાણ કરવામાં કંઈ બાકી રાખ્યુ નથી. લોકશાહીમાં પ્રજાકીય તંત્ર એટલે આમ જનતાનું રાજ કહેવાય અને એક જનતાનાં પ્રતિનીધિ તરીકે કોર્પોરેશનનો વહીવટ ચલાવવો જોઈએ પરંતુ તેના બદલે ભાજપનાં ગત બોડીનાં કોર્પોરેશનનાં કેટલાક પદાધિકારીઓએ પોતાના બાપની પેઢી હોય તેવો વહીવટ ચલાવ્યો, એટલું જ નહી પોતાના ઘર ભરી લીધા અને જયાં કોર્પોરેશનની જગ્યાઓ હોય ત્યાં પોતાના ગેરકાયદેસર બાંધકામોનાં ખડકલા કરી દીધા. આવી ગંભીર પરિસ્થિતિને કારણે જૂનાગઢની જનતા ૨૦ જૂન ૨૦૨૩નાં ભયંકર ચોમાસામાં થયેલ તારાજીનું તાંડવ નિહાળ્યું અને લોકોનાં જીવ પડીકે બંધાઈ ગયા હતા. વિકાસને બદલે વિનાશની લીલા જ આ પદાધિકારીઓએ કરી છે અને તેની સામે લોકો આગબબુલા છે. આજે નોંધ પાત્ર બાબત એ છે કે ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીનું શાસન, કેન્દ્રમાં પણ ભાજપની સરકાર, જૂનાગઢનાં સાંસદ પણ ભાજપનાં, ધારાસભ્ય પણ ભાજપનાં અને કોર્પોરેશન પણ ભાજપનું તો પછી જૂનાગઢ મહાનગરનું ચિત્ર રળીયાણું વિકાસશીલ કેમ ન બની શકે ? તેવો સવાલ આજે સળગતા અંગારાની માફક ચર્ચાસ્પદ બનેલ છે. ભાજપ સંચાલિત કોર્પોરેશન છે ત્યાં ટનાટન વિકાસ થયો છે. જેમાં અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, રાજકોટ, જામનગર, સુરત, ભાવનગર સહિતનાં મહાનગરોમાં જો ટનાટન વિકાસ થતો હોય તો જૂનાગઢમાં કેમ નહી ? તેવો સવાલ પણ ઉઠવા પામ્યો છે. ભાજપ પક્ષની આબરૂ અને છબિ કાયમને માટે જનતાનાં હૃદયમાં છે જ પરંતુ લોકોને ફકતને ફકત રોષ જૂનાગઢના કહેવાતા આ છાપેલા કાટલા સામે છે કે જેઓએ મોવડીમંડળે મુકેલા વિશ્વાસની ધજીયા ઉડાડી દીધી છે અને ભાજપની આબરૂનાં કાકરા કર્યા છે ત્યારે મહાનગરપાલિકાની ચૂંટણીમાં આ વખતે પણ ભાજપ દ્વારા જે કેટલાક ઉમેદવારો છે તેનો છેડો કયાંકને કયાંક છાપેલા કાટલા તરફ જાય છે અને એટલા માટે જ આવા લોકોને શાસનમાં આવતા રોકવા માટે જનતા જનાર્દન મક્કમ બનીને મતદાન રૂપી ઈંટનો જવાબ પથ્થરથી આપશે તેવું ચર્ચાઈ રહયું છે.

# જૂનાગઢ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ટિકીટ આપવામાં ત્રિપુટીની ભુંડી ભૂમિકા બહાર આવી : નેતાગીરી ચોંકી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૪

જૂનાગઢ મહાનગર ભાજપ ઉપર જ નહી પરંતુ ઉપર એક હથ્થું અને તે પણ કાયમી કબ્જો રહે તેવા બદ ઈરીદા સાથે કહેવાય છે કે એક વખતના બે જાની કટર વિરોધી બારણેથી એવી કોઈ રાજકીય કુટ નિતિ સાથેનું ગઠન બંધન રચાયું કે ઉમેદવારી પત્રો ભરવાના અંતિમ દિવસના હોય તે રીતે આખે આખી ઉમેદવારોની યાદી બહાર પાડવા ખુદ મોવડી મંડળને મજબુર થવું પડેલ પરંતુ ગમે તેવું

**સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનો અહેવાલ ૧૨ કલાક માં.. ગાંધીનગરની ચોટ પર ટકરાયો... ત્રિપુટીની ભેદી રાજ રમત લેઉવા પટેલ સમાજમાં ફેલાયેલા ઘુઘવાટની ગંભીર નોંધ લેતું ..ભાજપનું મોવડી મંડળ..**

મહાનગરપાલિકા જૂનાગઢના સમગ્ર આર્થિક વ્યવહારો એવં બાંધકામો એવં વિકાસના નામે વાપરવામાં આવનાર ગ્રાન્ટ એવા એક અગ્રણી તેમજ શહેર ભાજપનાં એક આગેવાનએ હાથ મિલાવી અને ચૂંટણી પ્રભારી સહિતનાંઓએ પાછલા વહેલા પરોઢીયે(ગુલાબી ઠંડીમાં મીઠી નિદરની મોજ નગરજનો માણતા હતા તેવા સમયે) આજ સુધીના ઈતિહાસમાં ન બન્યું પાપ પણ આખરે છાપરે ચડીને પોકારે તેમ ઉમેદવારોના નામની યાદી જોતાં જ આ ત્રિપુટીની રાજકીય ચાલની ગંધ વિવિધ સમાજના ભાજપના આગેવાનોને આવી જતા એવો તો રોષ ફાટી નિકળ્યો કે રાતોરાત પ્રદેશ મહા મંત્રીને જૂનાગઢ દોડી આવવું પડેલ.

આટલું મોટું ષડયંત્ર રચ્યું હોવા છતાં કહેવાતું આ ત્રિપુટીની ઉપર સુધી રાજકીય તાકાત કેટલું હશે કે રત્નાકારને જૂનાગઢ લેઉવા પાટીદાર સમાજ કે જેના બળુકા નેતાઓને ગણકાર્યા વગર સાગમટે ત્રણ ત્રણ ટીકીટો કાપી નાખીને પોતાની હા જી હા કરનારા લેઉવા પટેલ સમાજમાં કોઈ સામાન્ય નામ નથી તેવાઓને ટીકીટ આપી તેનો લેઉવા પટેલ સામાજમાં ફેલાયેલા રોષની રત્નાકરને ગંધ પણ ન આવવા દેતા રત્નાકર એક માત્ર પ્રજાપતિ સમાજને મળીને જતા રહયા હોવાની વાત વાયુ વેગે જૂનાગઢના લેઉવા પાટીદારમાં ફેલાય જતા તે અંગેનાં સમાચાર આ દૈનિકે કોઈ પણની શેહ શરમ કે દબાણને વશ થયા વગર આ કહેવાતી ત્રિપુટીની ભેદી રાજ રમત ખુલી પાડતા તેનો સિધ્ધો રેલો ગાંધીનગરનાં નેતાઓની ખુરશી સુધી પહોંચતા લેઉવા પટેલ સમાજના અગ્રણી અને કુષિમંત્રી રાઘવજી પટેલને તાબડતોડ આગ ઠારવા દોડાવ્યા એટલું જ નહીં હજુ તે ગાંધીનગર પહોંચે તે પહેલાં જયેશ રાદડીયાને જૂનાગઢ દોડી જવાનો મોવડી મંડળનો આદેશ છુટતા તે પણ ડેલીએ હાથ દેવા તો આવ્યા પણ પટેલ સમાજનો રોષ ઘટવાને બદલે વધુ ફાટયો હોય તેમ આજે કદાચ ગોરધન ઝડફીયા પણ આવે તેવું જાણવા મળેલ છે. જે હોય તે પણ આ કહેવાતી જૂનાગઢ ભાજપની ત્રિપુટીની ભયંકર ભેદી રાજ રમત એવં ભ્રષ્ટ વ્રુતિની નોંધ ભાજપ મોવડી મંડળે ગંભીર પણ લીધી હોય તેમ ચૂંટણી પરિણામ પછી જૂનાગઢ ભાજપમાં કોઈ નવા જ પક્ષીય સમિકરણોમાં મોટા પ્રમાણમાં બદલાવ આવનાર હોવાના સંકેતો ઉભા થાય તેટલી હદે સૌરાષ્ટ્ર ભૂમિના રાજકીય અહેવાલની નોધ ભાજપ મોવડી મંડળે લેવી પડી હોવાનું જાણવા મળેલ છે. અને ચૂંટણી બાદ ધરખમ ફેરફાર તોળાઈ રહયો હોવાનુ સુત્રોમાંથી જાણવા મળે છે.

# જૂનાગઢમાં ભારતીય જનતા પાર્ટી પ્રેરિત સિંધી સમાજનું વિશાળ સંમેલન યોજાયું



**વોર્ડ નં.૬ અને ૭નાં સંયુકત ઉમેદવારોને જંગી બહુમતીથી વિજેતા બનાવવા અપીલ કરાઈ**

જૂનાગઢ તા. ૧૪

જૂનાગઢ મનપાની ચૂંટણી અંતર્ગત ગઈકાલે ઝુલેલાલ મંદિર પાસે આદર્શનગર ખાતે સાંજે ૮.૪૫ કલાકે ભારતીય જનતા પાર્ટી પ્રેરિત સિંધી સમાજનું એક ભવ્ય સંમેલન યોજવામાં આવ્યું હતું. આ સંમેલનમાં જૂનાગઢનાં ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા તેમજ સિંધી સમાજનાં અગ્રણી કાળુભાઈ સુખવાણી અને યુવા ભાજપ પ્રદેશ કારોબારી સભ્ય નિતિનભાઈ સુખવાણી સહિતનાં અગ્રણીઓ ઉપસ્થિત રહયા હતા. મનપાની ચૂંટણીને ધ્યાને લઈ યોજાયેલા આ સંમેલનમાં વોર્ડ નં.૬ અને ૭ના ઉમેદવારોને જંગી બહુમતીથી ચુંટી કાઢવાની અપીલ કરવામાં આવી હતી. આ તકે ઉપસ્થિત સિંધી સમાજ દ્વારા ભારતીય જનતા પાર્ટીને સંપૂર્ણ સહયોગ આપવાની ખાત્રી આપવામાં આવી હતી.

# જૂનાગઢ મહાનગરપાલિકા ચૂંટણીજંગમાં આજે સાંજથી પ્રચાર પડઘમ શાંત



આચારસંહિતા મુજબ આજે સાંજથી ભુંગળાઓ બંધ થશે એટલે કે પ્રચાર પડઘમ શાંત થશે. અને

જૂનાગઢ તા. ૧૪

જૂનાગઢ મનપાની આગામી તા. ૧૬ ફેબ્રુઆરીનાં રોજ યોજાનારી ચુંટણી માટે આરપારની લડાઈ અને અસ્તીત્વનાં જંગ સમો ચુંટણી પ્રચાર અંતિમ ચરણમાં પહોંચી ગયો છે અને આજે સાંજનાં પાંચ વાગ્યાથી પ્રચાર પડઘમ શાંત થશે. અને આ સાથે જ ઉમેદવારો ડોર ટુ ડોરનું પ્રચાર તંત્રને વેગવાન બનાવશે તેમ જાણવા મળે છે.

જૂનાગઢ મનપાની ચુંટણી આડે માત્રનો માત્ર ગણતરીનાં કલાકો જ બાકી રહયા છે. ચુંટણી ઉમેદવારોના છેલ્લા ઘડી સુધીના પ્રચાર કાર્યને અતિ વેગવાન બનાવી દેવામાં આવશે. છેલ્લા બે દિવસ થયા ભાજપ, કોંગ્રેસ, આપ, એનસીપી, એઆઈએમઆઈ અને અપક્ષો સહીતનાં ઉમેદવારો ભારે દોડધામ કરી રહયા છે અને ચુંટણી માટેની તૈયારી અંતિમ કક્ષામાં પહોંચી ગઈ છે તો બીજી તરફ જીલ્લા વહીવટી તંત્ર અને જીલ્લા પોલીસ તંત્ર દ્વારા પણ જૂનાગઢ મનપાની ચુંટણી નિર્ભય રીતે અને શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તે માટેની વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે. અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવી રહયો છે.